CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૭૩
તા.૧૯-૦૪-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ વૈશાખ સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૭ સૂર્યાસ્ત : ૦૭:૦૧

તાપમાન: ડીસા ૪૧.૪, અમદાવાદ ૪૧, ગાંધીનગર ૪૧, વડોદરા ૪૧, સુરત ૪૧, નલિયા ૩૭.૨

ચાંદી : ૩૯,૫૦૦ સોનું : ૩૨,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# રોકડ કટોકટી હજુ પાંચ દિવસ ચાલુ રહેવાની સંભાવના

## વિચાર વૈભવ...

આજકાલ વાલીઓને પોતાના સંતાન માટે સંતોષ કરતાં સમસ્યાઓની ફરિયાદ વધારે હોય છે. આજ્ઞાકારી નથી, ઉદ્ધત છે, સાંભળતો નથી, ભણવામાં રસ નથી, આ તો 'સર્વ માન્ય' - રોજની ફરિયાદ છે. વિશેષ વ્યસન અને કુટેવો તો વધારામાં...

એક નવદંપતી લગ્નના ઉત્સાહ પછી આદર્શ પ્રજોત્પતિ માટે ચિંતક વિલિયમ ચેનિંગને મળવા આવ્યું અને પૂછ્યું, અમારે 'નેપોલિયન' જેવો એક સમર્થ પુરુષ તૈયાર કરવો હોય તો શું એ શક્ય બની શકે?

ચેનિંગ કહે, અરે નેપોલિયન તો શું! એનાથી ચઢિયાતો શક્તિશાળી માનવી જરૂર તૈયાર થઈ શકે.

દંપતી કહે, તો અમારે શું કરવું જરૂરી છે?

વિલિયમ એલટી ચેનિંગ કહે, જો એક ચારિત્ર્યવાન દંપતી, ઈશ્વર અને ધર્મમાં વિશ્વાસ રાખી વ્યવહારમાં શુદ્ધ-નિષ્ઠાનું આચરણ કરે, સંતાનમાં નીતિ અને કર્તવ્યનિષ્ઠાના સંસ્કારના આદર્શ આપે, લાલચ અને પ્રલોભન સામે લડવાની તાકાત આપે, જીવનમાં અનેક મુશ્કેલીઓને સહન કરી, જ્ઞાન અને અનુભવનું ભાથુ બાંધી આપે તો બાળક નેપોલિયન કરતાં પણ વધારે શક્તિશાળી થાય. આમાં પતિ કરતાં પત્નિને બાળક માટે વિશેષ બલિદાન આપવું પડે છે.

- સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### તેજી પર અંતે બ્રેક : સેંસેક્સ ૬૩ પોઇન્ટ ઘટીને બંધ રહ્યો

મુંબઈ

શેરબજારમાં છેલ્લા નવ કારોબારી સેશનથી ચાલી રહેલી તેજી ઉપર બ્રેક મુકાઈ હતી. મૂડીરોકાણકારો ત્રિમાસિક ગાળાના પરિણામોને લઈને સાવધાન થયેલા છે. બીજી બાજુ બેંકિંગ અને ફાઈનાન્શિયલ શેરોમાં અફડાતફડી રહી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૬૩ પોઈન્ટ ઘટીને ૩૪૩૩૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩ પોઈન્ટ ઘટીને ૧૦૫૨૬ની નીચી સપાટીએ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં એક ટકાની આસપાસનો ઘટાડો રહ્યો હતો. બેંક ઓફ બરોડા, ઈન્ડિયન બેંક, આંધ્ર બેંક, ઓબીસી બેંક, સિન્ડિકેટ બેંક, યુનિયન બેંક, એસબીઆઈમાં ચાર ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તમામ શેરમાં ઘટાડો જોવા મળતા નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક બજારોમાં અંધાધૂંધી રહી હતી. શેરબજારમાં છેલ્લા નવ સેશનથી ચાલી રહેલી તેજી પર બ્રેક મુકાતા કારોબારીઓમાં આની ચર્ચા રહી હતી. જાપાનના શેરબજારમાં પ્રવાહી સ્થિતિ રહી હતી. ઈન્ડસબેંક અને ટીસીએસ ગુરુવારના દિવસે પોતાના આંકડા જારી કરશે. જ્યારે ક્રિસિલ, એચડીએફસી લાઈફ, તાતા સ્ટીલ, એચડીએફસી બેંક દ્વારા ૨૧મી એપ્રિલના દિવસે આંકડા જારી કરવામાં આવશે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને હાલમાં મોટી રાહત થઈ હતી. કારણ કે હોલસેલ કિંમતો પર આધારિત ફુગાવો આંશિકરીતે ઘટીને માર્ચમાં ૨.૪૭ ટકા થઈ ગયો હતો. શાકભાજી અને કઠોળની કિંમતમાં ઘટાડો થતા આ સ્થિતી સર્જાઈ હતી.

## દોઢ વર્ષ પહેલા એટીએમમાં આવી જ ખાલીખમની સ્થિતિ રહેતી હતી : નોટબંધીની યાદ તાજી થઈ

નવી દિલ્હી

નોટબંધીના આશરે દોઢ વર્ષ બાદ ફરી એકવાર રોકડની તંગી જોવા મળી રહી છે. કેટલાક રાજ્યોમાં હાલમાં ખાલીખમ થયેલા એટીએમ નોટબંધીના દિવસોની યાદ તાજી કરે છે. દેશના કેટલાક રાજ્યોમાં લોકો કેશની કટોકટીનો સામનો કરી રહ્યા છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, બિહાર, મધ્યપ્રદેમાં લોકોને રોકડ કટોકટીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ સરકાર અને આરબીઆઇ દ્વારા ડેમેજ કન્ટ્રોલ કવાયત હાથ ધરવામાં આવી છે. સરકાર અને આરબીઆઈ દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં આગામી ૫-૭ દિવસ સુધી રોકડની કટોકટી એટીએમમાં યથાવત થઇ શકે છે. એટીએમ કેશ ક્રન્ચની સ્થિતિ જોવા મળી શકે છે. એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહ બાદથી એટીએમમાં રોકડ રકમને લઇને તકલીફ ઉભી થઇ છે. બીજી બાજુ કન્ફડરેશન ઓફ એટીએમ ઈન્ડસ્ટ્રીનું કહેવું છે કે, દરરોજનો રોકડ પ્રવાહ બેંકોમાં પહોંચી રહ્યો છે.

નાણામંત્રી અરુણ જેટલી અને આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ કહી ચુક્યા છે કે, રોકડ કટોકટીને દૂર કરવાના પગલા લેવાઈ રહ્યા છે. એટીએમ કેશ ક્રન્ચની સમસ્યાનો ઉકેલ લાવવા સરકારે કહ્યું છે કે, ૫૦૦ની નોટની પ્રિન્ટિંગ આશરે પાંચ ગણી કરી દેવામાં આવી છે. જંગી નાણાનો પ્રવાહ રહે તેવી સ્થિતિ ઉભી કરવાના પ્રયાસ થઇ રહ્યા છે. કેટલીક બેંકોના ધિકારીઓનુ કહેવુ છે કે ૨૦૦૦ની નોટ બેંકોમાં પરત આવી રહી નથી. એવી અફવા છે કે કર્ણાટક ચૂંટણીમાં કેશ હોર્ડિંગના કારણે આ સમસ્યા સર્જાઇ રહી છે. ૨૦૦૦ની નોટ સંગ્રહ કરવામાં આવી રહી છે. જેથી એવી બાબતને પણ બળ મળે છે કે બ્લેક મની હોર્ડિંગ અનુસંધાન પાના નં.૬

### કઠુઆ-ઉન્નાવ દુષ્કર્મ પર પૂર્વ વડાપ્રધાને મોદીની ઝાટકણી કાઢી

## દુષ્કર્મ મુદ્દે મને સલાહ આપનાર મોદી આજે ચૂપ કેમ ? : મનમોહનસિંહ

**મારા મૌનની મજાક ઉડાવતા હતા, હવે તેઓ પણ કંઈક બોલે, બેક્રીંગ સિસ્ટમ ખાડે, સરકારમાં બેઠેલા લોકો પોતાના પદનો દુરુપયોગ કરી રહ્યા છે**

ન્યુ દિલ્હી

પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહ ધ્વારા નરેન્દ્ર મોદી પર ઉન્નાવ અને કઠુઆ ગેંગરેપ અંગે તીખા હુમલા કરવામાં આવ્યા છે. મનમોહન સિંહએ કહ્યું કે પીએમ મોદી જે સલાહ મને આપતા હતા તેનું પાલન કરવું જોઈએ. તેમને બોલતા રહેવું જોઈએ. મનમોહન સિંહ ધ્વારા જણાવવામાં આવ્યું કે તેઓ ખુશ છે કે પીએમ મોદીએ પોતાની ચુપ્પી તોડી. હવે તમને કહ્યું છે કે દેશની દીકરીઓને ન્યાય મળશે અને ગુનેગારોને છોડવામાં નહીં આવે.

પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહને જ્યારે પીએમ મોદી ધ્વારા લગાવવામાં આવતા મૌનમોહન પર પૂછવામાં આવ્યું ત્યારે તેમને ધારદાર જવાબ આપ્યો. તેમને કહ્યું કે મને આવા નિવેદનની આદત પડી ગયી છે. મેં મારુ આખું જીવન આવા નિવેદનો સાથે ગુજાર્યું છે. મને લાગે છે કે પ્રધાનમંત્રી મોદીએ પોતાની જ સલાહનું પાલન કરવું જોઈએ અને આવા સમયે થોડું વધારે બોલવું જોઈએ. મીડિયા ધ્વારા મને ખબર પડી હતી કે મારા નહીં બોલવાને કારણે તેઓ મારી આલોચના કરતા હતા. પરંતુ મને લાગે છે કે મોદીજી જે સલાહ લોકોને આપે છે તેનું પોતે પાલન કરે.

પીએમ મોદીની બળાત્કાર મામલે ચુપ્પી પર મનમોહન સિંહ ધ્વારા જણાવવામાં આવ્યું કે જે રીતે પ્રધાનમંત્રીએ બોલવામાં મોડું કર્યું તેને કારણે લોકોને વિચારવાનો મોકો મળ્યો કે દોષીઓ બચી શકે છે. મને લાગે છે કે જે લોકો સત્તામાં છે તેમને સમય પર બોલવું જોઈએ. જેના કારણે તેમના સમર્થકોને સાચું માર્ગદર્શન મળે. મનમોહનસિંહ ધ્વારા જણાવવામાં આવ્યું કે વર્ષ ૨૦૧૨ દરમિયાન દિલ્હી ગેંગરેપ ઘટના પછી અમારી સરકારે યોગ્ય પગલાં ભર્યા અને કાનૂનમાં બદલાવ કર્યા હતા.

જયારે મનમોહન સિંહને પૂછવામાં આવ્યું કે જમ્મુ કાશ્મીર મુખ્યમંત્રી મેહબૂબ મુફ્તીએ કઠુઆ ગેંગરેપ મામલો સારી રીતે હેન્ડલ કર્યો અનુસંધાન પાના નં.૬

### રાજ્યમાં અનેક સ્થળે પારો ૪૨ ને પાર

## ગરમીમાં વધારો : ડીસામાં ૪૧.૪ ડીગ્રી

**ઇડર, રાજકોટ, સુરેન્દ્રનગર, કંડલા પોર્ટ, કંડલા એરપોર્ટ રાજ્યમાં સૌથી ગરમ રહ્યા : અમદાવાદમાં પારો ૪૧**



અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીના પ્રમાણમાં ફેરફારની સ્થિતિ જોવા મળી છે. બપોરના ગાળામાં ગરમીના લીધે ત્રાહિમામ પોકારી ગયા હતા. આજે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. બહાર નિકળવાનું પણ ટાળ્યું હતું. બપોરના ગાળામાં વધતી ગરમીના કારણે લોકો હવે બહાર નિકળવાનું ટાળતા જનજીવન પણ ખોરવાઈ ગયું છે. રસ્તાઓ સુમસામ બની ગયા છે. આજે અનેક વિસ્તારોમાં પારો ૪૨થી પણ ઉપર પહોંચી ગયો હતો. આજે કંડલા એરપોર્ટ ખાતે સૌથી વધુ ગરમી નોંધાઈ હતી અને પારો ૪૨.૯ સુધી પહોંચ્યો હતો. હજુ પણ આગામી બે દિવસ દરમિયાન તાપમાનમાં વધારો થઈ શકે છે. એટલે કે લોકોને કોઇ રાહત નહીં મળે તેવી વકી છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૧થી ઉપર રહ્યો હતો. જ્યાં પારો ૪૧થી ઉપર રહ્યો હતો તેમાં અમદાવાદમાં ૪૧, ડિસામાં ૪૧.૪, ગાંધીનગરમાં ૪૧, અનુસંધાન પાના નં.૬

## બેંક ઓફ બરોડાની ડીસા શાખા સાથે રૂા.૫૯.૭૮ લાખની છેતરપીંડીની વધુ એક ફરિયાદ

**લાખણી તાલુકાના કમોડી ગામની જમીન પર ધિરાણ લઈ બેંક સાથે છેતરપીંડી આચરાઈ હોવાની બ્રાન્ચ મેનેજરની ફરિયાદ**

(પ્રતિ.) લાખણી, ડીસા

લાખણી તાલુકાના કમોડી ખાતે માતા-પુત્ર દ્વારા બેન્ક ઓફ બરોડાનું ૫૯.૭૮ લાખ ધિરાણ ન ભરવાના અને જમીન બોજા મુક્ત કરાવવાના ઈરાદાથી તેમજ બેન્કના નાણાં ડૂબાડવાના ઈરાદાથી બેન્કના ખોટા સિક્કા બનાવી

નો ડ્યુ સર્ટીમાં તેનો ઉપયોગ કરી જમીન બોજા મુક્ત કરાવતાં અને આ કાર્યમાં ૧૩૫-D ની નોટિસ બજવણી માં તલાટીએ મદદગારી કરતા બેન્ક ઓફ બરોડાની ડીસા બ્રાન્ચના ચીફ મેનેજરે આગથળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ડીસા તાલુકાના માલગઢ ગામના માતા-પુત્રએ તેમના ભોગવટા હેઠળની જમીન ઉપર ડીસાની બેન્ક ઓફ બરોડાની મેન બ્રાન્ચમાંથી ગીતાબેન તુલસીદાસ માળીએ તેમના ભોગવટા હેઠળની નવા રેવન્યુ સર્વે નંબર ૧૫૨, ૧૫૫, ૨૨૪ અને ૨૨૫ જમીન ઉપર કુલ ૩૦.૮૮ લાખ રૂપિયાનું ધિરાણ લીધું હતું. જ્યારે તેમના પુત્ર સંજય કુમાર તુલસીદાસ માળીએ તેમના ભોગવટાની લાખણી તાલુકાના કમોડી ગામની જમીન નવા રેવન્યુ સર્વે નંબર ૧૫૧, ૨૧૧, ૨૨૬ અને ૨૨૭ ની જમીન ઉપર ધિરાણ પેટે ૨૮.૯૦ લાખ રૂપિયા લીધા હતા. ત્યાર બાદ જમીન ઉપરનું આ ધિરાણ ભર્યા વગર જમીન બોજા મુક્ત કરાવવા માટે તેમજ બેન્કના રૂપિયા ડુબાડવા ના ઈરાદાથી બેન્કના ખોટા સિક્કા બનાવી તથા અધિકારીઓની ખોટી સહીઓ કરી સંજયભાઈએ નોંધ નંબર ૩૦૯૮ તથા ગીતાબેને નોંધ નંબર ૩૦૯૯ થી લાખણી મામલતદાર ઓફિસ ખાતે બેન્કનું અનુસંધાન પાના નં.૬

### માતા - પુત્રએ બેંકમાંથી કેવી રીતે રૂપિયા લીધા

ગીતાબેન તુલસીદાસે તેમની ભોગવટાની જમીન ઉપર ૨૦.૬૮ લાખ ધિરાણ પેટે, ૩.૯૦લાખ ફેન્સીગ વાડ પેટે તેમજ સફળ ૬.૩૦ લાખ ટ્યૂબવેલ બનાવવા માટે જ્યારે તેમના પુત્ર સંજય કુમાર તુલસીદાસે બેન્ક પાસે ૧૬.૭૦ લાખ ધિરાણ પેટે, ૬ લાખ ફેન્સિગ વાડ પેટે તેમજ ૬.૨૦ લાખ ટ્યૂબવેલ બનાવવા માટે બેન્ક પાસેથી રૂપિયા લીધા હતા.

### ગેરરિતી મુદ્દે મુખ્યમંત્રી લાલઘૂમ, તમામ કલેક્ટર-ડીડીઓને આપી ચીમકી

## પ્રમાણિક ઈરાદો ચાલશે પણ મેલાફાઈડ નહીં ચાલે : વિજય રૂપાણી

જી.એન.એસ ગાંધીનગર

હાલ રાજ્ય સરકાર બેફામ વધી રહેલા ભ્રષ્ટાચાર અને પાણીની ગંભીર કટોકટીને લઈને ઘેરાઈ છે. મુખ્યમંત્રી રાજ્યના જિલ્લા કલેક્ટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે આજે બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી ભ્રષ્ટાચાર મુદ્દે લાલઘૂમ થઈ ગયા હતા. તેમણે ડીડીઓને ચીમકી આપતા જણાવ્યું હતું કે, બોનાફાઈડ ઈન્ટેન્શન (પ્રમાણિક ઈરાદો) ચાલશે પણ મેલાફાઈડ નહીં ચાલે. સરકાર સાથે રહેશે પણ બાબત સ્પષ્ટ હશે નહીં તો જાતે ભોગવો તેવો સૂર સરકારનો આ બેઠકમાં હતો. ગુજરાત કેડરની કાર્યદક્ષતા ગુડ ગવર્નન્સ છબિની પરંપરા જિલ્લા કલેક્ટર્સ અને વિકાસ અધિકારીઓ સતત આગળ ધપાવશે. સાચી વ્યક્તિ કે નાનો માણસ દુ:ખી ન થાય તથા પોતાના કામ માટે એક પાઇ પણ ન આપવી પડે તેવો પારદર્શી અને સંવેદનશીલ અભિગમ અપનાવી જિલ્લા સરકાર તરીકે કાર્યરત રહી સરકારની પ્રતિષ્ઠા બનાવો.

આગામી દિવસોમાં સરકાર ભ્રષ્ટાચાર સામે સીધો જંગ કરશે. મુખ્યમંત્રી સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, જિલ્લાના વહીવટી વડા તરીકે પ્રો એક્ટિવ ભૂમિકા ભજવી સમસ્યાઓના નિવારણ માટે પ્રેરણારૂપ બનો. આમ રૂપાણી સરકારે સ્પષ્ટ શબ્દોમાં આગામી દિવસોમાં કામગીરી ભ્રષ્ટાચાર રહિત અને સારી કરવા માટે આઇએએસ અધિકારીઓને એક ચીમકી આપી દીધી છે.

## મોદીની બ્રિટનના વડાપ્રધાન મે સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

લંડન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બ્રિટિશ વડાપ્રધાન ટેરિઝા મે સાથે વાતચીત કરી હતી. લંડનમાં તેમની વચ્ચે સાનુકુળ માહોલમાં આ વાતચીત થઈ હતી. મિટિંગ દરમિયાન મોદીએ કહ્યું હતું કે, આના કારણે સંબંધોમાં નવી ઉર્જા આવશે. ચીન ઈન્ટરનેશનલ સોલાર એલાઈન્સનો હિસ્સો બન્યો છે તે ખુશીની બાબત છે. તેમનો વિશ્વાસ છે કે, માત્ર ક્લાઈમેન્ટ ચેંજની સામે આ જંગ નથી બલ્કે ભાવિ પેઢીઓ માટે પણ આ એક અભિયાન તરીકે છે. મોદીએ ટેરિઝા સાથે વાતચીત બાદ બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ સાથે વાતચીત કરી હતી. તેમની સાથે મોદીએ સાયન્સ એક્ઝિબીશનમાં ભાગ લીધો હતો. મોદીએ કહ્યું હતું કે, લિંગાયત સમાજના સંત બસશ્વેસરની જ્યંતિના પ્રસંગે અહીના લોકો સાથે મળવાની તક મળી છે. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે તમામ પક્ષો સંત બસશ્વેસરની જ્યંતિને યાદ કરી રહ્યા છે. તમામ પાર્ટીઓ લિંગાયત સમુદાયને પ્રભાવિત અનુસંધાન પાના નં.૬

## માંડલા ગામે દુકાનમાં આગ લાગતા દોડધામ



કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના માંડલા ગામે શાહ ચીનુલાલ દેવચંદભાઈ ની દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં દુકાનમાં રહેલા માલ સામાન, ફ્રીજ બળીને ખાખ થઈ જવા પામ્યું હતું. અંદાજે ૭ લાખનો સામાન બળી ગયો હોવાની શક્યતા છે. વિગત મુજબ દુકાન બંધ કરી ઘરે ગયા હતા. અને પરીવાર લગ્નમાં બહાર હતો તે સમયે સવારે ૧૦ વાગ્યાની આસપાસ દુકાનમાંથી શોર્ટ સર્કિટના કારણે ધુમાડા નિકળતાં દુકાન માલિક ચીનુભાઈ સત્વરે દુકાને આવી દુકાન ખોલી ગ્રામજનો દ્વારા પણ પાણી નાખી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં આગ કાબુમાં ન આવતાં થરાથી ફાયર ફાઈટર બોલાવવામાં આવેલ. ત્યારબાદ ફાયર ફાઈટર દ્વારા આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો.

## ભિલોડાના ખારી ગામે બે સંતાનો સાથે માતાનું અગ્નિસ્નાન : ત્રણેયનાં મોત

મોડાસા

ઉત્તર ગુજરાતમાં મોડાસા તાલુકાના ભિલોડા નજીક આવેલા ખારી ગામે એક પરિણીતાએ બે માસૂમ સંતાનો સાથે અગ્નિસ્નાન કરી લઇ સામૂહિક આત્મહત્યા કરી લેતા આ ઘટનાએ સમગ્ર પંથકમાં અરેરાટીની લાગણી જન્માવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ અંગેની વિગત એવી છે કે ભિલોડા તાલુકાના કરણપુરા ગામની સોનિયા નામની યુવતીના પાંચ વર્ષ પહેલાં ભિલોડા નજીક આવેલ ખારી ગામના દુર્ગેશ નામના યુવાન સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન દરમ્યાન આ દંપતીને ત્યાં જૈનીક (ઉ.વ. ૫) અને નિધિ (ઉ. ૧૦ માસ) નામના બે સંતાનો હતા.

લગ્ન બાદ બે વર્ષ સુધી બધું બરાબર ચાલતું હતું પરંતુ છેલ્લા કેટલાક વખતથી સોનિયા અને તેના પતિ દુર્ગેશ વચ્ચે નજીવી બાબતે અવારનવાર ઝઘડા થતા હતા. દુર્ગેશ સોનિયા માનસિક ત્રાસ આપી મારઝૂડ કરતો હોવાથી સોનિયા વારંવાર રિસાઇને તેના પિયરમાં ચાલી જતી હતી.

આ પછી સમાધાન થઇ જતા તે ફરી સાસરીમાં આવતી હતી. થોડા દિવસની શાંતિ બાદ ફરી સોનિયાની નણંદ મિત્તલ, દિયર રાઘવ અને પતિ દુર્ગેશ ભગોરા મેણાંટોણાં મારી ત્રાસ આપતા હોવાથી સોનિયાએ છેવટે કંટાળી જઇ બે દિવસ પહેલાં પોતાના ઘરમાં રાત્રી દરમ્યાન બંને બાળકો પર કેરોસીન છાંટ્યા બાદ પોતે પણ શરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દેતા ત્રણેયને ગંભીર પણે દાઝી ગયેલી હાલતમાં અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા જ્યાં ત્રણેયનાં મોત થતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## શામળાજી હાઈવે પર કારમાંથી રૂા.૪૫ લાખની રોકડ મળતાં ચકચાર

હિંમતનગર

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શામળાજી હાઈવે પર વાહન ચેકીંગ કરી રહેવા ટ્રાફીક પોલીસને શંકાસ્પદ લાગતી કારને ચેક કરતા કારમાં સવાર બે શખસો પાસેથી પિસ્તાળીસ લાખ રૂપીયા રોકડા મળી આવ્યા હતા. રાજસ્થાન થી અમદાવાદ તરફ બંને શખ્શો જઈ રહ્યા હતા અને રોકડને લઈ પોલીસે ગાંભોઈ પોલીસ મથકે કાર અને રોકડ સીઝ કરી આયકર વિભાગને કાર્યવાહી માટે જાણ કરી હતી.



સતીષ ભટ્ટ

હાલમા એક તરફ રોકડની અછત વર્તાઈ રહી છે ત્યાં જ હિંમતનગરના નવલપુર પાટીયા નજીક શામળાજી હાઈવે પર પૂરપાટ આવી રહેલી શંકાસ્પદ કારમાંથી ટ્રાફીક પોલીસને ૪૫ લાખ રુપીયા રોકડા મળી આવ્યા હતા. રાત્રી દરમ્યાન ટ્રાફીક પોલીસના મહિલા અધીકારી સહીતનાઓ વાહન ચેકીંગ કરી રહ્યા હતા એ દરમ્યાન રાજસ્થાન તરફથી આવી રહેલી એક શંકાસ્પદ કારને રોકીને તેની તલાશી લેતા જેમાંથી કારની બે શીટો વચ્ચે સંતાડી રાખેલી રોકડ રકમ પોલીસને મળી આવી હતી. રોકડ વિશે ટ્રાફીક પોલીસે પ્રાથમિક પૂછપરછ કરતા કોઈ જ યોગ્ય જવાબ નહી આપતા ગાંભોઈ પોલીસ મથકે લઈ જઈ તપાસ હાથ ધરી હતી અને વધુ કાર્યવાહી માટે આયકર વિભાગને જાણ કરી હતી. રોકડ સાથે કારમાં સવાર બંને શખ્શો રાજસ્થાનના ભીલ વાડાના હતા અને અમદાવાદ જઈ રહ્યા હતા.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

CMYK

**સૂર્યોદય - ૬.૧૭ સૂર્યાસ્ત - ૭.૦૧**

## તિથિદર્શન
વૈશાખ સુદ-૪ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ વૈશાખ સુદ :ચોથ ગુરૂવાર નક્ષત્રઃ રોહીણી રાત્રે ૧૦.૫૧ પછી મૃગશીર્ષ યોગ : સૌભાગ્ય કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી રવૃષભ (બ.વ.ઉ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**ઈચં પ્રીતિર્વલ્લી હૃદયભુવિ દેવાત્સમુદિતા,**
**તથા યત્નાદક્ષ્યા પ્રકૃતિ મૃદુલાપાય બહુલા**
**યથા નૈનાં રદ્દીતાં પિશુનજન દુર્વાક્ય દહનો**
**દહત્યન્તઃ શેષં વ્રંજતિ ન પુનઃ સૌહૃદનિધેઃ**

આ પ્રીતિરૂપી વેલ, દૈવ કૃપાથી હૃદયભૂમિ ઉપર ઉગી છે, પ્રકૃતિથી જ એ મૃદુ છે, અને તેના પર વિઘ્નો અને હાનિઓ પણ ઘણી રહેલી છે. આવાં જોખમોમાંથી પસાર થઈને વેલ મોટી થઈ હોય તેને દ્વેષી ચાડિયાઓ દુષ્ટ વચનો રૂપ અગ્નિથી બાળી ન નાંખે અથવા સૌહાર્દ- મૈત્રી (પ્રેમ- સંબંધ) રૂપી નિધિની અંદર ને અંદર જ શંકાને કારણે સુકાઈ ન જાય તે માટે પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ.

આજના યુગમાં- કુટુંબ- પરિવાર કે સમાજમાં એકતા- પ્રેમ- મીઠાશના સંબંધો હોય તે દ્વેષી- ઈર્ષાળુ - ચાડિયા જેવા લોકોને વિના કારણ ફાટફૂટ થાય એવાં કારણો શોધી જે પ્રેમ- લાગણી સંબંધો હોય એમાં ફાયર મારવાના પ્રયાસ કર્યા કરતા જ હોય છે. આવા માણસો જાતે નકારાત્મક વિચારશ્રેણી ધરાવતા હોય છે. આવા મંથરા ટાઈપ માણસો કોઈ પણ જગ્યાએ પ્રેમ- લાગણી - વાત્સલ્ય જોઈને ખુશ નથી થતા પણ દાઝે છે, 'પ્રેમીઓ'માં આજે કુટુંબની મર્યાદાના નામે 'મર્સી કિલિંગ' હાલી નીકળ્યું છે. આજના આવા કલુષિત કલયુગી વાતાવરણમાં સ્નેહ-પ્રેમ સાચવવો મુશ્કેલ છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.**
**મિથુન : (ક.છ.ઘ.)ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.**
**કર્ક : (ડ.હ.) અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.**
**સિંહ : (મ.ટ.)આર્થિક સમસ્યા ઉકેલાઇ જાય. તમારી ઇચ્છા ફળતી લાગે.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.**
**તુલા : (ર.ત.)મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.**
**વૃશ્ચિક : (ન.ય.)આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.**
**ધન : (ભ.ફ.ધ.)ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.**
**મકર : (ખ.જ.)ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.**
**કુંભ : (ગ.શ.સ.) આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.**
**મીન : (દ.ચ.જ.થ.)પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ભારતના એકનિષ્ઠ સેવક, ત્યાગી શિક્ષાગુરૂ અને લાલા લજપતરાયના દીક્ષામિત્ર લાલા હંસરાજની જન્મતિથિ છે.

એમનો જન્મ ૧૯-૪-૧૮૬૧ ના રોજ પંજાબમાં થયોહતો.

'દયાનંદ એન્ગલો વૈદિક કોલેજમાં' માત્ર ૫૦ રૂપિયાના માસિક વેતને તેનું કુલપતિપદ સ્વીકારનાર લાલા હંસરાજ` અનેક શિક્ષણસંસ્થાઓ સ્થાપી હતી.

આ મહાન શિક્ષણશાસ્ત્રીનું નવેમ્બર ૧૯૩૮માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
।। રોકાણકારોની શ્રદ્ધા અતૂટ..... અને વિશ્વાસનું પ્રતિક ।।
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા.૧૯.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૦૬ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૧૮.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૫૧ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૧૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૦૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૭૫ પોઈન્ટ થી ૧૦૫૯૦ પોઈન્ટ, ૧૦૬૦૬ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૮.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૧૪૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૦૨૫ પોઈન્ટના પ્રથમ અને ૨૫૦૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૨૦૨ પોઈન્ટ થી ૨૫૨૫૦ પોઈન્ટ, ૨૫૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**HCL ટેક્નોલોજી (૧૦૦૧) :- ટેક્નોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૯૮૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૯૭૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૦૧૩ થી રૂ.૧૦૧૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૦૨૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**બાટા ઈન્ડિયા (૭૭૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૬૦ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૫૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૭૮૯ થી રૂ.૭૯૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**સન ફાર્મા (૫૧૪) :- રૂ.૫૦૩ નો પ્રથમ તેમજ રૂ.૪૯૩ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**યસ બેન્ક (૩૧૦) :- બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૧૯ થી રૂ.૩૨૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૨૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ONGC લિમિટેડ (૧૮૨) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૭૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક જીં ઓઇલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૮૮ થી રૂ.૧૯૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૮૪૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૮૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૩૦ થી રૂ.૧૮૧૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**એશિયન પેઈન્ટ (૧૧૭૨) :- રૂ.૧૧૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૧૬૦ થી રૂ.૧૧૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૦૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા (૮૦૧) :- ઓટો સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૨૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૮૮ થી રૂ.૭૮૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એકસિસ બેન્ક (૫૧૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૦૭ થી રૂ.૪૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**વિપ્રો લિમિટેડ (૨૯૨) :- રૂ.૩૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૮૬ થી રૂ.૨૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૧૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## બનાસ ડેરી દ્વારા દેશી કાંકરેજ ગાયનો ઉછેર કરનાર દૂધ ઉત્પાદકોને રૂા.૨૩ લાખનું દાણનું નિઃશુલ્ક વિતરણ



પાલનપુર

બનાસડેરી બનાસકાંઠાના લોકો માટે રોજગારીનો મુખ્ય સ્ત્રોત છે. બનાસકાંઠાની ઓળખ સમાન કાંકરેજ ગાયના સંવર્ધન માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ રહે છે. આપણા દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે દેશી કાંકરેજ ગાયનું છ-૨ મિલ્ક લોન્ચ કરીને બજારમાં મુકવામાં આવ્યું હતું તેનો ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. બનાસકાંઠાના દૂધ ઉત્પાદકો કાંકરેજ ગાયનો ઉછેર વધુ પ્રમાણમાં કરતા થાય તે માટે બનાસ ડેરી દ્વારા અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બનાસ ડેરી થકી દેશી કાંકરેજ ગાયનું છ-૨ દૂધ ૩ થી ૫ હજાર લિટર પ્રતિદિન સંપાદન કરવામાં આવે છે તેવા સમયે રૂ. ૨૩ લાખનું બનાસ દાણ નિઃશુલ્ક રીતે વિતરણ કરીને કાંકરેજ ગાયના પશુપાલન કરતા ૨૫ ગામના દૂધ ઉત્પાદકોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું છે. ભારતભરમાં ૪૦ પ્રકારના દેશી ગૌ વંશ જોવા મળે છે જેમાંની કાંકરેજ ગાય શ્રેષ્ઠ છે. આવનારા સમયમાં ઓર્ગેનિક ફૂડ અને દેશી ગાયના દૂધનું બજાર દેશમાં ખૂબ જ ઝડપથી વિકસવાનું છે ત્યારે બનાસ ડેરીએ ભવિષ્યની આગોતરી તૈયારી કરીને બનાસકાંઠાની દેશી કાંકરેજ ગાયનું સંવર્ધન થાય તે માટેના પ્રયત્નો હાથ ધરેલ છે.

## શિહોરી ખાતે ભાજપ યુવા મોરચાનો સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો


કિશોર પ્રજાપતિ/વિજય સિલ્વા

(પ્રતિ.) થરા/ શિહોરી

રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન દિવસ હોઈ, શિહોરી ખાતે ચારરસ્તા કાંકરેજ તાલુકા યુવા પ્રમુખ જેણુભા વાઘેલાની અધ્યક્ષ સ્થાને સ્વસ્તા અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું, તેમાં શિહોરી ચારરસ્તા યુવા મોરચાના કાર્યકર્તા ઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હાથમાં ઝાડુ લઈ રસ્તામાં સાફસફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા, ભારતસિંહ ભટેસરિયા, સુખદેવસિંહ સોઢા, મફાજી સોલંકી ડાયાભાઈ પીલિયાતર, શાંતુભા ડાભી, સંજયભાઈ દેસાઈ, સરપંચ ઉચારપી, ઈશ્વરલાલ પટેલ, ઈશુભા વાઘેલા, રામભા સોલંકી, કિશોરભાઈ પ્રજાપતિ, રમેશભાઈ વાઘડા, હંસપુરી ગૌસ્વામી, અશ્વિનભાઈ શાહ, વેણીદેવસિંહ સોલંકી, પુનુભા રણકપુર, અનુભા વાઘેલા, રાજુભાઈ બારોટ, બાબુભાઈ ચૌધરી, લક્ષ્મણસિંહ વાઘેલા, જલાભાઈ દેસાઈ, ભરતભાઈ રાવલ, નિરંજન ઠક્કર, શ્રાવનસિંહ ડાભી, નટુભા ડાભી, કાનુભા વાઘેલા વડા, પ્રહલાદસિંહ વાઘેલા વડા, ઝેનુભા વાઘેલાએ કાર્યક્રમને સફળ બનાવેલ. આ પ્રસંગે ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલાએ બજારમાં નાના મોટા વેપારીઓને અપીલ કરી હતી કે દુકાનોની બહાર જાહેર રસ્તાઓ પર ગંદકી ના થાય તેવું કરવું અને સર્વે વેપારી ભાઈઓએ સ્વચ્છતા જાળવવી અને સ્વચ્છતા રાખવામાં સહયોગ આપવો.

## શિહોરી ખાતે કાંકરેજ ધારાસભ્યનું કાર્યાલય ખુલ્લું મુકાયું


કિશોર પ્રજાપતિ/વિજય સિલ્વા

(પ્રતિ.) થરા/શિહોરી

કાંકરેજ તાલુકાના શિહોરીના બનાસ કોમ્પ્લેક્સમાં કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલાનું કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું, આ કાર્યાલયનું ઓપનિંગ પાંચ નાની બાળઓના હસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી અને ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, આ પ્રસંગે કીર્તિસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કાંકરેજ તાલુકાની પ્રજાને કામ માટે કોઈ તકલીફ કે અગવડતા ના પડે અને ગમે ત્યારે મારી કામ માટેની જરૂર પડે અને લોકોની સેવા અને કામ થાય લોકોને ધારાસભ્ય પાછળ ફરવું ના પડે માટે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહીરી ખાતે કાર્યાલય બનાવવામાં આવ્યું છે. લોકોને જ્યારે કામ હોય ત્યારે બે ફિકર મને મળી શકે અને મને પણ લોકો ના કામ કરવાનો લાભ મળે. તેથી આ કાર્યાલય ખોલવામાં આવ્યું છે કારણ કે તાલુકાની દરેક કચેરીઓ શિહોરી ખાતે આવેલ છે. તેથી લોકોને કાંઈ પણ કામની જરૂર હોય અને કામ થાય એટલા માટે આ કાર્યાલય ચોવીસે કલાક ચાલુ હશે અને હું પોતે પણ આ કાર્યાલયે હજાર રહીશ અને લોકોના કામ કરીશ. તાલુકો ઘણા વર્ષોથી વિકાસથી વંચિત હતો હવે ભાજપ સરકારના ધારાસભ્ય કાંકરેજમાં છે તો તાલુકાનો વિકાસ કરવામાં પાછી પાની નહી થાય.

આ પ્રસંગે કીર્તિસિંહ વાઘેલા, ભારતસિંહ ભાટે સરિયા, મફાજી સોલંકી, સંજયભાઈ દેસાઈ સરપંચ ઉચરપી, શાંતુભા ડાભી, ડાયા ભાઇ પીલિયાતર, ઈશ્વરલાલ પટેલ, અચરતલાલ ઠકકર, નિરંજનભાઈ ઠકકર, ગીરીશભાઈ પટેલ, કિશોરભાઈ પ્રજાપતિ, ઈશુભા વાઘેલા, સજ્જનસિંહ સોલંકી કંબોઈ, સુખદેવસિંહ સોઢા, ખાનભા વાઘેલા, અનુભા વાઘેલા, ડૉ રાજુભાઈ બારોટ થરા, ઝેનુભા વાઘેલા, ઈશ્વરલાલ પટેલ, ભાથીભા વાઘેલા, હીરાભાઈ જોષી, કનુભા વાઘેલા વડા, પ્રહલાદ સિંહ વાઘેલા વડા, ભરતભાઈ રાવલ, જલાભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## ચંડીસર ખાતે દાતાઓના સહયોગથી પાણીની બે પરબ ખુલ્લી મુકાઈ



(પ્રતિ.) ગઢ

પાલનપુર તાલુકાના ચંડીસર ખાતે સોમવારે ઠંડા પાણીની બે પરબોનો અનાવરણ (ઉદ્ધાટન) નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ ભાજપનાં લાલજીભાઈ પ્રજાપતિ અને ભગુભાઈ કુગશિયા હાજરીમાં નવીન ઠંડા પાણી પરબ નો અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બંને આગેવાનો દ્વારા પરબોનું અનાવરણ કરવામાં આવ્યું હતું તેમજ પરબના દાતાઓ અબ્દુલભાઈ સુમરા તેમજ ડો.દુઃખપાલ સોલંકીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ગામમાં આ બંને દાતા ઓએ બસસ્ટેન્ડ ઉપર તેમજ મોટા ચોરા ઉપર પરબ બનાવી જાહેર જનતા માટે ખુલ્લી મુકવામાં આવી હતી. અબ્દુલભાઈ સુમરા તરફથી રાખવામાં આવેલ નાસ્તા તેમજ ઠંડી છાસના કેમ્પનો બધાએ લાભ લીધો હતો. આ પ્રસંગે સરપંચ દેવેન્દ્રભાઈ છાપીયા, ભીખાભાઈ બ્રહ્મભટ્ટ, વિજય ભાઈ છાપીયા, મનીષ ભાઈ છાપિયા સહીત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## માલગઢમાં ગાયત્રી સંસ્કાર કેન્દ્ર પર ચરણ પીઠની પ્રથમ પાટોત્સવની તડામાર તૈયારીઓ


નરસિંહ દેસાઈ

(પ્રતિ.) વડાવલ

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર પેરિત માલગઢ ખાતે ગાયત્રી સંસ્કાર કેન્દ્ર પર ગત વર્ષે પર પખરપ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાની સ્થાપના કરી હતી. જે આગામી તા ૨૧ અને ૨૨ એપ્રિલ રોજ ચણ પીઠનો પ્રથમ પાટોત્સવ યોજાનાર છે જેમાં ૨૪ ગામની માટી અને જળ દ્વારા ચોવીસ કૂંડી યજ્ઞ બનાવવામાં આવનાર છે ગાયત્રી સંસ્કાર કેન્દ્ર માલગઢની ગુરુદક્ષિણા કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ૨૪ ગામ વિવિધ કાર્યક્રમો થયા હતા જેથી આ તમામ ગામોના લોકો પણ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેનાર છે. સંસ્કારકેન્દ્ર ખાતે આગામી ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ યોજાનાર કાર્યક્રમને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેથી યજ્ઞશાળાનું શુભ મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ૨૧મી એપ્રિલના રોજ ૦૩:૦૦ કલાકે ભૈરવ ટેકરીમાલગઢ થી ભવ્ય શોભાયાત્રા નીકળશે જ્યારે ૨૨મીએ ગાયત્રી મહાયજ્ઞ યોજાશે. આ કાર્યક્રમને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## લાખણીમાં ભગવાન પરશુરામના જન્મોત્સવની ઉજવણી કરાઈ


નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

વૈશાખ સુદ ૩ ના પાવન દિવસે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર અને ચિરંજીવી એવા ભગવાન પરશુરામનો પ્રાદુર્ભાવ થયો હતો અને જેના કારણે વૈશાખ સુદ ૩ ને પરશુરામ જયંતિ તરીકે દેશભરમાં ધામધૂમથી મનાવવામાં આવે છે ત્યારે તાલુકા મથક લાખણી ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં સૌપ્રથમ ભગવાન પરશુરામનું વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરવામાં આવ્યું ત્યારબાદ આરતી અને પ્રસાદ કરીને ભગવાન પરશુરામનો જય ઘોષ કર્યો હતો. આ પ્રસંગે લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ મહેશભાઈ દવે, શ્રવણભાઈ દવે, ભરતભાઈ દવે, દશરથભાઈ જોષી, ભાણજીભાઈ જોષી, ઈશ્વરભાઈ જોષી, મનોજભાઈ દવે, બીપીનભાઈ દવે, પાબુસિંહ રાજપુરોહિત, કિશોરભાઈ વ્યાસ, પ્રહલાદભાઈ, મૂળશંકર પુરોહિત સહિતના લોકો હાજર રહ્યા હતા.

## ડીસા ગોપાલક છાત્રાલયમાં ચાલતા સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસ : વેકેશનમાં વિશેષ કોચિંગ


નરસિંહ દેસાઈ

(પ્રતિ.) વડાવલ

ડીસા ખાતે આવેલ ગોપાલક છાત્રાલયમાં બનાસકાંઠા રબારી સમાજના અધિકારીઓ સંચાલિત રેક્ટ ક્લાસમાં ૧૫૦થી વિદ્યાર્થી ભાઈ-બહેનો સ્પર્ધાત્મક પરીકથાનુ માર્ગદર્શન મેળવી રહ્યા છે

સરકારી નોકરી મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવી ફરજિયાત બની ગઈ છે ત્યારે આવનારા સમયમાં ભરાનાર વિવિધ જગ્યાઓના પગલે યુવાવર્ગ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓમાં લાગી ગયુ છે ત્યારે રબારી સમાજના યુવા ભાઈ-બહેનો પણ કોચિંગ ક્લાસમાં જઈ તૈયારીઓ કરી રહ્યા છે. જેમાં ગોપાલક છાત્રાલય ખાતે છેલ્લા કેટલાક મહિનાથી એટલે કે બનાસકાંઠા રબારી સમાજના અધિકારીના સહયોગથી કોચીગ કલાસ શરૂ કરાયો છે. જેમાં બનાસકાંઠા સહિતની અન્ય જિલ્લામાં ફરજ બજાવતા સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ અમૂલ્ય ફાળો અને સમય આપી રહ્યા છે સાથે રેક્ટ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન પણ અપાઈ રહી છે ત્યારે આગામી વેકેશનમાં પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વિશેષ કોચિંગ કરવાનો નિર્ણય થયો છે જેથી આ કોચિંગ ક્લાસમાં વધુમાં વધુ ભાઈ-બહેનો જોડાવવા વિનંતી કરવામાં આવી છે શનિ અને રવિવારના ચાલતા ક્લાસમાં રબારી સમાજના યુવાનો જે વિષયનો નિષ્ણાતછે તેવો નિશુલ્ક સેવા આપી રહ્યા છે જેમા દર અઠવાઠિયે ટેસ્ટ લેવામાં આવે છે જેમા પ્રથમ નંબર લાવનાર એક બહેન અને એક ભાઈને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે ત્યારે ડીસા ખાતે ચાલતા સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસમાં રબારી સમાજના અધિકારીઓ અમુલ્ય ફાળો આપી રહ્યા છે સાથે જન્મદિવસ તથા શ્રદ્ધાંજલિ સહિતના પ્રસંગોને પણ શિક્ષણ સાથે જોડી શિક્ષણ તેમાં લોક ફાળો આપી રબારી સમાજમાં શિક્ષણ ક્ષૈત્રે એક નવી રાહ ચિંધી છે ત્યારે વતન નુ ૠણ અદા કરતા રબારી સમાજ ના અધિકારી ઓને પણ ખરેખર ધન્યવાદ છે.

## વડગામના યુવાન વેપારીનું અવસાન થતાં વેપારીઓએ બંધ પાળી શ્રધ્ધાંજલિ અર્પી


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

વડગામના પૂર્વ સરપંચ સ્વ.મફતલાલ કે. બારોટના પૌત્ર મનિષકુમાર ભિખાભાઈ બારોટનું ગઈકાલ તા.૧૮/૪/૧૮ બુધવારે દુઃખદ અવસાન થતાં વેપારીઓએ બજાર સ્વયંભુ બંધ રાખી શ્રધ્ધાંજલિ અર્પી હતી. સ્વ.મનિષભાઈ બારોટ તેમના પિતાજી ભિખાભાઈ એમ.બારોટ સાથે હાર્ડવેર - લોખંડની પાઈપો તથા કૃષિ વિષયક સામાનના વ્યવસાયમાં પ્રવૃત્ત છે તેમના પરિવારના ત્રણ સ્ટોર વડગામ તાલુકામાં ખ્યાતિ ધરાવે છે. સ્વ.મનિષભાઈ બારોટાના અવસાનથી વડગામ તેમજ બ્રહ્મભટ્ટ સમાજમાં ઘેરો શોક છવાયો છે.

## ક્ષત્રિય - દરબાર રાજપૂત યુવા સંઘ - વઢિયાર પ્રાંતનો નવમો સમૂહ લગ્નોત્સવ - લોલાડા ખાતે યોજાશે

તા.પ્રતિ થરા

ક્ષત્રિય - દરબાર રાજપૂત યુવા સંઘ વઢિયાર પ્રાંતના સમી - હારિજ - રાધનપુર - શંખેશ્વર - સાંતલપુર - પાટડી - ચાણસ્મા તાલુકા દ્વારા આયોજીત નવમો સમૂહ લગ્નોત્સવ શ્રી નાગણેશ્વરી માતાજી મંદિર લોલાડા ધામ ખાતે તા.૨૮/૪/૧૮ ને શનિવારના રોજ જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને યોજાશે.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરાના ગોલા ગામે મૃત મનાતો યુવક જીવતો નિકળ્યો


એન.કે. મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ગોલા ગામે રહેતા મેઘવાળ વોહતાભાઇ ચમનાભાઇ ઉ.વર્ષ-૩૫ વાળા રાત્રે જમીને પોતાના ઘરે ખાટલામાં સુઇ ગયા હતા પરંતુ સવારે તે ન જાગતા તેમને જગાડવા જતા જોયુ તો તેમના સરીરે કીડીઓ ચડી જવા પામી હતી. જેથી ઘરના લોકોએ તેને મ્રુત સમજ્યા હતા છતાં તેને ધાનેરા લાવ્યા હતા અને તેને ધાનેરાની પ્રાઇવેટ હોસ્પીટલો માં લઇ ગયા હતા પરંતુ ત્યા ડોકટરે તેને લેવાની ના પાડતા સરકારી હોસ્પીટલમાં લાવવામાં આવ્યો હતો જેથી ફરજ પરના ડોક્ટર સૈલેન્દ્રસિહ પરમારે તેની તપાસ કરી હતી અને પ્લસ ઓક્સીમીટર લગાવતાં તે જીવીત હોય તેવો તેમને અહેસાસ થતાં તેઓએ આ દર્દીની તાત્કાલીક સારવાર હાથ ધરતાં બે કલાકની મહેનત પછે તેમાં જાણે નવિ ચેતના જાગી હોય તેમ તેના શ્વાસ ચાલુ થવા પામ્યો હતો. જેથી તેની સારવાર ચાલુ રાખીને વધુ સારવાર માટે તેને તાત્કાલીક આગળ રીફર કરવામાં આવતા તેની જીંદગી બચી જવા પામી હતી અને તેના પરીવાર માં પન આનંદ જોવા મળ્યો હતો. આખા શરીરે કીડીઓ ચડી ગયેલ હતી.

સરકારી હોસ્પીટલના ડો. શૈલેન્દ્રસિહ પરમારે જણાવેલ કે વોહતાભાઇ મેઘવાળને જ્યારે સરકારી હોસ્પીટલ માં લાવ્યા તે પહેલા પ્રાઇવેટ માં લઇ જવાયા હતા પરંતુ કોઇએ તેની તપાસ કરી ન હતી અને સરકારીમાં રીફર કર્યો હતો. આ દર્દીની અમાંએ તમામ તપાસ કરતાં તેના આખા શરીરે કીડીઓ ચડી ગયેલ અને શ્વાસો શ્વાસ બંધ જેવા જણાયા હતા પરંતુ પ્લસ ઓક્સીમીટર લગાવી બે વખત તપાસ કરતા તેના પ્લસ જોવા મળતા સારવાર હાથ ધરતાં તેની જીંદગી બચી જવા પામી છે.

# કુંડી અને જનાલીને જોડતો રોડ બનાવવા સ્થાનિક રહીશોની માંગ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના કુંડી અને જનાલી ગામ વચ્ચે પાકો રોડ બનાવવા આજુ-બાજુના ગામોમાં રહીશો દ્વારા માગણી કરાઈ છે. આ વિસ્તારમાં કોઈ સીધો રોડ ન હોવાથી, ઘણુ અંતર કાપી અવર-જવર કરવી પડે છે. હાલના સમયે પાકો રોડ ગામડાનું વિકાસનું મુખ્ય પાસું છે. પાણીનાં તળ ઉંડાં જવાથી ગામડાંના લોકોની મુખ્ય આવક ડેરી અને પશુ પાલન ઉપર નભી રહી છે. તેમાં પાકા રોડ પશુ પાલકોને અવર-જવર માટે સારા ઉપયોગી થાય છે. જેમાં અવર-જવર કરવી સસ્તી પડે છે, પરંતુ રેતાળ, સંકડામણ, અને વળાંકવાળા કાચા માર્ગોથી અવર-જવર કરવી મુશ્કેલ થઈ પડી છે. તેમજ તે ખર્ચાળ સાબિત થાય છે. વાહનો ફસાઈ જાય છે. અકસ્માત થવાનો કાયમ ભય રહેતો હોય છે, તેથી કુંડી-જનાલી વચ્ચે પાકો રોડ બનાવવો ખૂબ જ જરૂર છે. કુંડી અને જનાલી ગામ વચ્ચે રેકર્ડનો સરકારી માર્ગ છે, તે ખૂબ જ ભારે રેતાળ છે, અને અમૂક જગ્યાએ અડચણ પણ રહે છે, તો આ જગ્યાએ પાકો રોડ બને તો આ વિસ્તારમાં વિકાસનો વધારો થાય, અને પ્રજાની મુશ્કેલી દૂર થાય.

અત્રે ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૦માં બાપલાથી (રવાયા કુંડી થઈને) જનાલી સુધીનો રોડ મંજુર થયો હતો, બાપલાથી કામ શરૂ થશે, તેવી જાહેર નોટીસ પણ લોકોની જાણકારી માટે પ્રસિધ્ધ કરી હતી, પણ કોઈ કારણથી આ રોડનું કામ અટકી ગયું હતું. ગયા વરસે પણ ૨૦૧૭ માં, કુંડી-બાપલા ગામ વચ્ચે રોડ મજુર થયેલો, અને કામ ચાલુ થયેલ હતું, આ રોડનું કામ હાલમાં પણ ચાલુ છે. અને પૂર્ણ થવાના આરે છે. પણ કુંડી અને જનાલી વચ્ચે મંજુર થયેલ રોડ શું કારણથી રદ થયો હશે ? તે આ વિસ્તારની પ્રજાને સમજાતું નથી.

# પાલનપુરમાં ભગવાન પરશુરામ જમોત્સવની ઉત્સાહભેર ઉજવણી

### ભગવાન શ્રી પરશુરામની શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું



સંજય જોષી

પાલનપુર

સમગ્ર દેશમાં પરશુરામ જયંતિની ઉજવણી થઇ હતી. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ ઠેર-ઠેર પરશુરામ જયંતિની ઉત્સાહભેર ઉજવણી થઇ હતી. જેના ભાગરૂપે બનાસકાંઠાના મુખ્યાલય પાલનપુરમાં પણ પરશુરામ પરિવાર દ્વારા ભગવાન શ્રી પરશુરામની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી.

ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર એવા પરશુરામ ભગવાનની જન્મજયંતી નિમિત્તે બનાસકાંઠામાં પરશુરામ ભગવાનની ઠેરઠેર જન્મજયંતિની ઉજવણી કરાઈ હતી. ત્યારે પાલનપુરમાં પરશુરામ પરિવાર દ્વારા ભગવાન પરશુરામની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રાનું ઉદ્દેશ્ય હતો કે, આજે સમગ્ર દેશમાં જાતિવાદનું ઝેર ફેલાયું છે. ત્યારે જાતિવાદનું ઝેર નાબૂદ કરવાનો સંદેશ આપ્યો હતો.

યુવા બ્રહ્મ સેના આયોજિત શોભાયાત્રામાં બાઇક રેલીમાં મુખ્ય આકર્ષણ આ યુવતીઓ હતી. જેમને આજે પહેલ કરી અને બાઇક પર આ શોભાયાત્રામાં ભાગ લીધો હતો અને સમાજમાં એક સારો સંદેશ આપ્યો હતો. ભગવાન પરશુરામની શોભાયાત્રા નું ઠેરઠેર સ્વાગત કરાયું હતું. આ શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું.

# ધાનેરામાં પરશુરામ જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરાઇ


એન.કે. મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં બ્રહ્મ સમાજ દ્વારા શ્રી પરશુરામજીની જન્મ જયંતિના પાવન અવસર નિમિતે ભવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ધાનેરા તાલુકાભર માંથી મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના લોકો ઉમટી પડ્યા હતા. અને સામુહીક મંત્રોચાર કર્યા હતા. તેમજ સમાજના આગેવાનો દ્વારા શ્રી પરશુરામજીના જીવન ચરિત્ર વિષે ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેમજ સમાજમાં એકતા વધે તે માટે પણ સુચનો કરવામાં આવ્યા હતા. તેમજ કાર્યક્રમની પુર્ણાહુતિમાં આરતી પણ કરવામાં આવી હતી.

# ૫૦ મુદ્દા અમલીકરણ સમીતીનાં કાર્યવાહક અધ્યક્ષ આઇ.કે જાડેજા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીની મુલાકાતે



પ્રતિ. અંબાજી

સ્વર્ણીમ ગુજરાત ૫૦ મુદ્દા અમલીકરણ સમીતી નાં કાર્યવાહક અધ્યક્ષ આઇ.કે જાડેજા આજે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ની મુલાકાતે પહોંચ્યા હતા. જોકે જાડેજા ૫૦ મુદ્દા અમલી કરણ સમીતી નાં ઈડર નાં પ્રવાશ ને લઈ નિકળ્યાં હતા ને સૌ પ્રથમ પોતાના પરીવાર સાથે માં અંબા નાં મંદિર માં શિશ નમાવા આજ ની અખાત્રીજ નાં અક્ષય તૃતીયા નાં શુભ મુહર્તે આજ થી અંબાજી મંદિર માં શરૂ થયેલી બપોર ની આરતી નો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે ભટ્ટજી મહારાજે તેમને કુંમ કુંમ તીલક સાથે ચુંદડી ઓઢાડી અભીવાદન કર્યુ હતુ. જ્યારે અંબાજી મંદિર નાં એસ્ટેટ ઓફીસર દ્વારા સંપુર્ણ યંત્ર ની પ્રતિકૃર્તી આઇ કે જાડેજા ને સ્મૃર્તી ચિન્હ સ્વરૂપે ભેટ અર્પણ કરી હતી. ત્યાર બાદ આઇ.કે જાડેજાએ માતાજી ની ગાદી ભટ્ટજી મહારાજ નાં આશીર્વાદ લઈ રક્ષાપોટલી બંધાવી હતી. અંબાજી પહોચેલા આઈ કે જાડેજાએ જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકારે જે ગ્રામ સ્વરાજનો અભીયાન સરુ કરાવ્યો છે તેમા લોકો નો વિકાસ થાય અને સરકાર ની જુદીજુદી યોજનાઓ નો લાભ પ્રજાસુઘી પહોચે તે માટે માતાજીને પ્રાર્થના કરી છે. કેન્દ્ર સરકારે જે ગ્રામ સ્વરાજનો અભીયાન સરુ કરાવ્યો છે. તેમા લોકોનો વિકાસ થાય અને સરકારની જુદીજુદી યોજનાઓનો લાભ પ્રજાસુઘી પહોચે તે માટે માતાજીને પ્રાર્થના કરી છે.

# થરામાં પરશુરામ ભગવાનની જન્મ જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા-તાણા નગરમાં રહેતા સમસ્ત બ્રહ્મ સમાજ અને શ્રી મહર્ષિ ચાણકય યુવક મંડળ થરા દ્વારા પૂ.આનંદ પ્રકાશજી (એટા)ના દિવ્યાશિષ સાથે શ્રી પરશુરામ જયંતિ નિમિતે શોભાયાત્રા બપોરે થરા જુનાગામતળમાં બિરાજમાન રાજરાજે શ્વરી શ્રી બહુચર માતાજીના મંદિરેથી આરતી પુજન કરી બેન્ડ- શરણાઈઓના સુરો તેમજ ઢોલ નગારાના તાલ સાથે નિકળી રામજીમંદિર, ગોગાચોક થઇ વાળીનાથ મંદિરે ગયેલ ત્યાં વિસામો લઈ બહેનો ગરબે ધુમી, જ્યાથી નગરપાલિકા રોડ, શાકમાર્કેટ, હાઈ-વે સર્વિસ રોડ, માર્કેટ્યાર્ડ ગરનાળેથી પસાર થઇ હાઈવે સ્થિત બહુચર માતાજીના મંદિરે પહોચેંલ ત્યાં વિસામો લઈ ઠંડા પાણી અને શરબતની વ્યવસ્થા કરવામાં આવેલ. ત્યાંથી શોભાયાત્રા ગોકુલનગર સોસાયટીના નાકે પહોંચેલ જયાં બહેનોએ ગરબાની રમઝટ બોલાવી ત્યાંથી આગળ તાણાના ગામના પાદરે બિરાજમાન ચામુંડા માતાજીના મંદિરે વિશ્રામ કરી સાંજે શોભાયાત્રાનું સમાપન કરી ધર્મસભા રાખેલ. જયાં પધારેલ ગોતરકા બ્રહ્મચારી આશ્રમના નિજાનંદજી તથા ગંગેશ્વર મહાદેવના શ્યામસ્વરુપજી, થરા ઝાઝાવડા વાળીનાથ મહાદેવના મહંત ઘનશ્યામપુરીજી તથા દાતાઓનુ સન્માન કરવામાં આવેલ. સંતોએ આશિર્વચન પાઠવ્યા હતા ત્યારબાદ સૌએ ભોજન પ્રસાદ લીધેલ. આ ઉજવણીના દાતાઓમાં ભોજન પ્રસાદ ના દાતા- સવરામભાઈ બી. જોષી, આરતીના દાતા - ભીખાભાઈ કે.રાજગોર ટેબી,

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠા ધાણધાર વણકર સમાજનો સોળમો સમુહલગ્ન સમારોહ યોજાયો



પ્રતિ. ગઢ

ગઢ - પાલનપુર ખાતે અખાત્રીજનાં દિને બનાસકાંઠા ધાણધાર વણકર સમાજ વિકાસ મંડળ, પાલનપુર આયોજિત સોળમો સમૂહ લગ્ન સમારોહ પાલનપુરનાં માલણ હાઈવે ખાતે યોજાઈ ગયા. સમારંભનાં અધ્યક્ષ હરિભાઈ મગરવાડીયા તેમજ ઉદગાટક મીઠાલાલ વણસોલા તેમજ મુખ્ય મહેમાનોની હાજરીમાં દીપ પ્રગટ્યા કર્યા બાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સોળ નવ દપતિઓએ પ્રભુતામાં પગલાં પડ્યાં હતાં. આ પ્રસંગે સમાજ અગ્રણીઓએ દાનની સરવાણી વહાવી હતી. અને નવદંપતીને ભેટ સોગાદ આપી હતી. આ પ્રસંગે મંડળનાં સભ્યોએ ભારે જહેમત ઉઠાવી સુખરૂપ પ્રસંગને પાર પાડ્યો હતો. આ કાર્યક્રમમાં સમાજ અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં વણકર સમાજે હાજરી આપી નવદપતિને આશિરવાદ આપ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુભાષ સોનેરીએ કર્યું હતું.

# ધાનેરા ખાતે સામાજીક સમરસતા મંચ દ્વારા વ્યાખ્યાન માળા યોજાઈ

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે સામાજીક સરમસતા મંચના રમેશભાઈ જોષીએ હિન્દુ સમાજમાં જાતિભેદ, વર્ણભેદ, અસ્પૃસ્યતા, ભાષા તથા પ્રાંતના નામે સંઘર્ષ થયા છે ત્યારે આપણે પરાજયને આપણા ઘરે બોલાવ્યો છે અને રાષ્ટ્રનું પતન થઈ રહ્યું છે જેથી ઉજ્જવળ ભવિષ્ય માટે વિશેષ સમજ આપી હતી. વધુમાં જણાવેલ છે કે આપણા દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે આપણા હિન્દુ બોધવોને પ્રેમ આત્મીયતા અને ભાતૃભાવ થકી. સંગઠીત કરીએ. તેમાં જ આપણી બધી સમસ્યાઓનું સમાધાન છે. સામાજીક સમરસતા મંચ હિન્દવા સહોદરા સર્વેને હિન્દુ પત્તો ભવે : નો સંદેશ ને વર્ષ ભરમાં અનેક વિધ કાર્યક્રમો દ્વારા હિન્દુ સમાજમાં પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. ર્ડા.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી પ્રસંગે તેમનું જીવન તથા કાર્યને સમજવા માટે સામાજીક સમરસતા મંચ દ્વારા વ્યાખ્યાન માળાનું આયોજન કરેલ જેમાં રમેશભાઈ જોષી, પ્રાધ્યાપક (શ્રી અભિનય વિદ્યાલય સિધ્ધપુર) એ વિશેષ સમજ આપી હતી. આ પ્રસંગે ધાનેરા નગરના બુધ્ધીજીવી વર્ગ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

# સુરત નગરે વર્ષીતપ પારણા મહોત્સવ યોજાયો


નવિન દોશી

પ્રતિ. મીઠી - પાલડી

તા.૧૮/૪/૨૦૧૮ ને વેશાખ સુદ - ૩ (અખાત્રીજ સમગ્ર જૈન સમાજ માટે આ દિવસ વર્ષીતપના પારણા માટે મહત્વનો ગણાય છે. આ દિવસે ભારતભરમાં ઠેરઠેર વર્ષીતપના પારણાં યોજાયા હતા. જેના અનુસંધાને સુરત નગરે વાસ્તુ લકજરીયા (વેસુ) ખાતે પુજય આ.ભ.શ્રી વિજય રત્નચંદ્રસુરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) આદિઠાણાની પાવન નિશ્રામાં વર્ષીતપ પારણાં પ્રસંગ યોજાયો હતો.

ઉપરોક્ત પ્રસંગની સાથે સાથે લાભાર્થી પરિવારના વર્ષીતપના તપસ્વીઓના પારણા તેમજ સાધ્વીજી ભગવંતોના પણ વર્ષીતપના પારણા યોજાયા હતા. જેમાં પૂજય સાધ્વીજી શ્રી ધ્યાન રત્નાશ્રીજી (પાલડીવાળા) મ.સા.ના વર્ષીતપના પારણામાં ભક્તગણ તેમજ સ્નેહી, સગાં સંબંધી મોટી માત્રામાં પધાર્યા હતા.

# અંબાજીમાં દર્શન-આરતીના સમયમાં ફેરફાર કરાયો



પ્રતિ. અંબાજી

અંબાજી મંદિરના દર્શન-આરતીના સમયમાં ફેરફાર થયો છે. બુધવારથી દર્શન-આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવશે. અખાત્રીજથી અષાઢીબીજ સુધી ફેરફાર અમલમાં રહેશે. અંબાજી મંદિરમાં આરતી હવે ૩ વાર કરવામાં આવશે. અગાઉ ૨ વખત માતાજીની આરતી કરવામાં આવતી હતી, પણ હવે એકવાર વધારે આરતી કરવામાં આવશે. ત્રણ આરતીનો સમય આ મુજબનો રહેશે.

મંદિરમાં મંગળા આરતી સવારે ૭ વાગ્યે કરવામાં આવશે. બીજી આરતી બપોરે ૧૨.૩૦ વાગે થશે. સંધ્યા આરતી સાંજે ૭.૦૦ વાગ્યે કરવામાં આવશે.

માતાજીના દર્શનના સમયની વાત કરીએ તો સવારે ૭.૩૦થી ૧૦.૪૫ વાગ્યા સુધી દર્શન કરવામાં આવશે. સવાર પછી બપોરે ૧ વાગ્યાથી સાથે ૪.૩૦ વાગ્યા સુધી દર્શન કરવામાં આવશે. સંધ્યા આરતી બાદ ૯.૧૫ સુધી માતાજીના દર્શન માટે દ્વાર ખુલ્લા રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ ચેન્જ અખાત્રીજથી લઈને અષાઢી બીજ સુધી જ કરવામાં આવ્યો છે.

# થરા ખાતે જલારામ મંદિર સંચાલિત એક્યુપ્રેસર સારવાર કેમ્પનું સમાપન

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના હૃદયસમા થરા નગરમાં ડીસાના ભગવાનભાઈ બંધુની પ્રેરણા અને માર્ગદર્શનથી તા:૯/૪/૧૮ સોમવારથી ૧૩/૪/૧૮ શુક્રવાર એમ પાંચ દિવસ માટે રાજસ્થાન હનુમાનગઢ ડૉ.રામમનોહર લોહિયા આરોગ્ય જીવન સંસ્થાન દ્વારા એક્યુપ્રેસર, સુજૌક અને મેગ્નેટ પધ્ધતિનો સારવાર કેમ્પ ખુબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ કેમ્પમાં ડૉ.કે.એલ. લોહિયા, ડૉ.ગોવિંદસિંહ, ડૉ.હરપાલસિંહ અને ડૉ.ગૌસ્વામીની પ્રેરણાદાયી સેવા મળી હતી.

કાંકરેજના ધારાસભ્ય કીર્તિસિંહજી વાઘેલા, પૂજય મમતામૈયા, અચરતભાઈ ઠક્કર, પૃથ્વીરાજસિંહ વાઘેલા, કિશોરભાઈ પ્રજાપતિ, અરવિંદભાઈ લાટીવાળા સહિત વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં આ કેમ્પનું ઉદ્‌ઘાટન કરાયા બાદ અંદાજે ૨૫૦ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લઈ રાહત અનુભવી હતી. બ્લડપ્રેસર, ડાયાબીટીસ, સાંધાના રોગો, પેરાલિસિસ સહિત તમામ પ્રકારના રોગોમાં રાહત આપતી એક્યુપ્રેસર પધ્ધતિની સારવારથી લાભ લેનાર તમામ દર્દીઓએ ખુશી અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. તા:૧૨/૪/૧૮ ને ગુરૂવારે રાત્રે ઠક્કર હરેશકુમાર સોમાલાલના નિવાસ સ્થાને રખાયેલ પૂજ્ય જલારામ બાપાના ભજનોમાં ડૉ.કે.એલ.લોહિયા, ડૉ.ગોવિંદસિંહ, ડૉ.હરપાલસિંહ અને ડૉ.ગૌસ્વામીનું ફુલહાર અને પૂજ્ય જલારામ બાપાના ફોટાથી હર્ષભેર સન્માન કરાયું હતુ અને તેમના પ્રત્યે ભગવાનભાઈ બંધુએ રૂબરૂ હાજર રહી આભારની લાગણી પણ વ્યક્ત કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# ગણપત યુનિવર્સિટી સાયન્સ કોલેજના વાર્ષિકોત્સવની ઉત્સાહપૂર્ણ ઉજવણી

### ત્રણ ત્રણ પી.એચ.ડી. કરનાર એક માત્ર ગુજરાતી વિદ્વાન અને હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીએ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું




ગણપત વિદ્યાનગર

ગણપત યુનિ.ની એક અંગભૂત કોલેજ- મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસનો વાર્ષિકોત્સવ તે જ એલ્યુમની મીટ કાર્યક્રમ- 'સિનર્જી-૨૦૧૮ ની તાજેતરમાં ગણપત વિદ્યાનગરના આંગણે ભારે ઉત્સાહ અને દબદબાભેર ઉજવણી થઈ હતી.

વાર્ષિકોત્સવની ઉજવણીના મુખ્ય સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલા ગુજરાતના સુપ્રતિષ્ઠિત હાસ્ય-કલાકાર અને હાસ્ય-લેખક જગદીશ ત્રિવેદીએ એમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓ માટે બહુ મૂલ્યવાન એવી પ્રેરણા આપતા જણાવ્યું હતું કે જીવનમાં સફળ અને સુખી થવું હોય તો પોતાના રસના વિષય-ક્ષેત્રે જ કારકિર્દી બનાવવાનું પસંદ કરવું જોઈએ. એમણે વિશ્વવિખ્યાત સાહિત્ય-સર્જક સર વિલિયમ શેકસપિયર ટાંકતા સૂચવ્યું હતું કે બીજા કરતાં વધારે કામ કરવું, બીજા કરતા વધારે શીખવું અને બીજા પાસેથી અપેક્ષાઓ ઓછી રાખવી. આ ત્રણ સૂત્રોનો જીવનમાં ઉતારવામાં આવે તો જીવન સફળ, સાર્થક અને સુખી બની જાય!

આખા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ પરીક્ષા સહિત જે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હોય અને વિશેષ સફળતા કે સિધ્ધિ હાંસલ કરી હોય તેવા સ્કોલર

અનુસંધાન પાના નં.૬

# લુણાવા પ્રા.શાળામાં ધો.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ


દેવજી રાજપૂત

પ્રતિ. લાખણી

તા.૧૦/૪/૧૮ ના રોજ લુણાવા પ્રા.શાળામાં ધોરણ-૮ માં અભ્યાસ કરતા બાળકોનો વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં માળી મકનાજી રતાજી તરફથી તમામ શાળાના બાળકોને તિથી ભોજન આપવામાં આવ્યું હતું. અને ગામના સરપંચ મોતીજી કેશાજી અને એસ.એમ.સી અધ્યક્ષ રમેશભાઈ ફુલાજી દ્વારા બાળકોને આર્શિવચન આપવામાં આવ્યા હતા. અને લુણાવા પ્રા.શાળાના તમામ સ્ટાફ, આચાર્ય ભેરાભાઈ બી.માળી અને એસ.એમ.સી સભ્યો દ્વારા બાળકોને આર્શિવચન આપવામાં આવ્યા. અને કાર્યક્રમનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું.

# ધાનેરાના નાયબ કલેકટરનો વિદાય સમારંભ યોજાયો


એન.કે. મોદી

તા.પ્રતિ ધાનેરા

ધાનેરા ખાતે નાયબ કલેકટર તરીકે સેવા બજાવી ચુકેલ પટેલનો વિદાય સમારંભ તથા મામલતદાર ખરાડીનો સત્કાર સમારંભ સુંધામાતા ખાતે રાખેલ.

આ પ્રસંગે જાલોર અને જોધપુરનો એડીશનલ કલેકટર, રાણીવાડા એસ.ડી.એમ, ધાનેરા મામલતદાર, દુકાનદારો, બી.એલ.ઓ.ના તમામ શિક્ષકો, સી.આર.સી, બી.આર.સી, તથા મામલતદાર કચેરીનો સ્ટાફ, પ્રાંત કચેરીના સ્ટાફે હાજર રહી સાફો પહેરાવી મોમેન્ટો આપી ભાવભરી વિદાય આપી હતી. આ પ્રસંગે નાયબ કલેકટર પટેલે જણાવેલ કે પુર રાહતમાં જે કર્મચારીઓ તથા ધાનેરાના સેવાભાવી લોકો તથા રાણીવાડા એસ.ડી.એમ. ની સજાગતાથી ઓછી જાનહાનીથી લોકોનું સ્થળાંતર કરાવી કેશ ડોલ્સ વગેરેની કામગીરીમાં સહભાગી બનેલા સૌ કોઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# તંત્રી સ્થાનેથી ...

**મનુષ્ય જૂઠ બોલીને જીવનની મોટી સંપતિથી વંચિત રહી જાય છે.**

## રાજ્યમાં પાણીજન્ય રોગોને પડકારવાના પ્રયત્નો થવા જોઈએ

રાજ્યમા પાણીજન્ય રોગચાળાએ માઝા મૂકી દીધી છે, માત્ર અમદાવાદમાં ગત ૧૪ એપ્રિલ સુધીમાં ઝાડા-ઉલટીના ૪૪૨, કમળાના ૧૦૭, ટાઈફોઈડના ૧૩૩ કેસ નોંધાયા છે. બીજી તરફ પાણીમાં પોલ્યુશનની ફરિયાદો વધી રહી છે, આવી અનેક ફરિયાદોનો લાંબા સમય સુધી ક્યારેય નિકાલ થતો નથી જેથી નાગરિકોને ભારે ગંભીર સ્થિતિનો સામનો કરવો પડે છે. દૂષિત પાણી બાબતની જે ફરીયાદો થાય છે તેનો લાંબા સમય સુધી ક્યારેય નિકાલ થતો નથી. તંત્રની નિષ્ક્રિયતાના પરિણામે લોકો ઝાડા-ઉલટીના રોગમાં સપડાય છે.

રાજ્યની ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓમાં જો સારવાર લેનાર દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં લેવામાં આવે તો રોગચાળાનો આંકડો વધે તેવી શક્યતા જણાય છે રાજ્યના ક્યા ક્યા તાલુકામાં અને ગામડાઓમાં કઈ જાતના પાણીજન્ય રોગોમાં કેટલા લોકો સપડાયા છે તે આ બાબતની ક્યારેય સાીક્ષા થતી નથી. તેની પાછળનું કારણ શું ? જો કે તપાસ ચલાવવામાં આવે તો આરોગ્ય તંત્રને હકીકતનો ખ્યાલ આવે. જો કે ઉંડાણવાળા ગામડાઓમાં વકરેલા રોગચાળા માટે જવાાબદાર તંત્ર વિરૂધ્ધ પગલા ભરી શકાય.

અમદાવાદના શાહપુર, ખાડીયા, કાલુપુર દરિયાપુર સહિત ઉત્તર ઝોનના વિસ્તારો તેમજ રખિઆલ, ગોમતીપુર, બાપુનગર મેઘાણીનગર, ઈસનપુર હાટકેશ્વર, દાણી લીમડા, બહેરામપુરા વિગેરે વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી પાણીમાં પોલ્યુશનની ફરિયાદો વધી છે. તેમ છતાં ફરિયાદોને નિવારવા લાગતા વળગતા પાલિકાના સત્તાધિશો દ્વારા કે તપાસ ચલાવનાર સમિતિ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી થતી નથી.

અમદાવાદ મહાનગરના નાગરિકોએ પાણી અને ડ્રેનેજ લાઈનના લીકેજના કારણે પ્રદુષિત પાણી આવતું હોવા અંગે ફરિયાદો કરી છે, વળી ક્યાંક નળમાં પીળુ અને લાલ પાણી આવતું હોવાથી જે ફરિયાદો થઈ છે તે બાબતે મહાનગરપાલિકાએ યુધ્ધના ધોરણે તપાસ ચલાવવી જોઈએ પાણીની પાઈપ લાઈનમાં ગટરનું દુષિત પાણી ઘુસી જતાં પાણીનો કલર બદલાઈ જતો હોય છે, ખરેખરતો આ રીતની સ્થિતિ અંગે તંત્રએ સાબદા રહેવું જોઈએ.

જ્યારે હવે ગરમી વધવાની સામે આગામી દિવસોમાં પ્રદુષિત પાણી સંબંધિત ફરિયાદોમાં પણ વિશેષ વધારો જોવા મળે છે તેના પગલે ઝાડા-ઉલટી-કમળો સહિત વિવિધ પ્રકારના પડકારવા મુશ્કેલ બની રહેશે.

વર્તમાન સંજોગોમાં ઝાડા-ઉલટીના જે ૪૪૨ કેસો છે તે બાબતે તંત્રની લાપરવાહી ચલાવી લેવાય નહિં. આ કેસોમાંથી કેટલા દર્દીઓની નિયમિત સારવાર કરવામાં આવી રહી છે તે પ્રશ્ન ગંભીર છે. આરોગ્ય વિભાગ દ્વારા ક્યા વિસ્તારમાં કઈ રીતની કામગીરી ચાલી રહી છે તે બાબતે મુખ્યમંત્રીને રિપોર્ટ પહોંચતો કરવો જોઈએ.

અમદાવાદમાં હાલ કમળાના ૧૦૭ દર્દીઓની દવા ચાલુ છે, થોડા સમય પહેલા ડેન્ગ્યુએ માથું ઉંચકયુ હતું પરંતુ ફરી ડેન્ગ્યુએ દેખા દીધી છે. જો કે હાલમાં બે દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે ચિકનગુનિયામ બે દર્દીઓ હોવાનું કહેવાય છે. રાજ્યમાં નગર શહેર કે ગામડાઓમાંથી ગંદકીનો નિકાલ નહીં થાય ત્યાં સુધી પાણી જન્યરોગોને પડકારી શકાશે નહીં.

## સ્પાઈકરે લોન્ચ કરી વાયએનઆર શ્રેણી- વૈશ્વિક ટ્રેન્ડ્સથી પ્રેરિત એક તૈયાર કરેલ ડેનિમ લાઈન




ભારતાની અગ્રણી ફેશન જીન્સ-વેયર અને એક્સેસરીઝ બ્રાન્ડ સ્પાઈકરે વૈશ્વિક ટ્રેન્ડથી પ્રેરિત એક ખાસરીતે તૈયાર કરવામાં આવેલ ડેનિમ લાઈન વાયએનઆર શ્રેણી લોન્ચ કરી છે.પોતાની શ્રેષ્ઠ બારીકાઈ સાથે આ ટ્રેન્ડી રેન્જ વિશિષ્ટ સ્ટાઈલની ઉજવણી છે. વાયએન્ડઆર ડેનિમ સ્માર્ટ ફિટ્સમાં આવે છે, આની ખૂબ સારી રીતે વોશ થાય છે અને આ કલર્ડ લૂપ, મેટલ ડિટેલિંગની ખૂબીઓથી યુક્ત છે. આ કલેક્શન વૈશ્વિક પ્રેરણાઓને સાકાર કરે છે, જે વર્લ્ડ ક્લાસ સ્ટાઈલમાં સર્વશ્રેષ્ઠની શોધને પૂર્ણ કરી શકે છે.યુવા અને ઉત્સુક પેઢી માટે ડિઝાઈન કરેલ વાયએનઆર ડેનિમ સફર, તલાશ અને કાલાતીત યાત્રાઓના કિસ્સાને તાજા કરે છે. સ્પાઈકરનું માનવું છે કે, જ્યારે યુવા મનની વાત આવે છે, તો કોઈ સીમા હોતી નથી. તેમના રસ્તાં ખૂલી રહ્યાં છે અને ક્યારેયના પાર્ણ થવાવાળી સડક યાત્રામાં તેમને અનુભવ લેવા, શીખવા અને પોતાની શોધ કરવાથી રોકવું શક્ય નથી. તેઓ પોતાના દિલની વાત સાંભળે છે અને વધારે જોશથી પોતાના સપનાઓ પૂરાં કરવા માટે પોતાના જુનૂનને અજમાવે છે.ગર્મીઓની તમારી તમામ જરૂરિયાતો માટે પરફેક્ટ ડેનિમઃ ચેક્સ, સ્ટ્રિપ્સ, પેસ્ટલ્સ અને ફ્લોરલ્સ સાથે ખૂબ જ સુંદર લાગે છે. તો પોતાના યુવા તથા સ્ફૂર્તિથી ભરેલ જોશને જાળવી રાખવા માટે વાયએનઆર ડેનિમ કલેક્શનને ખરીદો.

## ફરાહ ખાન સોનમ કપૂરનું સંગીત કોરિયોગ્રાફ કરશે!



રમુજી ટાસ્કસ, અસીમિત કોમેડી અને તમારા મનપસંદ સ્ટાર્સની નિખાલસતા – કલર્સનો એન્ટરટેનમેન્ટ કી રાત ૯ લિમિટેડ એડિશન પાછું ફરે છે. આના બીજા એપિસોડમાં બોલીવુડની સૌથી ચહેતી કોરિયોગ્રાફર ફરાહ ખાન હોસ્ટ સૌમયા ટંડન સાથે નિખાલસ વાણીતમાં કેટલીક વિગતો છતી કરે છે. તેણી અનિલ કપૂર સાથેના પોતાના સબંધો અંગે અને સોનમના આવી રહેલ વિવાહમાં કેવી રીતે પોતે કોરિયોગ્રાફિંગ કરવાની છે તે છતું કરે છે. હા તમે સાચું સાંભળ્યું!આ સીઝનમાં સૌમ્યા ટંડનની સાથે, ઉમ્ફ અને પિત્ઝાનો ઉમેરો કરવા ટેલિવિઝન દીવા નેહા પેન્ડસે અને આરજે અભિલાષ જે કોમેડિયન મુબિન સૌદાગર, બલરાજ અને બાળ કલાકાર દિવ્યાંશ સાથે જોડાશે જે પોતાની જાણિતી સ્ટાઈલમાં તમને વિસ્મિત કરવા પાછા ફરી રહેલ છે.ફરાહ ખાન પોતાની મિત્ર, બી–ટાઉનની અભિનેત્રી રવિના ટંડન સાથે શોમાં દેખાશે.તમારા વીકએન્ડસને મનોરંજક બનાવો – એન્ટરટેનમેન્ટ કી રાત જ૯ લિમિટેડ એડિશન સાથે જોડાયેલા રહો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે માત્ર કલર્સ પર!

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સ્કેફલર ઈન્ડિયા લિ. દ્વારા ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર

મુંબઈ

અગ્રણી ઈન્ડસ્ટ્રીયલ અને ઓટોમોટિવ સપ્લાયર સ્કેફલર ઈન્ડિયા લિમિટેડ દ્વારા આજે ઘોષણા કરાઈ હતી કે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટર માટેના પરિણામો માન્ય રાખવામાં આવ્યા છે.જાન્યુઆરી-માર્ચ ૨૦૧૮-૦૪-૧૮- કુલ આવક (નેટ) ક્વાર્ટરમાં રૂ. ૫૪૫૮ મિલિયન નોંધાઈ છે જે અગાઉના ૨૦૧૭ના ક્વાર્ટર કરતાં ૧૪.૫ ટકા વધુ છે.ઈબીટી આ ક્વાર્ટર માટે રૂ. ૯૮૧ મિલિયન વધુ નોંધાઈ છે, જે ૨૦૧૭ના ક્વાર્ટરમાં ટોટલ ઈનકમ (નેટ) કરતા ૧૮ ટકા વધુ છે.આ ઉપરાંત આઈએનએ બેરિંગ્સ ઈન્ડિયા પ્રા. લિ., એલયુકે ઈન્ડિયા પ્રા. લિ. અને સ્કેફલર ઈન્ડિયા લિમિટેડ દ્વારા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા ૩૦ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ મર્જર સ્કીમ જાહેર કરાઈ હતી. સ્કેફલરઈન્ડિયા લિમિટેડ દ્વારા ત્રણ કંપનાઓના પ્રો-ફોર્મા આધારિત કોન્સોલિડેટેડ પરિણામો પણ પ્રકાશિત કરાયા હતા. પ્રો-ફોર્મા પ્રમાણે ક્વાર્ટર્લી (જાન્યુઆરી-માર્ચ ૨૦૧૮)ની કોન્સોલિડેટેડ ટોટલ ઈનકમ (નેટ) રૂ. ૧૧.૩૦ મિલિયન રહી છે જે ૨૦૧૭ના આ જ ગાળા કરતા ૧૬.૫ ટકા વધુ રહી છે. 'જેમ જેમ ઈકોનોમી વેગ પકડી રહી છે, અમે ૨૦૧૮ના પ્રથમ ક્વાર્ટરમાં સમગ્રપણે ગ્રોથના સાક્ષી બન્યા છીએ. અમારા બિઝનેસ ઓટોમેટિવ અને ઈન્ડસ્ટ્રીયલ સેક્ટર્સ દ્વારા સારા પરિણામો અપાયેલા છે અને અમને આશા છે કે આ ગ્રોથ ચાલુ રહેશે. આથી એવું પણ લાગે છે કે જીએસટી અમલીકરણની અસરોને પણ અમે પાછળ રાખી દીધી છે.'

## Flipkart અને ASUS ની ભારત માટે લાંબાગાળાની વ્યુહાત્મક ભાગીદારીની જાહેરાત કરી



ફોટો : શાંતી શાહ

ASUS, સ્માર્ટફોન અને આઈટી ટેકનોલોજીમાં તાઈવાની અગ્રણી, અને Flipkart, ભારતનું સૌથી મોટું ઈ-કૉમર્સ માર્કેટપ્લેસ, લાંબા ગાળાની વ્યુહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે કે જે Flipkart ને ASUS ના સ્માર્ટફોન માટે પ્રિમિયર પાર્ટનર અને વેચનાર બનતાં જોશે, એ મોડેલથી શરૂ કરીને જે ખાસ કરીને ભારતીય બજારોની જરૂરિયાત સંબોધવા માટે તૈયાર કરવામાં આવ્યુ છે.

આ ભાગીદારીનો હેતુ માત્ર Flipkart દ્વારા ઉત્પાદનોના વેચાણ અને માર્કેટીંગને આવરી લેવાનો નથી, પરંતુ નીચેના કાર્યક્ષેત્રોનો પણ સમાવેશ કરે છે:આ તક હેઠળ વિકસિત પ્રથમ-વિશ્વ પ્રોડક્ટ લોન્ચ કરવાની જાહેરાત કરતી બંને કંપનીઓ સાથે ભાગીદારીની શરૂઆત કરશેઃ Snapdragon 636 દ્વારા પ્રસ્તુત ઝેનફોન મેક્સ પ્રો ૨૩મી એપ્રિલ ૨૦૧૮ના રોજ. Flipkart સાથે ભાગીદારી ASUS દ્વારા ભારતીય બજારમાં તેની પ્રતિબદ્ધતાને વધુ ઉંડી કરવા અને ગ્રાહકોને કંપનીના વિકાસમાં વધુ ઈંધણ આપવા, અને બજારમાં તેની સ્થિતિને મજબૂત બનાવવા માટે અન્ય વ્યૂહાત્મક પ્રયત્નોની શ્રેણીમાંના મુખ્ય પગલાઓ પૈકી એક છે."Flipkart ભારતમાં સ્માર્ટફોનને અપનાવ્યા છે અને નવીનીકરણ અને ગ્રાહકો શું ઈચ્છે છે તેની ઉંડી સમજ કેળવી બજાર ઉભુ કર્યુ છે. ASUS સાથેની આ ભાગીદારીથી, અમે અમારી વ્યક્તિગત શક્તિ લાભ લેવા માટે સહકાર્ય દ્વારા તે પ્રયત્નો વધારી રહ્યા છીએભારતીય સમુદાયના ભાગ રૂપે પણ તેને વધુ એમ્બેડ કરવા, છજેંજી એ ભારતને ડિજિટાઇઝ કરવા માટે પણ અને તેના સીએસઆર પહેલ દ્વારા ભારતીય સમાજમાં જરૂરિયાતવાળા લોકોની ડિજિટલ શિક્ષણ સહાય કરવા માટે સમર્થન આપ્યું છે.

## ડો અગ્રવાલ આંખની હોસ્પિટલદ્વારા અભૂતપૂર્વ સર્જીકલ ટેક્નિક "ગ્લૂડ આઈઓએલ" દ્વારા નિવૃત શિક્ષક ની દ્રષ્ટિપાછી મેળવી આપી




અમદાવાદ

અગ્રવાલ આંખની હોસ્પિટલ, આંખની બિમારીઓ માટે સંપૂર્ણ ઉકેલ ઓફર કરતી એક વ્યાપક આંખની હોસ્પિટલએ અમદાવાદમાં સફળતાપૂર્વક યુનિકોડ ગ્લુડ આઈઓએલ અને અન્ય શસ્ત્રક્રિયા તરીકે ઓળખાતી તેની પ્રથમ સર્જરી અમદાવાદ ખાતે કરી છે.ગ્લૂડ આઈઓએલ એ આંખની અંદર નેત્રમણિ મુકવાની ખાસ ટેક્નિક છે. ગ્લૂડ આઈઓએલસર્જરી ના શોધક ડો અમર અગ્રવાલ છે.૬૫ વર્ષીય નિવૃત્ત શિક્ષક યુસુફ ભાઈ ભૂતકાળમાં જટિલ મોતિયાની શસ્ત્રક્રિયાના કારણે દ્રષ્ટિ ગુમાવવાને કારણે હારીને પોતાની આંખની સારવાર માટે ડો અગ્રવાલઆંખની હોસ્પિટલ ખાતે આવ્યા હતા. ડોક્ટર્સના પ્રાથમિક નિરીક્ષણ મુજબ દર્દીને અફેકિક બુલિસ કેરોટોપેથીને કારણે કોર્નેલ ડિકપેન્સેશન હતું. (જૂની જટીલ શસ્ત્રક્રિયાને કારણે કોર્નિયા ઝાંખી બની ગયી હતી) તેમને શસ્ત્રક્રિયા પછી કોઈ લેન્સ રોપાયો ન હતો. દ્રષ્ટિ એચએમ (હાથ ચળવળની ધારણા) હતી.જેને ટેક્નિકલ મેડિકલની ભાષામાં 'અફેકીક બુલલોસ કેરેટોપથી વિથ ડિસ્ટોર્ટેડ પ્યુપિલ' કહે છે.ડો અગ્રવાલઆંખ ની હોસ્પિટલ ના જોઈન્ટ મેડિકલ ડિરેક્ટર ડો નિરા કંજની દ્વારા આ દર્દી ને સારવાર આપવામાં આવી હતી શ્રી યુસુફ ની સારવાર 'પેનેટ્રેટિન્ગ કેરેટોપલાસ્ટી વિથ ગ્લૂડ આઈઓએલ વિથ પ્યુપિલોપલાસ્ટી' પધ્ધતિથી કરવામાં આવી હતી. ડો કંજની એ જણાવ્યું કે "આ સર્જરી માં ઘણા પડકાર હતા જેવા કે ઘણા સમયથી નેત્રમણિનોહતો, કિકી પણપારદર્શી નોહતી તદઉપરાંત આંખની પ્યુપિલપણતેના આકાર માં નોહતી અને છેલ્લે ડોનર કી કિકી પ્રત્યારોપિત કર્યા પછી તે કિકી તેમને અનુકૂળ આવે છે કે નહિ વગેરે." તેમને કહ્યું કે "દર્દીને હવે સારું છે તેમની દ્રષ્ટિ ૬/૨૪ છે. "

## &TVપર બિટ્ટી બિઝનેસવાલીમાં અભિનેતા અભિષેક બજાજ દબંગવાળી કરે છે



&TVનવો તાજગીપૂર્ણ શો બિટ્ટી બિઝનેસવાલી લાવવા માટે સુસજ્જ છે. યુપીમાં સ્થાપિત આ શો પાત્ર સાથે ગ્રાઉન્ડવર્ક કરે છે, જે સ્વાભિમાન કમાનેવાલી હાઈલાઈટ કરે છે અથવા બીજા શબ્દોમાં નાણાકીય આઝાદી સાથે સ્વમાન કમાણી કરે છે.આ મહત્ત્વપૂર્ણ પાત્ર ભજવવા માટે પુરુષનું મુખ્ય પાત્ર માહી માટે નિર્માણકારોએ લોકપ્રિય ટેલિવિઝન અભિનેતા અભિષેક બજાજને રોક્યો છે, જે અગાઉ શ્ફપર હિટ ટીવી સિરીઝ સંતોષી મામાં દેખાયો હતો. માહીના પોતાના વિવિધ શેડ્સ છે. તે મનનો હળવો છે, પરંતુ બહારી દુનિયા સામે રફ એન્ડ ટફ ઈમેજ ધરાવે છે. રેતીના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. વેપારી સૂઝબૂઝ તે પોતાના પિતા પાસેથી મેળવે છે અને કામ કઢાવવા માટે થોડો આક્રમક અને દબંગ પણ બને છે. આમ છતાં તે સંવેદનશીલ, વડીલોનો આદર કરનાર છે અને તેની પાસે સેન્સ ઓફ હ્યુમર પણ ઉત્તમ છે, જે તેની વન- લાઈનરમાંથી પ્રગટ થાય છે. તેનો પનારો બિટ્ટી સાથે કઈ રીતે પડે છે તે ખરેખર જોવા જેવું છે. ભારત સ્ત્રી સશક્તિકરણ અને નાણાકીય આઝાદી વિશે જે રીતે વિચારે છે તેમાં બદલાવ લાવવાનો તેનો હેતુ છે. આ ઉત્તમ ટીમ છે, જેની સાથે કામ કરવાની મજા આવી રહી છે અને શોની સંકલ્પના પર દર્શકોની પ્રતિક્રિયા કેવી છે તે જોવાની ઉત્સુકતા છે.

## સ્ટાર ઉત્સવ દ્વારા એપ્રિલમાં શોની પાવર પેક્ડ લાઈપ અપ જાહેર!

મુંબઈ

વીરા, રબ્બા વે અને કૈસા યે ઈશ્ક હૈ નામે આ શો સાથે ચેનલ સમુદાયોને સ્પર્શે તેવી રસપ્રદ વારતારેખા અને કન્ટેન્ટ લાવવા માટે વચનબદ્ધ છે અને દર્શકો સાથે તાત્કાલિક જોડાણ બનાવે છે.ભાઈ અને બહેન વચ્ચે વિશેષ જોડાણ પ્રદર્શિત કરવા એક વીર કી અરદાસ... વીરા હૃદયસ્પર્શી શો છે, જે રણવિજય અને તેની સાવકી બહેન વીરાના પ્રવાસ ફરતે વીટળાયેલો છે. શિવિન નારંગ અને દિગંગાના સૂર્યવંશી દ્વારા અનુક્રમે ભૂમિકા ભજવવામાં આવી છે, જેઓ સુંદર રીતે બે પાત્રો વચ્ચેના સંબંધો આગળ લાવે છે. સ્નેહા વાઘ રણવિજયની માતાની ભૂમિકા ભજવી રહી છે, જેણે પોતાના પતિના પ્રેમી બાળક વીરા સામે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની છે.ટેલિવિઝનના નામાંકિત કલાકાર બરુણ સોબતી અને સનાયા ઈરાણી દ્વારા મુખ્ય ભૂમિકા ભજવવા સાથે આ શો રબ્બા વે ચેનલના દર્શકોને મોહિત કરવા માટે સુસજ્જ છે. વારતા ખુશી આસપાસ વીટળાયેલી છે, જે લખનૌની અનાથ, મધ્યમ વર્ગની છોકરી છે અને સંપત્તિ વેપાર દિગ્ગજ અર્ણવ સિંગ રાયઝાદાની દીકરી છે. આરંભિક એપિસોડમાં દર્શકોને ભાવનાત્મક પળો જોવા મળી હતી જ્યારે હવે ખુશી અને અર્ણવ વચ્ચેના સંબંધો ફરતે વારતા વીંટળાયેલી છે. વારતા આગળ વધે છે તેમ સંબંધોમાં નવા પડાવ આવતા જોવા મળે છે અને ધિક્કાર હવે આકર્ષણમાં ફેરવાઈ રહ્યો છે. આ શોનું પ્રસારણ થઈ ચૂક્યું છે, જે રોજ સાંજે ૭ વાગ્યાથી માણી શકાય છે.કૈસા યે ઈશ્ક હૈ હરિયાણાના ગામની પાર્સ્વભૂમિમાં સ્થાપિત નવા યુગની પ્રેમકથા છે, જે શહેરી આત્મા અને દેશી હૃદયની વાત છે. આ વારતા યુવતી સિમરનની વારતા છે, જે અત્યંત લોકપ્રિય સુકૃતિ કંડપાલ દ્વારા ભજવવામાં આવી રહી છે અને હરિયાણ્વી છોકરો રાજવીરની ભૂમિકા ગૌરવ બજાજે ભજવી છે. વિરુદ્ધ આકર્ષણનો ઉત્તમ દાખલો તેઓ દર્શકોને પતિ રાજવીર અને તેના વારસાગત હરિયાણ્વી પરિવાર સાથે સંબંધોમાં પ્રવાસ કરાવે છે, જ્યાં તે માન્યતાઓ અને મૂલ્યોમાં વિસંગતી છતાં મન જીતે છે. આ શો હાલમાં પ્રસારિત થઈ રહ્યો છે રોજ સાંજે ૭.૩૦ વગ્યાથી.સ્ટાર ઉત્સવ દર્શકોને એપ્રિલથી તેમના ટેલિવિઝન સ્ક્રીન પર જકડી રાખી રહ્યો છે.જોતા રહો સ્ટાર ઉત્સવ આ એપ્રિલમાં તમારા મનગમતા શો જોવા માટે!

## આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ દ્વારા લાંબા ગાળાના રોકાણકારો માટે આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ સિરીઝ ૧ લોન્ચ



અમદાવ

આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ (આઈઆઈ એફ એલ એએમસી) દ્વારા આજે બજાર નીચામાં હોય તેની સામે હેજ સાથે ઊંચામાં ઈક્વિટીના લાભો આપવાનું લક્ષ્ય ધરાવતી યોજના આઈઆઈએફએલ કેપિટલ એન્હાન્સર ફંડ- સિરીઝ ૧ (ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સિક્યુરિટિઝમાં રોકાણ કરતી વાર્ષિક મધ્યાહન યોજના) લોન્ચ કર્યાની જાહેરાત કરી છે. આ યોજનાનું માળખું વાર્ષિક મધ્યાહન યોજના તરીકે કરવામાં આવ્યું છે, જેનો હેતુ નિફ્ટી ૫૦ પુટ ઓપ્શન અને અન્ય ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સાથે પોર્ટફોલિયો હેજ કરવી વ્યૂહરચના સાથે ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સિક્યુરિટિઝમાં રોકાણ કરીને લાંબે ગાળે મૂડી વૃદ્ધિ હાંસલ કરવાનો છે.ભારતમાં અસ્કયામત ફાળવણીના સંજોગો એવું સૂચવે છે કે રોકાણકારોએ ઈક્વિટીની સામે નિશ્ચિત આવકને અગ્રતા આપવી જોઈએ. આ એ ધારણામાંથી ઉદભવ્યું છે કે નિશ્ચિત આવક નિયમિતઅને સ્થિર વળતરો સાથે મૂડીની સુરક્ષા આપે છે, જ્યારે ઈક્વિટી જોખમનું ભાન દાખલ કરે છે. રોકાણકારો એ વાસ્તવિકતા ભૂલી જાય છે કે ટૂંકા ગાળે ઈક્વિટીઓ અસ્થિર હોય છે, પરંતુ લાંબે ગાળે તે સંપત્તિ નિર્માણ કરે છે. આઈઆઈએફએલ એસેટ મેનેજમેન્ટ ઈક્વિટીનાં જોખમો બાબતે રોકાણકારોની ભાવનાઓને સમજે છે અને તેમની સુધારિત સંભાવનાઓ આપીને તેમની ચિંતાઓને પહોંચી વળવાનો હેતુ ધરાવે છે. આ યોજના મુખ્યત્વે લાર્જ કેપ પોર્ટફોલિયોમાં રોકાણ કરશે અને નિફ્ટી ૫૦ પુટ ઓપ્શન સાથે પોર્ટફોલિયો હેજ કરશે. આથી રોકાણકારો એવી થીમમાં રોકાણ કરી શકે છે, જેનું લક્ષ્ય જોખમ લઘુતમ કરવું અને ઊંચામાં મહત્તમ લાભ લેવો. યોજનાનું લક્ષ્ય અનકેપ્ડ ઊંચામાં સંભાવના સાથે નીચામાં અંકુશ રાખીને ઉત્તમ વળતરો ઊપજાવવાનું છે. વાર્ષિક મધ્યાહન વિશિષ્ટતાથી રોકાણકારોને દર વર્ષે નિર્ધારિત લેણદેણના સમયગાળા દરમિયાન સબસ્ક્રાઈબ અથવા એક્ઝિટ કરવાનો વિકલ્પ મળે છે. ભારત રોકાણો માટે પાંચમી સૌથી આકર્ષક બજાર બનવા માટે સુસજ્જ છે.

## અશોક લેલેન્ડ નવીનતાની તેની સફરમાં આગેકૂચ જાળવી રાખશે



ચેન્નાઈ

હિંદુજા ગ્રૂપની મુખ્ય કંપની અશોક લેલેન્ડે આજે ચેન્નાઈમાં તેની એન્યુઅલ ગ્લોબલ કોન્ફરન્સ ૨૦૧૮માં તેનાં નવીન ઉત્પાદનો અને ઉદ્યોગમાં અગ્રણી સોલ્યુશન્સની સંપૂર્ણ રેન્જ પ્રસ્તુત કરી હતી. મ્જીૈફ એન્જિન માટે ઈન્ટેલિજન્ટ એક્ઝોસ્ટ રિસર્ક્યુલેશન (આઈઈજીઆર) અને ડિજિટલ માર્કેટ પ્લેસ (ડીએમપી જેવી સ્વદેશી નવીનતા સાથે ઉદ્યોગમાં અગ્રણી કંપની માટે વર્ષ રોમાંચક રહ્યાં પછી અશોક લેલેન્ડે નવીનતાની તેની સફરમાં અગ્રેસર થવાનું જાળવી રાખ્યું છે. "આ ગ્લોબલ કોન્ફરન્સ પ્લેટફોર્મ છે, જેનાં પર અમે ઉત્પાદનોમાં અમારી નવીનતાઓ અને સર્પોર્ટિંગ ટેકનોલોજીઓ પ્રદર્શિત કરીએ છીએ, જે અમને અમારી બ્રાન્ડ ફિલોસોફી 'આપકી જીત, હમારી જીત'ને આગળ વધારવામાં મદદ કરે છે. ૪૧ ફૂલ બિલ્ટ ટ્રક અને સ્ૈઈ લેફ્ટ-હેન્ડ-ડ્રાઈવ જેવા ઉત્પાદનો ચાલુ વર્ષે અમારી વૃદ્ધિને વેગ આપશે. એ જ રીતે નેટવર્કમાં અમારાં ઉદ્યોગમાં અગ્રણી સોલ્યુશન અને સ્પેર-પાર્ટ્સ વિશિષ્ટ છે તથા અમારી વ્યૂહરચનામાં સેવા આપવાની શ્રેષ્ઠ ક્ષમતા વધારે છે, જેનાં પરિણામે ગ્રાહકો ખુશ થાય છે. અમે ગ્રાહક સંતોષમાં લીડર છીએ અને નફાકારક વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ."

## એકાઉન્ટીંગ આઉટસૉર્સિંગ મલ્ટીનેશનલ કંપની ઊઠદ્વારા ગુજરાતમાં ૧૦૦૦ કર્મચારીની નિમણુંક કરી વિક્રમ હાંસલ કરાયો



અમદાવાદ

સ્થિત મલ્ટીનેશનલ એકાઉન્ટીંગ આઉટસૉર્સિંગ સર્વિસીસ જાયન્ટ QXGlobal Services LLP. દ્વારા ગુજરાતમાં ૧,૦૦૦મા કર્મચારીને નિમણુંક આપવાની સિધ્ધિ હાંસલ કરાઈ છેઅને તેના પરિણામે બ્રિટીશ હાઈકમિશનર તરફથી સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૧૦૦૦મા કર્મચારીની સિધ્ધિ માર્ચ, ૨૦૧૮માં હાંસલ કરવામાં આવી છે.આ પ્રસંગેબ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનર જ્યોફ વેઈન હાજર રહ્યા હતા અને કંપનીની સિધ્ધિનેબિરદાવી હતી. QXએ ગુજરાતમાં સૌથી મોટી એકાઉન્ટીંગ અને રિક્રુટમેન્ટ કેપીઓ કંપની છે, જે અમેરિકા અને યુ.કે.માં હાજરી ધરાવે છે અને ખાનગી તેમજ જાહેરક્ષેત્રની કંપનીઓને સર્વિસીસ પૂરી પાડી રહી છે.QXહાઈ ક્વોલિટી નોલેજ આધારિત સર્વિસીસ પૂરી પાડી રહી છે અને તેનું'ગુજરાતનીબેસ્ટ કેપીઓ કંપની'તરીકે બહુમાન કરવામાં આવેલું છે.કંપનીએગયાવર્ષે તેની મેનેજમેન્ટ ટીમમાં નોંધપાત્ર વધારો કરવા ઉપરાંતશ્રીસુમિત ગોસ્વામીનીગ્રૂપ સીઈઓ તરીકેઅને શ્રી પરસી પોસ્ટવાલાની ગ્રુપ સીઓઓ તરીકે નિમણુંક કરી છે. "QXકૌશલ્ય વિકાસ માટે કટિબધ્ધ છે. આ હેતુથી ઊઠ એકેડમી એ અમારી લેટેસ્ટ પહેલ છે. યુકે, યુએસ એકાઉન્ટીંગમાં વિસ્તૃત તાલિમ આપવામાં આવશે. તમામ સફળ ઉમેદવારોનેQXમાં ગેરંટીથી જોબ મળી રહેશે.આ રીતે અમે અમારી વૃધ્ધિ આગળ ધપાવવા માંગીએ છીએ અને એ દ્વારા ગુજરાત અને ભારતના વિકાસમાં યોગદાન આપવા માંગીએ છીએ.

# મામાનું ઘર કેટલે ?

છોકરાં રે !હો...રે !
ચાલો રમવા?શું શું રમવા?
મામાનું ઘર કેટલે ?દીવો બળે એટલે.
દીવો મેં તો દીઠો,મામો લાગે મીઠો.
મામે સામું જોયું,મનડું મારું મો'યું .
મામી બેઠા માળે,ભાણેજડાંને ભાળે.
ભાવે મામી બોલ્યાં તાજાં કેળા છોલ્યાં.

ઉપરોક્ત નાનકડી કવિતામાં મામાના ઘરે જવાની વાત વણી લેવામાં આવી છે. અને તે પણ બાળકો સમજી શકે એવી શૈલીમાં. વર્તમાન સમયમાં મામાના ઘરે જવાની વાત આપણને કેટલો આનંદ કરાવે છે એ એક વિચારવા પ્રેરે એવી બાબત છે. આ નાનકડી પરંતુ સમજવાલાયક કવિતા માણીએ અને સ્વયંને તપાસી જોઈએ.

ખેર, હાલમાં જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે આહારવિહાર અને રહેણીકરણીમાં જે પરિવર્તન આવ્યું છે એ આશ્ચર્યજનક છે. કોઈ એક સમય હતો જ્યારે બાળકો એમના મામાના ઘરે જવા તલપાપડ બની જતા હતા. ખૂબ લાંબા સમયગાળા પછી જ્યારે મામાના ઘરે જવાનું થાય ત્યારે બાળકોના ચહેરા પર ગજબનો

ઉત્સાહ જોવા મળતો. છોકરીઓ સરસ મજાના કપડાં અને એ જ રીતે છોકરા પણ નવાં કપડાં પહેરીને મામાના ઘરે જતી હતી.

ખેર, થોડા દિવસો પૂર્વે મને મનમાં એક પ્રશ્ન થયોઃ ' મામાનું ઘર કેટલે ,દીવો બળે એટલે ' એ જોડકણું કેમ રચાયું હશે ? બહુ વિચાર કરતા ખ્યાલ આવે છે કે પહેલાના સમયમાં બાળકો એમના મમ્મી પપ્પા સાથે મામાના ઘરે જતા હશે! રાત પડી ગઈ હશે.અને એ વખતે બાળકોએ માંહોમાંહે એટલે કે અંદરો અંદર પૂછ્યું હશે કે મામાનું ઘર કેટલે? અને કોઈકે જવાબ દીધો હશેઃ દીવો બળે એટલે! જ્યાં દીવો ટમટમે છે એ મામાનું ઘર છે. અને એક બાળક બીજા બાળકને કહે છે કે જ્યાં દીવો બળે છે એ મામાનું ઘર છે.

થોડા દિવસ પહેલાની વાત છે . મારી મમ્મીએ એના બાળપણની યાદ મારી સમક્ષ તાજી કરી. મમ્મી એની બહેનપણીની બંને હાથની હથેળીમાં ધૂળનો ઢગલો કરતી પછી એમાં લાકડાનો એક ટુકડો ઊભો ખોસતી. પછી મારી મમ્મી બહેનપણીની આંખોને એના બંને હાથ વડે દાબી દેતી હતી. પછી આખા ફળિયામાં ચક્કર લગાવતી. એ દરમિયાન કોઈ એક ઠેકાણે બહેનપણીને લાકડાના ટુકડા સાથેનો ધૂળનો ઢગલો નીચે મૂકી દેવામાં કહેવામાં આવતું. ત્યારબાદ જે જગ્યાએથી પ્રસ્થાન કર્યું હતું ત્યાં બંને જણ પરત આવતા. એ વખતે જેને માથે દાવ આવ્યો હતો એવી બહેનપણીની આંખો ઉઘાડી દેવામાં આવતી. પછી કહેવામાં આવતું. ' જા હવે ધૂળનો ઢગલો શોધી લાવ. '

ખેર, આ તો એક બાળરમત છે. આપણે જો આપણા માબાપને પૂછીશું કે તમે તમારા બાળપણમાં કેવી રમતો રમતા હતા? તો કદાચ ઉપરોક્ત રમત રમ્યાનું તેઓ જણાવશે. આજના બાળકો શું રમે છે અને ક્યારે રમે છે એ આપણામાંના મોટાભાગના લોકો સારી પેઠે જાણે છે. સગા સંબંધીને ત્યાં વિશેષ તો મામાને ત્યાં આપણે એક વર્ષમાં કેટલી વખત જઈએ છીએ ? કેવી રીતે જઈએ છીએ?

આ સવાલોના જવાબો આપણી જાતે શોધતા જઈએ. આજના બાળકોને જો એમ પૂછવામાં આવે કે મામાનું ઘર કેટલે તો કદાચ તેઓ એમ કહેશે કે 'એક્ટિવા મુકેલું દેખાય છે એટલે.'

આજે લગભગ દરેક ઘરમાં દ્વિચક્રી વાહન આવી ગયું છે. અમુકના ઘરે તમે જાવ અને જુઓ તો ઘરઆંગણે એક નહીં પણ બે કે ત્રણ દ્વિચક્રી વાહનો પડેલા જોવા મળશે. કેટલાકના ઘરે તો ફોર વ્હિલર વાહન જોવા મળશે. મામાનું ઘર કેટલે એમ પુછીએ તો બાળક હવે એમ પણ કહી શકે છે કે 'મારૂતિ દેખાય છે એટલે!'

સરેરાશ વ્યક્તિમાં ચાહે તે સ્ત્રી હોય કે પુરુષ ,મનોરંજન અને સગવડના સાધનોની માયા એટલી હદે વધી ગઈ છે કે માણસ પોતાનો મોટાભાગનો સમય સ્માર્ટફોન પાછળ વીતાવે છે. તે પોતાનું માથું નીચે રાખીને મોબાઈલમાં કશુંક ને કશુંક કરતો રહે છે. રહી વાત મામાના ઘરે જવાની તો મને કહેવા દો કે મામાના ઘરે જવાનું લોકોએ સાવ બંધ નથી કર્યું. આજે પણ લોકો મામાના ઘરે જાય છે. મારી મમ્મી કહે છે કે એમના વખતે છુક છુક ગાડી અને સરકારી બસોમાં સહુ એક ગામથી બીજે ગામ જતા હતા. તેઓ કાં તો બસમાં

અથવા તો છુક છુક ગાડીમાં મામાના ઘરે જતા હતા. ઘણી વખત તો પગે ચાલીને પણ બહારગામ જવાનું થતું હતું. તેઓ મામાના ઘરે પહોંચે એટલે એમની આગતાસ્વાગતા થતી. માટલાનું ઠંડું પાણી અને ત્યારબાદ સરસ મજાની ચા પીવડાવવામાં આવતી. આ રીતે યજમાન (જેના ઘરે પહોંચ્યા છીએ એ પરિવાર ) અતિથિનું સ્વાગત કરતો.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. આજે લોકો પોતાના વ્યકિતગત વાહનો સંગ મામાના ઘરે જતાં થયા છે. કેટલાક કિક મારીને તો વળી કેટલાક સેલ્ફ સ્ટાર્ટ બાઈક લઈને ગણતરીના કલાકોમાં મામાના ઘરે પહોંચતા થઈ ગયા છે. જેઓ સમજદાર છે, લાગણીથી તરબતર છે તેઓ મામા મામી અને એમના સંતાનો સાથે સંવાદ કરે છે. જેઓ પોતાની ધૂનમાં છે તેઓ એમ કરવાના બદલે મોબાઈલ ફોન પર વાતચિત કરવા મંડી પડે છે. જમવાના સમયે જમી લે છે. પછી પૂરતી વાતચિત કર્યા વિના, ખબર અંતર પૂછ્યા વિના ઘરે પરત જવા બાવરા બની જાય છે!

બાળકનું મોસાળ એટલે મમ્મીનું પિયર. આ એક એવી જગ્યા છે જ્યાં મમ્મીએ એની જિંદગીના મહત્તમ વર્ષો પસાર કર્યા છે. સુખ -દુખ, તડકી- છાંયડી વેઠીને માએ ત્યાં દિવસો પસાર કર્યા છે. મમ્મી વયમાં ગમે તેટલી મોટી થાય પરંતુ એનો પિયરપક્ષ તરફનો લગાવ લગીરેય ઓછો થતો નથી. એટલે તો બાળકો સાથે જ્યારે મમ્મી મામાના ઘરે જાય છે ત્યારે બધા સાથે ભળી જાય છે. જેટલી વાતો બાળકો નથી કરતા એટલી વાતો મમ્મી મામામામી સાથે કરે છે. આ સંબંધ છે. સંબંધને તાજો રાખવા માટે સ્વયં પહેલ કરવી અનિવાર્ય છે. આપણે એમ માનીએ કે સામે વાળી વ્યકિત પહેલ કરે, તો એવું કોઈક જ કિસ્સામાં બને છે.ખેર, બાઈબલમાં લખવામાં આવ્યું છે કે નમ્ર માણસ પરમસુખી છે. હું એમાં ઉમેરીશ કે ઉદાર માણસ પણ પરમસુખી છે. મને ખબર છે જ્યારે હું અને મારી મમ્મી મામાના ઘરે જઈએ છીએ ત્યારે કશુંક ને કશુંક લઈ જઈએ છીએ. માની લો કે કેળાની સિઝન છો તો કેળા લઈ જવા. સફરજનની મોસમ હોય તો સફરજન લઈ જવા. આમ કશુંક ને કશુંક લઈ જવું કે જેથી સામેવાળાને ખુશી થાય. આમ તો કહેવાય છે કે લોકો ભાવના ભૂખ્યા હોય છે. પણ આવું કશુંક લઈ જઈએ તો ચોક્કસ ફેર પડે છે. આજે કેટલા લોકો મામાના ઘરે જાય છે ત્યારે ફળફળાદી લઈ જાય છે ? ઘણા લોકો ફરિયાદ કરે છે કે બોસ ટાઈમ જ નથી મામાના ઘરે જવા માટે ! મામાના ઘરે જવા માટે સમય જ નથી એ વાત કેટલે અંશે માનવાયોગ્ય છે? શું ખરેખર આપણી પાસે મામાના ઘરે જવા માટે સમય નથી ?

અલબત્ત આજે લોકો નોકરી વ્યવસાયમાં એટલા બધા વ્યસ્ત થઈ ગયા છે કે એમને મામાનું ઘર યાદ આવતું હશે કે કેમ એ એક સવાલ છે. સમય બદલાયો છે. પરિસ્થિતિ બદલાઈ છે પણ એથી કંઈ સગાંસંબંધીઓ સાથેની નિસબત બદલાઈ નથી. મામાના ઘરે જવાની વાત આવે છે ત્યારે મને કહેવા દો કે તમે સ્વયં જો એમને ત્યાં જવાનું રાખશો તો તેઓ તમારે ત્યાં આવશે. જો તમે જ નહીં જાવ તો તેઓ કેવી રીતે તમારે ત્યાં આવે! છાશવારે મામાને ત્યાં જવાને બદલે અમુક સમયના અંતરે જવાનું રાખીએ.

ખેર,મોબાઈલ ફોન આવી ગયા હોવાથી લોકો હવે ક્યારેક માત્ર ફોન કરીને ખબરઅંતર પૂછી લેતાં હોય છે. તેઓ રૂબરૂ મળવાનું ટાળે છે. વળી, હવે વાહનવ્યવહાર પણ સુલભ બન્યો છે.લગભગ દરેક જણ પાસે ટુવ્હીલર આવી ગયું છે. કિકવાળું વાહન હોય તો કિક મારીને અને સેલ્ફસ્ટાર્ટની સગવડ હોય તો એ રીતે ગણતરીના કલાકોમાં જ્યાં જવું હોય ત્યાં જઈ શકાય છે.

આપણા મમ્મીપપ્પાના વખતમાં આજના જેવી સુવિધા નહોતી. એ લોકોને તો રોડ પર કલાક-અડધો કલાક વાહનની રાહ જોતાં ઊભું રહેવું પડતું હતું. રાહ જોયા બાદ બસ આવતી પછી એમાં બેસીને જે તેઓ જે તે ગામ કે શહેરમાં જતા હતા. ખરુ પૂછો તો તેઓ એ રીતે પણ જતા હતા આજે કેટલા લોકો મામાના ઘરે ઉત્સાહથી જાય છે?

**-અમિત ચૌહાણ,ખ્રિસ્તી મહોલ્લો,વલાસણ, તા.જી. આણંદ**

# ખેલફલક

જેમાં ક્રિકેટથી માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## કોમનવેલ્થ ગેમ્સઃ શુટીંગમાં મિથરવાલને બ્રોન્ઝ મેડલ મળ્યા



કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. ઓમ મિથારવાલે ૫૦ મીટર પિસ્ટોલ મેન્સ ફાઈનલમાં કાંસ્ય પદક જીતી લીધો છે. કોમન વેલ્થ ગેમ્સમાં અત્યાર સુધીમાં ૨૨ મેડલ જીત્યું છે. નિશાનેબાજ ઓમ મિથારવલે ૧૦ મીટર પિસ્ટોલ મેન્સ એર પિસ્ટલની ફાઈનલમાં કાંસ્ય પદ જીત્યો છે.ભારતે શૂટિંગમાં પોતાનું પ્રભુત્વ વધારવાની કોશિષ કરશે કારણ કે જીતુ રાય અને અંકર મિતલ ક્રમશઃ ૧૦ મીટર એર પિસ્તોલ અને પુરુષ ડબલ ટ્રેમ્પમાં ભાગ લીધો છે. બોકસિંગમાં એમસી મેરી કોમ સેમિફાઈનલમાં શ્રીલંકા સામેની ખેલાડી સામે વુમેન્સમાં ૪૮ કેજી વર્ગમાં પદક જીતવાનો પ્રયત્ન કરશે.ભારતીય હોકી ટીમ ઈંગ્લેન્ડ સાથે પોતાની છેલ્લી પૂલ બી મેચ રમશે જે નક્કી કરશે કે કોણ પૂલમાં સૌથી ઉપર રહેશ અને જેઓ સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાથી બચી શકશે. ગોલ્ડ કોસ્ટમાં ચાલી રહેલા ૨૧માં કોમનવેલ્થ ગેમ્સમાં ૨૫ મીટર પિસ્ટલ સ્પર્ધામાં ભારતની હિના સિદ્ધુએ ગોલ્ડમેડલ જીત્યો હતો.



## કોમનવેલ્થ ગેમ્સ,૨૦૧૮માં ૬૬ મેડલ્સ સાથે ભારત ત્રીજા સ્થાને રહ્યું

૨૧માં કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓ મેડલ જીતવામાં ત્રીજા નંબરે આવ્યાં છે. ગોલ્ડ કોસ્ટમાં ભારતે કુલ ૬૬ મેડલ જીત્યા છે. જેમાં ૨૬ ગોલ્ડ, ૨૦ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલ મેળવ્યાં છે. ઓસ્ટ્રેલિયા પાસે ૮૦ ગોલ્ડ અને ઈંગલેન્ડમાં ૪૪ ગોલ્ડ જીતીને ક્રમશઃ પહેલા અને બીજા સ્થાન પર છે. આ પહેલા ૨૦૧૦ દિલ્હી કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે સૌથી વધારે ૩૮ ગોલ્ડ મેડલ જીત્યા હતાં.

તો જોઈએ આ ગેમ્સમાં ભારતનું પ્રદર્શન કેવું રહ્યુ.

ભારતીય એથલીટોએ ૯ રમતોમાં મેડલ મેળવ્યાં છે જેમાં શૂટિંગમાં સૌથી વધારે ગોલ્ડ મેડલ મેળવ્યાં છે. આ પછી વેટલિફટીંગમાં પહેલીવાર ૫ ગોલ્ડ મેડલ જીતીને ભારતે ઈતિહાસ રચ્યો છે.

નિશાનબાજીઃ ૭ ગોલ્ડ, ૪ સિલ્વર, ૫ બ્રોન્ઝ, કુલ ૧૬, કુસ્તીઃ ૫ ગોલ્ડ, , ૩ સિલ્વર, ૪ બ્રોન્ઝ, કુલ ૧૨, બોક્સિંગઃ ૩ ગોલ્ડ, , ૩ સિલ્વર, ૩ બ્રોન્ઝ, કુલ ૯, ટેબલ ટેનિસ : ૩ ગોલ્ડ, , ૨ સિલ્વર, ૩ બ્રોન્ઝ, કુલ ૮, બેડમિન્ટનઃ ૨ ગોલ્ડ, , ૩ સિલ્વર, ૧ બ્રોન્ઝ, કુલ ૬, એથલેટિક્સઃ ૧ ગોલ્ડ, , ૧ સિલ્વર, ૧ બ્રોન્ઝ, કુલ ૩, સ્કવૈશઃ ૦ ગોલ્ડ, , ૨ સિલ્વર, ૦ બ્રોન્ઝ, કુલ ૨, પેરા પાવરલિફ્ટીંગ : ૦ ગોલ્ડ, , ૦ સિલ્વર, ૧ બ્રોન્ઝ, કુલ ૧

શુટિંગમાં ભારતે સૌથી વધારે ૭ ગોલ્ડ સહિત કુલ ૧૬ મેડલ જીત્યા. અનીશ ભાનવાલા, મેહલી ઘોષ અને મનુ ભાકર જેવા યુવા નિશાનેબાજો સિવાય હીના સિદ્ધુ, જીતુ રાય અને તેજસ્વિની સાવંત જેવા અનુભવી નિશાનેબાજો પણ ભારત માટે મેડલ જીત્યા.

બેડમિંટનમાં ભારતને કુલ ૬ મેડલ મળ્યા. ભારતે મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો અને સાથો સાથ મહિલા સિંગલમાં સાઈના નેહવાલે અને પીવી સિંધુએ ગોલ્ડ અને સિલ્વર અપાવ્યા. પુરુષ સિંગલમાં ભારતના કિદાંબી શ્રીકાંતને ફાઈનલમાં ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ મલેશિયાના લી ચોંગ વેઈથી હાર્યા.

ટેબલ ટેનિસમાં ભારતને કુલ ૮ મેડલ મળ્યાં છે. આ સિવાય મહિલા સિંગલમાં મણિકા બત્રાએ ગોલ્ડ મેડલ જીત્યો.પુરુષ યુગલ અને મહિલા યુગલ મુકાબલામાં ભારતને સિલ્વર મેડલ મળ્યો.

રેસલિંગમાં ભારતે ૫ ગોલ્ડ, ૩ સિલ્વર, અને ચાર બ્રોન્ઝ સહિત કુલ ૧૨ મેડલ જીત્યા છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કોમલ્વેલ્થ ગેમ્સમાં સાયના નેહવાલે સિધુને હરાવી જીત્યો ગોલ્ડ, શ્રીકાંતને સિલ્વર





**ટીમ સ્પીરીટ**

લંડન ઓલ્મપિકની કાંસ્ય પદક વિજેતા સાયના નેહવાલે રિયો ઓલ્મપિકની રજત પદક વિજેતા પી.વી. સિધુને હરાવીને ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં થઈ રહેલા ૨૧માં કોમનવેલ્થ ગેમ્સમાં આજે મહિલા બેડમિન્ટન એકલ વર્ગમાં સુવર્ણ મેડલ જીતી લીધો છે. સાયના આની સાથે કોમનવેલ્થમાં બે સુવર્ણ પદક જીતનારી પહેલી ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી બની ગઈ છે. જ્યારે સિધુને હારના કારણે રજત પદકથી સંતોષ માનવો પડ્યો.વર્લ્ડ નંબર ૧૨ સાયનાએ આ પહેલા ૨૦૧૦માં દિલ્હીમાં આયોજીત કોમનવેલ્થ ગેમમાં પણ ગોલ્ડ મેડલ પોતાને નામે કર્યો હતો.લંડન ઓલ્મપિકની કાંસ્ય પદક વિજેતા સાયનાએ સિધુને ૫૬ મિનિટ સુધી ચાલેલ આ મેચમાં ૨૧-૧૮, ૨૩-૨૧થી માત આપીને બીજો ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. સાયનાએ પહેલી મેચમાં સારી શરૂવાત કરીને ૮-૪થી આગળ હતી. વધારે અનુભવી હોવાને કારણે સિધુને વધારે પોઈન્ટ લેવા ન દીધા. જો કે સિધુએ પણ સારી લડત આપી અને સ્કોર ૧૮-૨૦ કરી લીધો હતો. ગેમના અંતે ૨૧-૧૮ કરીને સાયનાએ ગેમ પોતાના નામે કરી લીધી હતી.ભારતે અત્યાર સુધી ૬૦ મેડલ જીત્યા છે. જેમાં ૨૫ ગોલ્ડ, ૧૬ સિલ્વર અને ૧૯ બ્રોન્ઝ મેડલ સામેલ છે. ભારતના બેડમિંટન સ્ટાર કિદાંબી શ્રીકાંત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૮માં ગોલ્ડ મેડલ જીતવામાં અસફળ રહ્યાં છે. તેમને મલિશિયાના ચોંગ વી. લી.એ શ્રીકાંતને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો છે. ચોંગે શ્રીકાંતને ૨૧-૧૯, ૧૪-૨૧ અને ૧૪-૨૧થી હરાવીને ગોલ્ડ જીત્યો છે. જ્યારે શ્રીકાંતને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો છે.

## સ્પોર્ટ્સ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં ભારતમાં સૌથી મોટી ઉંમરે ફર્સ્ટ કલાસ ક્રીકેટમાં બેવડી સદી કરનાર ખેલાડી કોણ છે ?

૨. હાલમાં ભારતમાં ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં ૮૧ સદી કરનાર બે ખેલાડીઓ કોણ છે ?

૩.વિશ્વમાં વન-ડે માં છેલ્લા બોલે 'વિનીંગ સિકસ' લગાવનાર પ્રથમ ખેલાડી કોણ છે ?

૪. વિશ્વમાં ટવેન્ટી-૨૦ માં છેલ્લા બોલે 'વિનીંગ સિકસ' લગાવનાર પ્રથમ ખેલાડી કોણ છે ?

૫. 'લેવર કપ' કઈ રમતમાં અપાય છે ?

૬. 'રાયડર કપ' કઈ રમતમાં અપાય છે ?

૭. ૨૦૨૨ માં કોમનવેલ્થ ગેમ્સ કયાં યોજાશે ?

૮. હાલમાં જ પ્રતિષ્ઠીત ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપમાં ભારતની પી.વી.સિંધુ કઈ મહિલા ખેલાડીને હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશી હતી ?

૯. હાલમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના સીઈઓ કોણ છે ?

૧૦. અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય ટવેન્ટી-૨૦ અને વન-ડે માં છેલ્લા બોલે સિકસ ફટકારી વિજય અપાવનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ છે ?

૧૧. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ માટે ગુજરાતના કયા ખેલાડીની પસંદગી ટેબલ ટેનીસ ટીમમાં થઈ છે ?

૧૨.હાલમાં જ કયા ખેલાડીએ ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી ? કયા ખેલાડીને હરાવીને ?

૧૩. હાલમાં જ કઈ મહિલા ખેલાડીઓ ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી ? કઈ મહિલા ખેલાડીને હરાવીને ?

જવાબઃ

૧.હાલમાં ભારતમાં સૌથી મોટી ઉંમરે ફર્સ્ટ કલાસ ક્રીકેટમાં બેવડી સદી કરનાર ખેલાડી સી.કે.નાયડુ છે.

૨. હાલમાં ભારતમાં ફર્સ્ટ કલાસ ક્રિકેટમાં ૮૧ સદી કરનાર બે ખેલાડીઓમાં સુનીલ ગાવસ્કર અને સચિન તેંડુલકર છે.

૩.વિશ્વમાં વન-ડે માં છેલ્લા બોલે 'વિનીંગ સિકસ' લગાવનાર પ્રથમ ખેલાડી પાકિસ્તાનના જાવેદ મીયાંદાદ છે.

૪. વિશ્વમાં ટવેન્ટી-૨૦ માં છેલ્લા બોલે 'વિનીંગ સિકસ' લગાવનાર પ્રથમ ખેલાડી શ્રીલંકાના ચમારા કાપુગેહરા છે.

૫. 'લેવર કપ' ટેનીસ રમતમાં અપાય છે.

૬. 'રાયડર કપ' ગોલ્ફ રમતમાં અપાય છે.

૭. ૨૦૨૨ માં કોમનવેલ્થ ગેમ્સ બર્મીંગહામ (યુ.કે.) ખાતે યોજાશે.

૮. હાલમાં જ પ્રતિષ્ઠીત ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપમાં ભારતની પી.વી.સિંધુ જાપાનની ઓકુહારાને ૨૨-૨૦, ૧૯-૨૧, ૨૧-૧૮ થી મહિલા ખેલાડીને હરાવીને સેમી ફાઈનલમાં પ્રવેશી હતી.

૯. હાલમાં કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનના સીઈઓ ડેવિડ ગ્રેવેજ બર્ગ છે.

૧૦. અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય ટવેન્ટી-૨૦ અને વન-ડે માં છેલ્લા બોલે સિકસ ફટકારી વિજય અપાવનાર પ્રથમ ભારતીય ખેલાડી દિનેશ કાર્તિક છે.

૧૧. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સ માટે ગુજરાતના સુરતના આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ ખેલાડી હરમીત દેસાઈ નામના ખેલાડીની પસંદગી ટેબલ ટેનીસ ટીમમાં થઈ છે.

૧૨.હાલમાં જ ચીના શીયુકીએ પોતાના જ દેશના લીન ડાનને ૨૧-૧૯, ૧૬-૨૧ અને ૨૧-૯ થી હરાવીને ખેલાડીએ ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી .

૧૩. હાલમાં જ તાઈવાનની તાઈત્ઝુએ જાપાનની એકીન ચામાગુચીને ૨૨-૨૦ અને ૨૧-૧૩ થી હરાવીને મહિલા ખેલાડીઓ ઓલ ઈંગ્લેન્ડ બેડમીન્ટન ચેમ્પિયનશીપ જીતી હતી.

**-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)**

## રોમાંચક રમત રમીને સફળતા મેળવનાર મહિલા ખેલાડીઓના અંગત જીવનની કરૂણતા

**ખેલના મેદાનમાંથી**

કમલેશ કંસારા

ટેનીસ સ્ટાર માર્ટીન નવરાતીલોવા હોય કે પછી ઓલિમ્પિકમાં ચાર ચાર ગોલ્ડમેડલ જીતનારી જિમનાસ્ટીક ઓલ્ગા કોબેટ હોય, મોટા ભાગની મહિલા ખેલાડીઓનું અંગત જીવન દુઃખ ભરેલું હોયછે. મોટા ભાગની જીમનાસ્ટીક ટેનીસ તેમજ સ્વીમર મહિલા ખેલાડીઓને કોઈને કોઈ રીતે સતામણી થતી જ હોય છે.કયારેક એમના મા બાપ હેરાન પરેશાન કરતા હોય છે. તો કયારેક એમના કોચ ગુરૂ તરફથી જાતીય સતામણી થતી હોય છે.

ઓલ્ગા કોર્બેટ ઈ.સ.૧૯૭૦ થી ૧૯૮૦ ના દાયકામાં એક વર્લ્ડ પ્રસિદ્ધ જીમનાસ્ટ ગણાતી હતી એણે પોતાના જીવન અંગે લખેલ પુસ્તકમાં એના કોચ રેનોલ્ડ નાઈસ એની તથા એના જેવી બીજી અનેક યુવાન મહિલા ખેલાડીઓની જાતીય સતામણી કર્યાનો ઉલ્લેખ કર્યો હતો. ઓલ્ગાએ ૧૯૭૨ અને ૧૯૭૬ માં ઓલિમ્પિક રમતોત્સવમાં ચાર ચાર ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા છે. માત્ર ૧૭ વર્ષની વયે સૌ પ્રથમ વાર એની જાતીય સતામણી થઈ હતી. એનો કોચ એની જાતીય સતામણી ઉપરાંત કયારેક એને માર પણ મારતો હતો.

વિમ્બલ્ડન ટેનીસમાં સતત નવ વરસ સુધી વિજેતા રહેનાર ટેનીસ સ્ટાર માર્ટીના નવરાતીલોવાનું અંગત જીવન ખુબ જ દુઃખી હતું. એને એના પિતા તરફથી ત્રાસ ગુજારવામાં આવતો હતો. એટલે તે હંમેશા એના પિતાથી ઘણે જ દુર રહેતી હતી.

રોમાનીયાની મહિલા ખેલાડી નાદિયા કોમેન્સીને વિશ્વ એક જાણીતી જીમ્નાસ્ટીક તરી-કે ઓળખે છે. એણે પોતાના દેશ રોમાનીયા માટે બેસ્ટ જીમ્નાસ્ટનો ખિતાબ પણ પ્રાપ્ત કર્યો હતો. એની પણ જાતીય સતામણી થયાના સમાચાર સાંભળવા મળ્યા હતા. એને એના કોચ દ્વારા જાતીય સતામણી થતા છેવટે રોમાનીયા છોડીને અમેરીકા જતા રહેવું પડયું હતું. હાલમાં તે અમેરીકામાં જ રહે છે.

ફ્રાન્સની મેરી પિયર્સ નામની મહિલા ટેનીસ સ્ટારને ખુદ પોતાનો પિતા જ હેરાન પરેશાનત કરતો હતો. બંને વચ્ચેનો વિવાદ એટલો બધો વધ્યો હતો કે મેરી પીયર્સે પોતાના પિતા વિરૂદ્ધ અદાલતમાં કેસ દાખલ કરીને મદદ માંગી હતી. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે એના પિતાએ પિયર્સથી દુર રહેવું પડશે.

ટેનીસ એથ્લેટીકસ જેવી રમતોમાં મહિલા ખેલાડીઓ સામાન્ય ઘરમાંથી આવતી હોય છે. ટેનિસમાં ખેલાડીને પૈસા ઘણા મળે છે. એટલે પૈસા મેળવવાની લાલચમાં મા બાપ પોતાના સંતાનો પર ખુબ જ બળજબરી કરે છે અને પોતાની દિકરી રમતમાં સારો દેખાવ ના કરે તો તેને માનસિક ત્રાસ આપતા હતા. મહિલા ખેલાડીઓ ખુબ જ નાની ઉંમરમાં મેદાનમાં ઉતરે છે એટલે એમના મા બાપ પણ સતત એની ચોકીદારી કરતા હોય છે. એટલે પ્રારંભમાં માતા પિતાના ડરથી એમનામાં કોઈ જ પ્રકારની હિંમત હોતી નથી. સામે કહેવાની અને જયારે એમનામાં હિંમત આવે છે ત્યારે એમના મુલાયમ મન પર ઘણા ઘા પડી ચુકયા હોય છે. કયારેક પોતાનું દુઃખ ભુલવા નશીલી દવા લે છે. જ્યારે કેટલીક મહિલા ખેલાડીને ડ્રગ્સ લીધા વગર ચાલતું જ નથી. ઘણી મહિલા ખેલાડીઓએ કોઈ બીજો રસ્તો ન જોતાં પોતાના કોચ, ગુરૂ સાથે જ લગ્ન કરી લેવાના કિસ્સા અવારનવાર અખબારમાં વાંચવા મળે છે.

માર્ટીના હીંગીસનું કુટુંબ જીવન પણ ખુબ જ દુઃખ ભરેલું છે. તે એના માબાપથી અલગ થઈને એકલી જીવન પસાર કરે છે એને એના માબાપ ગમતા નથી.

ટેનીસ રમતની મહીલા ખેલાડી સ્ટેફીગ્રાફનું અંગત જીવન ખુબ જ દુઃખમય છે.એના પિતા પીટરને દિકરીની આવક એટલી બધી ગમી ગઈ હતી કે એણે સરકારને ટેકસ પણ ભર્યો નહોતો. સ્ટેફીએ પોતાની બધી જ કમાણી પોતાના બાપને સોંપી દીધી હતી પરંતુ જ્યારે એને ખબર પડી કે મારા પિતાએ સરકારને આવકવેરો ભર્યો નહોત ત્યારે તે ઘણી જ દુઃખી થઈ ગઈ હતી. જ્યારે સ્ટેફી સામે ટેકસ અંગે કેસ ચાલ્યો ત્યારે એના પિતા પીટરે કોઈ જ મદદ કરી નહોતી.

શ્રીલંકાની દોડવીર મહીલા સુસાંતિકાએ એના કોચ પર એવો આરોપ મુકયો હતો કે એની જાતીય સતામણી દ્વારા પરેશાન કરતો હતો. ત્યારબાદ એની પર નશીલી દવાઓના સેવન કરવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. ક્રોએશિયાની મીરઝાના લ્યુસીક નામની મહિલા ખેલાડી જ્યારે પણ પોતાની રમત હારી જતી ત્યારે એનો પિતા એને ખુબ જ માર મારતો હતો. એ વખતે તે માત્ર પંદર વર્ષની જ હતી. પિતાનો માર સહન નહીં કરી શકવાના કારણે તે અઢાર વરસની ઉંમરે પોતાના પિતા સાથેના સંબંધો કાપીને અલગ રહેવા લાગી હતી.રમત ગમતના શોખીનોને પોતાની રોમાંચક રમતો દ્વારા આનંદ આપનારી મોટા ભાગની મહિલા ખેલાડીઓની અંગત જીવનમાં ખુબ જ પરેશાની જોવા મળે છે. એમનું અંગત જીવન એટલું બધું દુઃખી હોય છે કે તેઓ પોતાના મનની વ્યથા બીજા કોઈને પણ કહી શકતી નથી. અને મનમાં ને મનમાં રીબાતી રહે છે. છેવટે પોતાનું દર્દ ભુલવાને માટે કયાં તો આડા રસ્તે ચઢી જાય છે અથવા તો એમની કારકીર્દીનો અંત આવે છે અને અંતે ડ્રગ્સ જેવી નશીલી દવાઓના સહારે પોતાનું જીવન ટુંકાવે છે. અને ૫૩૪ મી પ્રથમ શ્રેણીની મેચ હતી.

**-કમલેશ કંસારા**

## કોમનવેલ્થ ગેમ્સઃ બોક્સિંગમાં સુપરમોમ મેરીકોમે ગોલ્ડ જીત્યા

**ટર્નીંગ પોઈન્ટ**



મહિલા બોક્સિંગની ૪૫-૪૮ કિલોગ્રામ કેટેગરીની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો છે. આ દિગ્ગજ બોક્સરે ફાઈનલમાં ઈંગલેન્ડની ક્રિસ્ટિના ઓ ને હરાવી ૫-૦થી માત આપીને પહેલી વખત કોમનવેલ્થ ગેમમાં મેડલ પ્રાપ્ત કર્યો.

મેરી કોમે પહેલાં રાઉન્ડમાં ધીરજ દેખાડી અને તકની હાર જોઈએ. તેમને તક પણ મળી જેને તેમણે પોતાના પંચનો ખૂબ સારી રીતે ઉપયોગ કર્યો. મેરી કોમ ધીમે-ધીમે આક્રમક થઈ રહી હતી. બીજા રાઉન્ડમાં મેરીકોમે પોતાના અંદાજ ચાલુ રાખ્યો. ત્યાં ક્રિસ્ટિના કોશિષ તો કરી રહી હતી પરંતુ તેના પંચ ચૂકાઈ રહ્યા હતા. જ્યારે મેરી કોમ મુકાબલો આગળ વધારવાની સાથે આક્રમક થતી ગઈ અને હવે જૈબની સાથે પોતાના લેફ્ટ હકનો પણ સારો ઉપયોગ કરી રહી હતી. હવે તે પોતાના ફૂટવર્કનો સારો ઉપયોગ કરતાં ક્રિસ્ટિના પર દબાણ બનાવ્યું હતું. ત્રીજા અને છેલ્લાં રાઉન્ડમાં ક્રિસ્ટિના પણ આક્રમક થઈ ગઈ હતી અને પાંચ વખતની વિશ્વ ચેમ્પિયનને સારી ટક્કર આપી રહી હતી, પરંતુ મેરી કોમે પોતાના ડિફેન્સ પણ મજબૂત કરતાં જીત પ્રાપ્ત કરી.

ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં આયોજીત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૧૮માં ભારતીય ખેલાડીઓનો દબદબો ચાલુ છે. એક વખત ફરીથી દેશનો પરચમ લહેરાવતા બોક્સર મેરી કોમે ભારતને વધુ એક ગોલ્ડ અપાવ્યો છે. મેરીકોમે ૪૮ કિલોગ્રામ કેટેગરીની બોકસિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો. આમ જોવામાં આવે તો ભારતને અત્યાર સુધીમાં ૧૮ ગોલ્ડ મેડલ મળી ચૂકયો છે.મેરી કોમે શનિવારના રોજ ૨૧મા રાષ્ટ્રમંડલ રમતોના ૧૦મા દિવસે શનિવારના રોજ

## આઈપીએલ : ચેન્નાઈને ફટકો,રૈના ઈજાગ્રસ્ત થતાં બે મેચ માટે બહાર

૨ વર્ષ બાદ IPLમાં પરત આવનારી ચેન્નાઈ સુપરકિંગ્સ આમ તો પોતાની શરૂઆતી બંને મેચ જીતીને જોરદાર લયમાં નજરે જોવા મળી રહી છે. પરંતુ એ પણ સત્ય છે કે ધોની માટે એક ખરાબ સમાચાર આવી જ જાય છે. હવે માહિતી એવી મળી રહી છે કે ટીમનો મજબૂત સાથે સુરેશ રેનાને ઈજા પહોંચી છે. જેના લીધે આગળની બે મેચ રમી શકશે નહીં. પગના સ્નાયુ ખેંચાઈ જવાથી એ રમશે નહીં.

જાણકારી પ્રમાણે રેનાને રિકવર થવામાં ૧૦ દિવસનો સમય લાગશે. કિંગ્સ ઈલેવન પંજાબ વિરુદ્ધ મેચ દરમિયાન એને આ ઈજા પહોંચી હતી.

ટીમના સ્ટાર ઓલરાઉન્ડર અને કેપ્ટન



ધોનીનો ભરોસોમંદ ખેલાડી રેના

હવે પંજાબ અને રાજસ્થાન રોયલ્સની વિરુદ્ધ થનારી મેચ રમી શકશે નહીં. બંને મેચોમાં કોઈ ખાસ પ્રદર્શન કર્યા વગર આવી રીતે બહાર થઈ જવું એમના ચાહકોને સારું લાગશે નહીં.

આ પહેલા કેદાર જાધવ પણ પૂરી સિઝન માટે બહાર થઈ ગયા હતા.

ચોટિલ મુરલી વિજય હજુ સુધી ઠીક થયા નથી તો દ.આફ્રિકી કેપ્ટન ફાફ ડુ પ્લેસિસને પણ આંગળી પર ઈજા અને સાઈડ સ્ટ્રેનથી પીડિત છે.

## કોમનવેલ્થ ગેમ્સઃ ડબલ ટ્રેપ શુટિંગ સ્પર્ધામાં શ્રેયસી સિંહ ગોલ્ડ મેડલ જીતી

૨૧મી કોમનવેલ્થ ગેમના સાતમા દિવસે ભારતની શરૂઆત બ્રોન્ઝ સાથે થઈ, પરંતુ થોડીક જ વારમાં શુટર શ્રેયસી સિંહે મહિલા ડબલ ટ્રેપ સ્પર્ધાને ગોલ્ડ મેડલ જીતાડ્યો. ફાઈનલમાં શ્રેયસીએ શુટ ઓફ બાદ ૯૬+નો સ્કોર કર્યો. તેમણે શુટ આફની પોતાની ઓસ્ટ્રેલિયન હરિફ એમ કોક્સ (૯૬+૧)ને પછાડી. ઉલ્લેખનીય છે કે શ્રેયસી અને એમા ૯૬ના સ્કોર પર બરાબર રહી હતી. ત્યારબાદ શુટ ઓફ થયો. ભારતની વર્ષા વર્મન ૮૬ અંકોની સાથે ચોથા નંબર પર રહી. સ્કોટલેન્ડની લિંડા પિયરસન (૮૭)એ બ્રોન્ઝ પ્રાપ્ત કર્યો.

ભારતની એમસી મેરીકોમ બુધવારે બોક્સિંગના ૪૮ કિલો કેટેગરીમાં શ્રીલંકાની અનુષાને હરાવીને ફાઈનલમાં પહોંચી ગઈ છે. મેરીકોમે અનુષાને ૫-૦થી હરાવી છે. હવે મેરીકોમ ફાઈનલમાં નોર્ધન આયરલેન્ડનની ક્રિસ્ટીન ઓહરા સાથે રમશે. નોંધનીય છે કે, મેરીકોમ પહેલી વખત કોમનવેલ્થ ગેમમાં રમી રહી છે.

૨૧માં કોમનવેલ્થમાં ભારતને શૂટિંગમાં અત્યાર સુધી ૯ મેડલ મળી ચૂક્યા છે. તેમાં ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. જીતૂ રાય, હિના સિદ્ધુ અને મનુ ભાકરે ગોલ્ડ મેડલ મેળવ્યો છે. મેહુલી ઘોષ અને હિના સિદ્ધુએ એક-એક સિલ્વર મેડલ પણ જીત્યો છે. તે સાથે જ ઓમ મિથરવાલે બે અને અપૂર્વી ચંદેલા અને રવિ કુમારે ૧-૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.

## રોકડ કટોકટી...

**પાના નં.૧ ચાલુ**

માટે તેનો ઉપયોગ થઇ રહ્યો છે કે કેમ. દેશની સૌથી મોટી કરેન્સી અને કદમાં નાની હોવાના કારણે ૨૦૦૦ની નોટને લઇને આ પ્રકારની શંકા ઉભી થઇ રહી છે. આંધ્રપ્રદેશ, તેલંગણા અને મધ્યપ્રદેશમાં પણ રોકડની કટોકટી હવે જોવા મળી રહી છે. જુદા જુદા વિસ્તારોમાં એટીએમમાં પૈસા નથી તેવા બોર્ડ લાગી ગયા છે. એટીએમ પર આવા બોર્ડના કારણે શહેરી વિસ્તારોમાં રહેતા લોકોની સાથે સાથે ગ્રામીણ વિસ્તારમાં લોકોની હાલત વધારે ખરાબ થઇ રહી છે. પૂર્વીય મહારાષ્ટ્ર, બિહાર અને ગુજરાતમાં પણ કેશની કટોકટી જોવા મળી રહી છે. નોટબંધી બાદ મોટા પાયે નોટો સર્કુયલેશનમાં આવી ગયા બાદ કેશની આ કટોકટી ચિંતા ઉપજાવે તેવી છે. નોટબંધી બાદ આશરે પાંચ લાખ કરોડ રૂપિયાની ૨૦૦૦ રૂપિયાની નોટ બજારમાં લાવવામાં આવી હતી. જેના કારણે આ સમસ્યા મોટા ભાગે દુર થઇ ગઇ હબતી. પરંતુ હવે ફરી એકવાર રોકડ કટોકટી સર્જાઇ રહી છે. આ સંબંધમાં બેંકોનુ કહેવુ છે કે આ સકંટ જમાખોરીના કારણે સર્જાયુ છે. આરબીઆઇના ડેટા મુજબ છઠ્ઠી એપ્રિલના દિવેસ ૧૮.૨ લાખ કરોડ રૂપિયાની કરેન્સી સર્કુયલેશનમાં હતી. આ આંકડો નોટબંધી પહેલા જે સ્થિતી હતી તેટલો હતો. નોટબંધી બાદ ફરી એકવાર કેશ પુરવઠો પહેલા જેવો થઇ ગયો હતો. ત્યારબાદ ડિજીટાઇજેશનના કારણે આનો ઉપયોગ પણ ઓછો થઇ ગયો હતો. પરંતુ કરેન્સીની અછત ચિંતા ઉપજાવે તેવી છે. આંધ્રપ્રદેશ અને તેલંગણામાં માર્ચમાં આ ફરિયાદ ઉઠી હતી. એ વખતે એવા હેવાલ આવ્યા હતા કે ફાયનાન્સિયલ રિઝોલ્યુશન એન્ડ ડિપોઝિટ બિલને લઇને ભ્રમની સ્થિતી સર્જાઇ હતી. જેથી નાણાં જમા કરનાર લોકોએ નાણાં ઉપાડી લીધા હતા. ગયા વર્ષની તુલનામાં વર્ષ ૨૦૧૮માં વિડ્રોલમાં ૧૦.૩ ટકાનો વધારો થયો છે.

## દુષ્કર્મ મુદ્દે ...

**પાના નં.૧ ચાલુ**

તો તેના જવાબમાં મનમોહન સિંહએ જણાવ્યું કે તેઓ આ મામલો ગંભીરતાથી લઇ શકતા. શરૂઆતથી તેમને આ મામલો ગંભીરતાથી લીધો હોત તો દોષીઓ જલ્દી પકડાઈ જતા. મનમોહન સિંહ ધ્વારા ૮ વર્ષની બાળકીના બળાત્કાર અને હત્યા પર જણાવ્યું કે જયારે તેમને રિપોર્ટ વાંચી અને બાળકીના પિતાએ કહ્યું કે મારી માસૂમ દીકરીને હિન્દૂ અને મુસલમાન વિશે કઈ જ ખબર ના હતી ત્યારે ખુબ જ દુઃખ થયું હતું.

મનમોહન સિંહ ધ્વારા જણાવવામાં આવ્યું કે આ સાચી વાત છે કે ભાજપા ધ્વારા આખા મામલાને સાંપ્રદાયિક રંગ આપવાની કોશિશ કરી છે. આ કોશિશ ભાજપના બે મંત્રીઓ ધ્વારા કરવામાં આવી. તેમને જણાવ્યું કે સરકારમાં બેઠેલા લોકો પોતાના પદનો દુરુપયોગ કરી રહ્યા છે. તેમને લાગે છે કે તેઓ કાનૂનથી બચી જશે. કાનૂન વ્યવસ્થા સરકારની જવાબદારી છે.

## બેંક ઓફ...

**પાના નં.૧ ચાલુ**

ડુપ્લિકેટ નો ડ્યુ સર્ટી રજૂ કરી જમીન બોજા મુક્ત કરાવી દીધી હતી. તેમજ કમોડી ગ્રામ પંચાયતના તલાટી દ્વારા ૧૩૫ D ની નોટીસમાં બેન્કના ડુપ્લિકેટ સિક્કાનો ઉપયોગ કરી માતા-પુત્રને મદદ કરી હતી. જે બાબતની જાણ બેન્કમેનેજરને થતા તેઓએ દિયોદર પ્રાંત ઓફિસમાં

માતા-પુત્રની નોંધ વિરુદ્ધ બોજા મુક્તિની નોંધ રદ કરાવવા માટે અપીલ કરી હતી. તથા જમીન બીજા નામે ન થાય તે માટે મનાઇ હુકમ મેળવ્યો હતો. જેથી દિયોદર પ્રાંત અધિકારી દ્વારા ૪/૪/૧૮ ના રોજ માતા-પુત્રને રૂબરૂ બોલાવ્યા હતા. પરંતુ તેઓ હાજર ન રહેતા છ એપ્રિલ ૨૦૧૮ ના રોજ પ્રાંતઓફિસ દ્વારા બોજો કાયમ રાખવા હુકમ કર્યો હતો. જેથી ડીસા બેન્ક ઓફ બરોડાના

ચીફ મેનેજર શેઓપાલ છીતરલાલ મીણાએ માતા-પુત્ર તેમજ કમોડી ગ્રામ પંચાયતના તલાટી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા આગથળા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જે ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

## મોદીની બ્રિટનના..

**પાના નં.૧ ચાલુ**

કરવાના પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં બ્રિટનમાં મોદીનું આ નિવેદન ખુબ મહત્વપૂર્ણ છે. મોદી સાથે વાતચીત દરમિયાન બ્રિટિશ વડાપ્રધાન ટેરિઝાએ કહ્યું હતું કે, અમે ભારત અને બ્રિટનના લોકોના હિત માટે સાથે મળીને કામ કરીશું. ત્રણ દેશોની પાંચ દિવસની યાત્રાના ભાગરુપે મોદી ગઇકાલે મોડી રાત્રે સ્ટોકહોમથી સીધીરીતે બ્રિટન પહોંચ્યા હતા. હિથ્રો વિમાની મથકે વિદેશ મંત્રી જોન્સને તેમનું સ્વાગત કર્યું હતું. કોમનવેલ્થ દેશોના નેતાઓની બેઠકમાં ભાગ લેવા માટે મોદી પહોંચ્યા હતા. મોદી બ્રિટનની મહારાણીને મળવા માટે બંકિમહામ પેલેસમાં જનાર છે. તના ઉપર તમામની નજર છે. પ્રિન્સ ચાર્લ્સ સાથે એક્ઝિબિશનમાં ભાગ લેવા પહોંચેલા મોદીએ કહ્યું હતું કે, ભારતનો પાંચ હજાર વર્ષનો ઈતિહાસ છે. આ એક્ઝિબિશનમાં ભારતના પ્રાચીન શહેરોથી લઇને સ્પેશ અભિયાન અને ગણિતના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે. આ એક્ઝિબિશનમાં ભારતના એવા પ્રયોગોને તક આપવામાં આવી છે જેના કારણે દુનિયા બદલાઈ ગઈ છે. આ એક્ઝિબિશન ૨૨મી એપ્રિલ ૨૦૧૮ સુધી ચાલનાર છે.

## ગરમીમાં વધારો...

**પાના નં.૧ ચાલુ**

ઇડરમાં ૪૨, વડોદરામાં ૪૧, સુરતમાં ૪૧, પોરબંદરમાં ૪૧.૫, રાજકોટમાં ૪૨, સુરેન્દ્રનગરમાં ૪૨.૩, મહુવામાં ૪૧.૨, ભુજમાં ૪૧.૨, કંડલા પોર્ટમાં ૪૨.૩ અને કંડલા એરપોર્ટમાં ૪૨.૯ નો સમાવેશ થાય છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ અને લઘુત્તમ તાપમાન ૨૫.૧ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં મહત્તમ તાપમાન આવતીકાલે આજની સરખામણીમાં વધશે નહીં પારો ૪૧ની આસપાસ રહેશે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવાની જરૂરિયાત દેખાઈ રહી છે. ગરમીના પ્રમાણમાં હાલમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં બે-ત્રણ ડિગ્રી સુધીનો વધારો થઇ શકે છે. આવી સ્થિતિમાં લોકોને વધુ ગરમીનો અનુભવનો સામનો કરવો પડી શકે છે. હાલમાં વધતા તાપમાની વચ્ચે પાણીથી ફેલાતી બિમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા હિટવેવને લઈને પગલા લેવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં વધતી ગરમી વચ્ચે વધારે પાણી પીવાની સલાહ નિષ્ણાત તબીબો લોકોને આપી રહ્યા છે.

## દીઓદરમાં રૂર્બન...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે માંડવી ધારાસભ્ય અને કચ્છ જિલ્લા રાજપુત ક્ષત્રિય સભાના પ્રમુખ શ્રી વિરેન્દ્રસિંહ બી.જાડેજા, અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ એમ.જાડેજા તથા અતિથિ વિશેષ પદે દિયોદર સ્ટેટના યુવરાજ દિલીપસિંહ માનસિંહજી વાઘેલા, ઘેલુભા યુ. વાઘેલ (આણંદ), અજયસિંહ જાડેજા (ઈરાણા-કડી) , સહદેવસિંહ પરમાર (મૂળી), જયરાજસિંહ વાળા (એ.એસ.પી. સિધ્ધપુર), જે.જે. રાજપુત (ડી.એફ.ઓ પાટણ) ઉપસ્થિત રહેશે. આ નવમા સમૂહ લગ્નોત્સવમાં ૧૫ યુગલો પ્રભુતામાં ડગ માંડશે. શંકરતીર્થ આશ્રમ આણંદના સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજ, લાલોડા ધામના મહંત શ્રી શિવાનંદજી બાપુ નવદંપતીને આર્શિવાદ આપશે.

## થરા ખાતે...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

આ કેમ્પના સફળ બનાવવા માટે થરા જલારામ મંદિરના સેવકો વિજયભાઈ ઠક્કર (ટેસ્ટીવાળા), નિરંજનભાઈ એ.ઠક્કર, વસંતભાઈ વી.ઠક્કર, લલિતભાઈ કોટક, કનુભાઈ બી. આચાર્ય, ચમનલાલ મકનજીભાઈ ઠક્કર, રાજુભાઈ લાટીવાળા, ચંપકભાઈ સી. ઠક્કર, ઋત્વિક ગોકલાણી, હર્ષદભાઈ શાકભાજીવાળા (કોર્પોરેટર), દિનેશભાઈ સોની, પરષોતમબાપા ઠક્કર, પરેશભાઈ જલિયાણ, ચંપકભાઈ કે. અખાણી, તરૂણભાઈ વી.ઠક્કર, દશરથભાઈ ઠક્કર (ડી.આઈ.), કલ્પેશભાઈ ઠક્કર, હસુભાઈ પૂજારા, સતીષભાઈ પટેલ તેમજ જલારામ ભજન મંડળની બહેનો સર્વ હેતલબેન કોટક, શિલ્પાબેન ઠક્કર, લીલાબેન પટેલ, ઉર્મિલાબેન ઠક્કર, જલ્પાબેન પંડ્યા સહિત સૌ કોઈએ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા. થરા નગરમાં આ પ્રકારનો કેમ્પ સૌપ્રથમવાર થતાં લોકોમાં ખુબ જ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો અને ફરી વખત પણ આ પ્રકારનો કેમ્પ થાય તો અનેક દર્દીઓને લાભ થાય તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી.

## ગણપત યુનિવર્સિટી...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

અને કલાકારો અને રમતવીરોને ખાસ ઈનામો આપી મહેમાનોના હસ્તે સન્માનવામાં આવ્યા હતા, તો સંગીત નૃત્ય અને નાટ્યની સુંદર પ્રસ્તુતી કરી વિદ્યાર્થીઓએ વાર્ષિકોત્સવની ભારે ઉત્સાહપૂર્ણ ઉજવણી કરી હતી.

એમની આ બધી વિશેષ સિધ્ધિઓ માટે ગણપત યુનિવર્સિટીએ આ અવસરે શાલ, પુસ્તકો અને સન્માન-પત્ર અર્પણ કરી વિશેષ સન્માન કર્યું હતું, જેમાં ગણપત યુનિ.ના પ્રો.વીસી આર.કે.પટેલ, સાયન્સ કોલેજના આચાર્ય પ્રો.ડાં.અમિત પરીખ, યુનિ.ના રજિસ્ટ્રાર ડાં.અમિત પટેલ સહિત અનેક ડીન, આચાર્ય હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ્સ, આમંત્રિત મહેમાનો પણ સહભાગી થયા હતા.

સાંજે યોજાયેલ આ વાર્ષિકોત્સવના મુખ્ય સમારોહ પહેલા કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓ (એલ્યુમિનિ સ્ટુડન્ટસ) ની મળેલી મીટિંગમાં દશરથ પટેલ અને તેજસ પટેલની એલ્યુમનિ એસોસિએશનના મંત્રીઓ તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમના કન્વિનર તરીકે આચાર્ય ડાં.અમિત પરીખ અને કો-કન્વિનર તરીકે પ્રો.કો.પ્રીતિ પટેલે પોતાના સહકાર્યકરોને સાથે રાખી વાર્ષિકોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## થરામાં પરશુરામ...

**અનુસંધાન 3 નુ ચાલુ..**

પ્રસાદના દાતા - હીરાબેન પુનમચંદ રાજપુરોહિત થરા, બેનર ના દાતા - લાલજીભાઈ એસ.જોષી, ફૂલ હાર ના દાતા - કમલેશભાઈ ડી.જોષી, કંકોત્રીના દાતા - ગંગારામભાઈ શી.જોષી, બેંન્ડ ના દાતા - પમાભાઈ પી.જોષી, ચા/શરબતના દાતા - સોમાભાઈ ત્રિવેદી ધર્મધજાના દાતા - દક્ષાબેન નારણભાઈ જોષી, વિડીઓ ગ્રાફીના દાતા - સુરેશભાઇ એમ.જોષી, પાણીના દાતા - હરિભાઇ બી.જોષી, અન્ય દાતા - કાંતીભાઇ વી. રાવલ, બળદેવભાઇ વી.રાવલ, ગોપાલભાઇ જેઠાભાઇ દેવચંદભાઇ જોષી, સ્વ. આનંદશંકર પરિવાર, સ્વ. શંકરલાલ જોષી પરિવાર તેમજ અનેક દાતાઓએ ડો.જય રાવલ, ગણપતલાલ જોષી, અશોકભાઈ જોષી, સ્વ.હેતલબેન પ્રહલાદભાઇ ધુડાભાઇ જોષી વગેરેએ નાની મોટી રોકડ રકમ આપી આ શોભાયાત્રામાં સહભાગી બનેલ. ભોજન પ્રસાદ લઇ સૌ ભાવિક ભકતો છુટા પડ્યા હતાં.

આ શોભાયાત્રામાં ભાઈ-બહેનો, બાળકો મોટી સંખ્યામાં જોડાઇ ભગવાન પરશુરામ જયંતિની ઉત્સાહ ભેર ઉજવણી કરી હતી. આયોજન સંચાલન ગોપાલભાઇ જે.જોષી તથા યુવાટીમે વડીલોના માર્ગદર્શન હેઠળ ભારે જહેમત ઉઠાવી કર્યુ હતું.

## ડીસા ડેપોના...

**પાના નં.૮ ચાલુ**

દેસાઈ (રહે.ખેરોલા, તા.ડીસા) ને થતા તેમણે ડ્રાઈવર બળવંતસિંહ લક્ષ્મણસિંહ રાજપૂત (રહે. મોટા, તા. પાલનપુર) ને જાણ કરતા બંનેએ ડીસા ડેપો ને જાણ કરી હતી.આ દરમિયાન અનવરભાઈ એ પણ પોતાનો થેલો બસમાં રહી ગયો હોવાની જાણ ભુજ ડેપો મારફતે કરતાં ડીસા ડેપોના કંડકટર અમ્રતભાઈ અને ડ્રાઇવર લક્ષ્મણસિંહે થેલો તેમની પાસે હોવાની જાણ કરતા તેઓ ને હાશ થઈ હતી.

જેથી બુધવારે અનવરભાઈ પરિવાર સાથે ડીસા ડેપો ખાતે બોલાવી ડેપો મેનેજર કે.કે પરમાર, ટ્રાફિક ઈન્સ્પેક્ટર જે.જે. પંચિવાલા, એટીઆઇ એલ.એ. ચૌહાણ, ટીસી આર.કે. દેસાઈ સહિતના કર્મચારીઓની ઉપસ્થિતિમાં કંડકટર અને ડ્રાઈવરે દાગીના ભરેલો થેલો અનવરભાઇ, રઈમાબેન અને હસીનાબેનને પરત કરતા પરિવાર ભાવવિભોર બની ગયો હતો. બંને મહિલાઓએ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડનાર કંડક્ટર અને ડ્રાઇવરની મોં મીઠું કરાવી ભાઈ સમાન ગણાવ્યા હતા. આ દ્રશ્યથી ઉપસ્થિત તમામ લોકોના હૈયામાં આનંદની હેલી અને આંખોમાં હરખનાં આંસુ છલકાઈ આવ્યા હતા.

એસટી કર્મચારીઓએ ડ્રાઈવર- કંડકટરની પ્રમાણિકતાને બિરદાવી આગામી સમયમાં તેઓનું એસ.ટી વિભાગ અને કર્મચારી યુનિયન દ્વારા પણ સન્માન કરવામાં આવે તેવી લાગણી દર્શાવી હતી.

## ખેડૂતોએ અખાત્રીજે...

**પાના નં.૮ ચાલુ**

ધરતી એ ખેડુતોની માતા છે ત્યારે તેનુ પૂજન કરવું જરૂરી છે.

બદલાતા સમય સાથે તેહજીબ પણ બદલવા માંડી છે પરંતુ આજેય અખાત્રીજના તહેવારની પરંપરાગત ઉજવણી થઈ છે. ત્યારે આજે અખત્રીજ પ્રસંગે મહિલા ખેડૂતોએ પણ પરંપરાગત લોકગીતો ગાઈ ખેતીના ઓજારોની પૂજા કરી હતી. આ ઉપરાંત મહિલા ખેડૂતોએ પણ સ્વીકાર કર્યો હતો કે પહેલા લાકડાના હળની પૂજા કરવામાં આવતી હતી. પરંતુ હવે સમય બદલાતા હળ જગ્યા ટ્રેક્ટરો લઇ લેતા હવે ટ્રેક્ટર સહીત આધુનિક ઓજારોની પૂજા કરવામાં આવે છે અને આ પરંપરાને જાળવી રાખવામાં આવી છે.

આજનો દીવસ ખેડૂતો માટે મહત્વનો છે અને આજે બનાસકાંઠા જીલ્લામાં અનેક જગ્યાએ ધરતી પૂજન અને ખેતીનાં આધુનિક ઓજારોની પૂજા કરવામાં આવી છે.

## વાવના ખીમાણા...

**પાના નં.૮ ચાલુ**

સામ્રાજય છવાઈ ગયું છે. પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. પરંતુ આ જુના ટાંકામાંથી પીવાનું પાણી અપાય છે. જેનું દિવસભર લીકેજ ચાલું રહે છે. જેથી પાણીનો પ્રવાહ વેડફાઈ જાય છે. લોકોને જરૂરિયાત પુરતું પણ પાણી મળતું નથી છેલ્લા બે માસથી ગામમાં પાણીની તીવ્ર અછત વર્તાઈ રહી છે. પાણી વિના પશુધન પણ ટળવળી રહ્યું છે. આ બાબતે ખીમાણા પાદર ગામના મુખીએ પાણી પુરવઠા કચેરી વાવ શાખાના સુપરવાઈઝર પાસે નવીન ટાંકામાં કનેકશન આપવાના મુદ્દે રજૂઆત કરતાં સુપરવાઈઝર અને ગામના મુખી જો કે તૂ... તૂ... મે થતાં સુપરવાઈઝર વિરૂધ્ધમાં પોલીસ ફરિયાદ થવાના ચક્રો ગતિમાન થયા હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે.

## ડીસા સહિત...

**પાના નં.૮ ચાલુ**

બુધવારના દિવસે ડીસાની બજાર ભરચક જોવા મળી હતી. જેથી છેલ્લા કેટલાક માસથી ધંધામાં ચાલી રહેલી મંદીમાં તેજીનો માહોલ વર્તાયો છે લગ્નસરાની સિઝન નો પ્રારંભ થતા મંડપ ડેકોરેશન બેન્ડવાજા ડીજે ફૂલ બજાર કેટરિંગ ડ્રાઈવિંગ ફોટોગ્રાફી સહિત સીધુ-સામાન માં તેલ ઘી તથા કરીયા મા ના વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ઉપરાંત કાર્ડ કવર પ્રિન્ટિંગ રેડીમેન્ટ દુકાનો વસ્ત્ર બજાર પગરખા બજાર સોની બજારમાં પણ ખરીદીમાં ભારે તડાકો પડયો છે સાથે લગ્નની વિધિ કરાવતા કર્મકાંડ બ્રાહ્મણોની પણ ખૂબ સારી એવી માંગ રહેલી જોવા મળી રહી છે જેથી ડીસા સહિત બજારોમાં લગ્નો ની તૈયારીઓમાં જોતરાયેલા લોકોથી ભારે ભીડ જોવા મળી રહી છે.

## કોમનવેલ્થ ગેમ્સ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

સુશીલ કુમાર, બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ, સાક્ષી મલિક, સુમિત જેવા પહેલવાનોએ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યા.

ભારતીય વેટલિફ્ટરોએ કુલ ૯ મેડલ જીત્યા. જેમાં પાંચ ગોલ્ડ, બે સિલ્વર, અને બે બ્રોન્ઝ મેડલ છે. મીરાબાઈ ચાનુ, સંજિતા ચાનુ, પૂનમ યાદવ, સતીશ સિવાલીંગમ, વેંકટ રાહુલે ભારતને ગોલ્ડ જીતાડ્યો.

એથલેટિક્સમાં ભારતને ત્રણ મેડલ મળ્યા છે. નીરજ ચોપડાએ ભાલાફેંકમાં ભારને ગોલ્ડ મેડલ અપાવ્યો. જ્યારે સીમા પુનિયાએ ડિસ્કસ થ્રોમાં સિલ્વર અને નવદીપ ઢિલ્લોએ બ્રોન્ઝ મેડલ જીત્યો. ભારતીય હોકી ટીમનું પ્રદર્શન સારૂં નથી રહ્યું. પુરુષ અને મહિલા બંને હોકી ટીમ બ્રોન્ઝ મેડલ મુકાબલો હારી ગઇ અને ખાલી હાથ પાછા ફર્યા.

# અમેરિકાના જોન ઈસ્નરે પ્રથમવાર ટાઈટલ જીત્યુ

અમેરિકાના ટેનિસ ખેલાડી જોન ઈસ્નરે ત્રણ સેટ સુધી ચાલેલ મુકાબલામાં દમદાર રમતનુ પ્રદર્શન કરતા જર્મનીના એલેક્ઝેન્ડર જેવરેવને હરાવી દીધો. ઈસ્નરે ૬-૭, ૬-૪, ૬-૪થી જીત મેળવી. ઈસ્નરે પ્રથમ વખત મિયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટ જીતી છે. આ પહેલા સુધી એટીપી માસ્ટર્સ ફાઈનલમાં તેમનો રેકોર્ડ ખાસ નહતો, જેને હવે તેમણે સુધારી લીધો છે. ઈસ્નર આ પહેલા ત્રણ વખત ટૂર ફાઈનલમાં હારી ગયો હતો, પરંતુ તેમણે જેવરેવ વિરુદ્ધ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ વાપસી કરીને બે કલાક ૨૯ મિનિટ સુધી ચાલેલ મુકાબલામાં જીત મેળવી.

# કોમનવેલ્થ ગેમ્સઃ ગૌરવે બોક્સિંગમાં અને નીરજે ભાલાફેંકમાં ગોલ્ડ મેડલ જીત્યા

શનિવારે કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના નીરજ ચોપડાએ જાવેલીન થ્રો (ભાલા ફેંક)માં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે. તેણે ૮૬.૪૭ મીટર સુધીનો થ્રો કર્યો હતો. આ સાથે જ તે ભારત તરફથી કોમનવેલ્થ ગેમ્સમાં જાવેલીન થ્રોમાં મેડલ મેળવનાર પ્રથમ ખેલાડી બન્યો છે. નીરજે તેના પ્રથમ પ્રયાસમાં ૮૫.૫૦ મીટર, બીજા પ્રયાસમાં ૮૪.૭૮ મીટર અને અંતિમ પ્રયાસમાં તેણે ૮૬.૪૭ મીટરનો થ્રો કર્યો હતો. નીરજ સાથે અન્ય એક ભારતીય ખેલાડી વીપીન કશ્નાએ ૭૭.૮૭ મીટર સુધી થ્રો કર્યો હતો.

ગૌરવ સોલંકીએ ભારતને બોક્સિંગમાં આજે બીજો ગોલ્ડ મેડલ અપાવ્યો છે. ગૌરવે ૫૨ કિગ્રામમાં બ્રેન્ડનને ૪-૧થી હરાવ્યો હતો. આ ભારતનો ૨૦મો ગોલ્ડ મેડલ છે. આ સાથે ૬૦ કિગ્રામ કેટેગરીમાં મનીષ કૌશિકે સિલ્વર મેડલ જીત્યો છે. ઝઉ૪ ૨૦૧૮માં શનિવારે શૂટર સંજીવ રાજપૂતે ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન્સમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. આ કેટેગરીનો સિલ્વર કેનેડાના જોર્જ સેશ અને બ્રોન્ઝ ઈંગલેન્ડના ડીન બેલે જીત્યો છે.

# કોમનવેલ્થ ગેમ્સ : શૂટર તેજસ્વીનીએ સિલ્વર મેડલ મેળવ્યો

કોમનવેલ્થ ગેમ્સમાં ૮મા દિવસે ભારતીય પહેલવાનની શાનદાર શરૂઆત બાદ શૂટર તેજસ્વીની સાવંતે પહેલો મેડલ અપાવ્યો છે. તેમણે મહિલાઓની ૫૦ મીટર રાઈફલ પ્રોન સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યુ છે. તેજસ્વીની ૬૧૮.૯ અંકની સાથે બીજા સ્થાન પર રહી છે. જ્યારે કે સિંગાપુરની માર્ટિના લિંડસેએ રેકોર્ડ ૬૨૧.૦ અંક મેળવાની ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો હતો. સ્કોટલેન્ડની સઓનેડએ ૬૧૮.૧ અંક સાથે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ સ્પર્ધામાં ભારતની અંજુમ મૌદગિલ ૬૦૨.૨ અંક સાથે ૧૬મા ક્રમે રહી હતી.

૩૭ વર્ષની તેજસ્વીનીએ મેળવેલ સિલ્વર મેડલની સાથે શુટિંગમાં ભારતના કુલ મેડલ્સની સંખ્યા ૧૨ થઈ ગઈ છે. જેમા ૪ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ સામેલ છે. વેઈટ લિફ્ટિંગમાં ભારતે સર્વાધિક ૫ ગોલ્ડ મેડલની સાથે ૯ પદક જીત્યા છે.

આ પહેલા ગુરુવારે ૪માંથી ૩ પહેલવાનો સુશીલ કુમાર, રાહુલ અવારે અને બબીતા કુમારીએ ફાઈનલમાં જગ્યા બનાવતા ભારત માટે સિલ્વર મેડલ પાક્કા કરી લીધા છે. કોમનવેલ્થ ગેમ્સમાં ગુરુવારે ભારતીય પહેલવાનોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. રેસલર સુશીલ કુમારે ૭૪ કિલો ફ્રી સ્ટાઈલ. રાહુલ અવારે ૫૭ કિલો ફ્રી સ્ટાઈલ, બબિતા કુમારીએ ૫૩ કિલો (નાર્ડિક સિસ્ટમ) અને કિરણે ૭૬ કિલો ફ્રી સ્ટાઈલમાં પોતાનો મુકાબલો જીતીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. આ રીતે ભારતના ચાર મેડલ નક્કી થઈ ગયા છે.

# કોમનવેલ્થ ગેમ્સઃ સંજીવ રાજપૂતે ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન્સમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

CWG ૨૦૧૮માં શનિવારે શૂટર સંજીવ રાજપૂતે ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન્સમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો. આ કેટેગરીનો સિલ્વર કેનેડાના જોર્જ સેશ અને બ્રોન્ઝ ઈંગલેન્ડના ડીન બેલે જીત્યો છે. બ્રોન્ઝ મેડલ માટે થયેલા મુકાબલામાં ભારતીય મહિલા હોકી ટીમ ઈંગ્લેન્ડથી ૬-૦થી હારી ગઈ. આ રીતે તે મેડલ ટેલીમાં જગ્યા ન બનાવી શકી. આ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના અત્યાર સુધી ૪૭ મેડલ થઈ ગયા છે. તેમાં ૨૦ ગોલ્ડ છે. ભારતે સૌથી વધુ ૧૬ મેડલ શૂટિંગમાં જીત્યા છે.

સંજીવ રાજપૂતે નીલિંગ (૧૫૦.૫), પ્રોન (૧૫૬.૪) અને સ્ટેન્ડિંગ એલિમિનેશન (૧૪૭.૬) મળીને કુલ ૪૫૪.૫નો સ્કોર બનાવ્યો. આ કોમનવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ પણ છે. સંજીવ પહેલા આ રેકોર્ડ ઈંગ્લેન્ડના ડેનિયલ રિવર્સના નામે હતો. તેમણે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ૪૫૨.૯ અંક હાંસલ કર્યા હતા.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : .....................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..........................................................

સરનામુ : ........................................................

મોકલનારની સહી : ..............................................

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** (કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૪૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૪૦૦ |
| સોનુ તોલો | ૩૨૨૦૦-૩૨૫૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૧૯૦** |
| પામોલીન | ૧૧૭૦ |
| સોયા રીફાઈન | ૧૪૧૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૫૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૭૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૪૭૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૫૫** |
| તિરૂપતી કપા. | ૧૩૫૦ |
| ૫ લીટર | ૪૨૮ |
| વનસ્પતિ ઘી | ૧૦૩૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૫૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૪૫૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૩૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૬૦ |
| ૫ લી. | ૪૦૦ |
| ૨ લી. | ૧૬૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૬૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | ૩૧૦૦-૩૩૦૦ |
| **ખાંડ એમ.** | ૩૪૦૦-૩૬૦૦ |
| ખાંડએલ. | ૩૨૫૦-૩૩૫૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગઠ્ઠા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૦૦ |
| જીરાળુ | ૧૬૮૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૭૮૦ |
| મેંદો | ૭૫૦ |
| શ્રીફળ એમ. | ૧૨૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૮૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી (૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૨૦-૧૮૦ |
| સુકી ડુંગળી | ૧૮૦-૨૦૦ |
| લસણ | ૩૦૦-૭૦૦ |
| ધાણા | ૪૦૦-૫૦૦ |
| મરચાં | ૬૦૦-૮૦૦ |
| લીંબુ | ૧૪૦૦-૧૬૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૮૦૦-૮૪૦ |
| રીંગણ | ૩૦૦-૪૦૦ |
| ટામેટા | ૨૦૦-૨૪૦ |
| **ભીંડા** | **૭૦૦-૭૪૦** |
| કોબી | ૧૨૦-૧૪૦ |
| વટાણા | ૫૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૫૦૦-૮૦૦ |
| ગવાર | ૮૦૦-૧૬૦૦ |
| બાદશાહ બટાકા | ૨૦૦-૩૨૦ |
| **સાંગા બટાકા** | **૨૦૦- ૨૪૦** |
| તુવેર | ૬૦૦-૮૦૦ |

## મહેસાણા આર.ટી.ઓ.માં પીવાના પાણીના અભાવે અરજદારો પરેશાન

મહેસાણા

મહેસાણાની આર.ટી.ઓ. કચેરીમાં પીવાના પાણીના પ્રશ્ને અરજદારો ભારે પરેશાન થઈ રહ્યા છે. કાળઝાળ ગરમીમાં પાણીની તંગી સર્જાતા અરજદારોમાં ભારે રોશની લાગણી ઉદભવી રહી છે.

ગત સોમવારે અસંખ્ય અરજદારો આર.ટી. કચેરીમાં કામકાજ અંગે આવ્યા હતા ત્યારે વર્તમાન ગરમીમાં પીવાના પાણીની વ્યવસ્થા ન હોવાથી અરજદારોમા કચવાટ જોવા મળ્યો હતો. આ અંગે કેટલાક અરજદારોએ કચેરીના અધિકારી સમક્ષ રજુઆત કરી હતી. ત્યારે તેમણે પાણી નિયમિત આવતું ન હોવાનું જણાવ્યું હતું.

જો કે કચેરી દ્વારા અરજદારો માટે પીવાના પાણીની સમસ્યા નિવારવા માટે યોગ્ય થવું જોઈએ. દૂરથી આવતા અરજદારોને પીવાનું પાણી નહિં મળતાં નજીકની હોટલ કે ચાની લારી ઉપર પાણી પીવા જવું પડે છે.

## ઉંઝામાં વીજ ઉપકરણોના અભાવે ખેડૂતોને બીજ જોડાણ આપવામાં વિલંબ

ઉંઝા

ઉંઝા વિસ્તારમાં ટ્રાન્સ ફોર્મર અને વીજ મીટરોના અભાવે છેલ્લા કેટલાક સમયથી એની વીજ જોડાણો આપવામાં ભારે વિલંબ થતાં ઉનાળુ પાક સુકાઈ રહ્યો છે, ત્યારે વીજ મીટરો હલકી ગુણવત્તાવાળા હોવાની આશંકા ખેડૂતોમાં પ્રવર્તિ રહી છે. હલકા મીટરનો પ્રશ્ન તપાસનો વિષય બન્યો છે.જાણવા મુજબ ઉંઝા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ડાર્ક ઝોનમાં વીજ જોડાણ મેળવ્યા બાદ કેટલાય ખેડૂતાના મીટરો બળી જવાના કિસ્સા બન્યા છે.

હાલમાં ઉનાળુ પાક તથા પશુઓ માટે ઘાસ ચારાનું વાવેતર હોવાથી પાણીની વિશેષ જરૂરિયાત ઉભી થઈ છે. આ સંજોગોમાં વીજ મીટરો બળી ગયાં પછી જરૂરી નાણાં વીજ કંપનીમાં ભરવા છતાં નવા વીજ મીટરો આપવામાં તંત્ર દ્વારા ધાંધીયા ઉભા કરવામાં આવી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર વીજ કચેરીમાં મીટરો તથા ટ્રાન્સ ફોર્મરની ભારે અછત ઉભી થઈ છે.

ઉંઝા વિસ્તારમાં ૨૦ જેટલા ટ્રાન્સ ફોમેરોની તથા એક ડઝન ઉપરાંતથી ફીજ મીટરોની જરૂરીયાત ઉભી થઈ છે

આમ વીજ ઉપકરણોના અભાવે વીજ જોડાણમાં વિલંબ થતાં ખેડૂતો માટે ભારે ચિંતાનો વિષય બન્યો છે. હલકા વીજ મીટરોનું કૌભાંડ હોવાની આશંકા ચર્ચાસ્પદ બની છે.

## ઉંઝા એસ.ટી. બસ સ્ટેન્ડમાં પોલીસની ગેરહાજરીથી અસામાજીક તત્વોને મોકળુ મેદાન

ઉંઝા

વેપારી મથક અને યાત્રાધામ ઉંઝા શહેરના એસ.ટી. બસ સ્ટેશનમાં છેલ્લા કેટલાયે વખતથી પોલીસની ગેર હાજરીના અભાવે ખિસ્સા કાતરૂઓ, ગઠિયાઓ તેમજ ગુનેગાર તત્વોને મોકળું મેદાન મળતાં હમણાંથી મુસાફરોના ખિસ્સા હળવા થવાના કિસ્સાઓ વધી જતાં મુસાફરોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

આજે ઉંઝા માર્કેટયાર્ડની વેપારી પેઢીમાં મજૂર તરીકે કામ કરતા મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાના મારવાડી જેસારામ ગિરધારીરામ રૂપિયા ૯૯ હજારની રોકડ રકમ લઈને વતનમાં જવા માટે સવારના સમયે ઉંઝા બસસ્ટેશને ગયા હતા. જ્યાં સવારે સાડા નવ વાગ્યાના સુમારે ગુજરાત એસ.ટી.ની અમદાવાદ-નાકોડા રૂટની આંતર રાજ્ય બસમાં ચઢવા જતાં મુસાફરોની ભીડનો ગેરલાભ ઉઠાવીને કોઈ ગઠિયો મારવાડીના ખિસ્સામાંથી રૂપિયા ૯૯ હજાર રોકડ રકમની ઉઠાંતરી કરી હતી.

ખિસ્સા કાતરૂનો ભોગ બનેલ ગરીબ મજૂર ફરિયાદ નોંધાવવા માટે ઉંઝા પોલીસ મથકે ગયા હતા પરંતુ પોલીસે ચોરીનો ગુનો નહીં નોંધીને માત્ર અરજીનાં આધારે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. દરમિયાન ગઈકાલે પણ ઉંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં ઉંઝાથી ખેરાલુ જવા માટે નીકળેલ એક મહિલા કર્મચારીના મોબાઈલ ફોનની કોઈએ ચોરી કરી હોવાનો બનાવ બન્યો હતો.

## પાટણ જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી તરીકે વરણી


કમલ ચક્રવર્તી

(પ્રતિનિધિ) રાધનપુર

રાજયના ભૂતપૂર્વ મંત્રી અને પાટણ-બનાસકાંઠાના લોકપ્રિય નેતા સ્વ.ખોડિદાનભાઈ ભીમજીભાઈ ઝુલાના પૌત્ર આદિત્ય પ્રકાશભાઈ ઝૂલાની પાટણ જિલ્લા યુથ કોંગ્રેસના મહામંત્રી તરીકે યુથ કોંગ્રેસના પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત દ્વારા વરણી કરવામાં આવતા તેમણે પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત સાથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાની શુભેચ્છા મુલાકાત લઈને પક્ષના સંગઠનની જવાબદારી પક્ષને વફાદાર રહીને પાટણ જિલ્લાના કોંગ્રેસ સંગઠનને મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## બેટી બચાવો અભિયાન સાથે વિકલાંગની દિલ્હીથી મુંબઈની સફર


સતીષ ભટ્ટ

હિંમતનગર

માણસ આમ તો પોતાની શારીરીક અક્ષમતા હોવા છતાં પણ ક્ષમતા એક ધ્યેય સાથે રજુ કરે ત્યારે તે શારીરક સામાન્ય માણસને પણ નબળો હોવાનો અહેસાસ કરાવી દે છે, નવી દીલ્હીના બંને પગે દીવ્યાંગ વિનોદ ઠાકુરે દીલ્હીના ઈન્ડીયા ગેટ થી મુંબઈના ગેટ વે ઓફ ઈન્ડીયા સુધીની સફર બેટી બચાવો અભીયાન સાથે વ્હીલ ચેર પર શરુ કરી છે અને તે હાલ ગુજરાત પહોંચ્યો છે.

ઈશ્વરે ન્યુ દીલ્હીના રહેવાસી એવા દીવ્યાંગ વિનોદ ઠાકુરને બંને પગ ની જન્મ થી જ ખોટ આપી છે પણ તેના દીલો દીમાગમાં ભરપુર સાહસ અને ક્ષમતા ભરી આપી છે અને તેના પરીણાંમે તે દીવ્યાંગ હોવા છતાં પણ સાહસીક છે. હાલમાં બાળકીઓ પર બળાત્કાર થઈ રહ્યા છે અને જેને લઈને તે પોતે પણ મન થી વ્યથીત છે અને તેણે શરુ કરી છે બેટી બચાવ અભીયાનની અને આ અભીયાન હેઠળ તેણે દીલ્હી થી મુંબઈ સુધીની સફર પોતાની વ્હિલચેરમાં શરુ કરી છે. તે સાંજે અને વહેલી સવારે વ્હીલચેરમાં બેટી બચાવ અભીયાન સાથે સફર ખેડે છે. વિનોદ ઠાકુરે દીવ્યાંગ હોવા છતાં પણ તેનામાં રહેલી અનેક ક્ષમતાઓને લઈને તે દેશભરમાં પ્રસિધ્ધ પણ અને તે અનેક સાહસો અને કુદરતી કલાઓને લઈને પ્રચલિત પણ છે. વિનોદ ઠાકુર સાથે બે કિશોરીઓ એ પણ સાથ પુરાવ્યો છે અને તે બંને પણ શક્ય હોય તેટલુ તેમની વ્હીલ ચેર સાથે વારાફરતી ચાલીને વિનોદના અભીયાનને ટેકો અને સાહસ પુરુ પાડી રહી છે. વિનોદ ઠાકુર પોતે હાલમાં દેશમાં થઈ રહેલા બળત્કારો ના સમાચારો સાંભળીને વ્યથિત છે અને તેણે આ માટે સરકારો ને જવાબદાર માનવા કરતા લોકોને સામાજીક ગંભીરતા નો અભાવ હોવાને જવાબદાર ગણાવી છે અને લોકો એ જાગૃત થઈ સમાજમાં રહેલા વિકૃતોને પ્રત્યે સભાન થવાની જરુર ગણાવી છે. વિનોદ હાલમાં વ્હીલ ચેર મારફતે ગુજરાતમાં પહોંચ્યો છે. રાજસ્થાનથી સાબરકાંઠામાં પહોંચતા તેનુ દીવ્યાંગોએ સ્વાગત કર્યુ હતુ અને અમદાવાદ તરફ જવા વિદાય આપી હતી. વિનોદ ઠાકુર સાથે રહેલી કિશોરીઓએ પણ બેટી બચાવો અને બેટીઓની સુરક્ષા ને લઈ?ને વિનોદ ઠાકુરની સાથે સાથ પુરાવી રહી હોવાનુ જણાવ્યુ હતુ.

દીવ્યાંગ હોવા છતાં મન થી મક્કમતા સમાજમાં જાગૃતી ફેલાવવા માટે સાહસ શરુ કર્યુ છે અને તે સાહસ પણ કઠણાઈ થી કમ નથી પરંતુ સાહસને પણ અપેક્ષા સમાજ પાસે છે કે સમાજ પણ પોતાની જવાબદારી દીકરીઓ પ્રત્યે નિભાવી દે તો રેલીઓ યોજી રોષ દર્શાવવાની જરુર ના રહે.

## રાધનપુરના મહેમદાવાદમાં ત્રિ-દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમદાવાદ ગામે શ્રી રામદેવપીરનો ત્રિ-દિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો સોમવારથી શુભારંભ થવા પામ્યો હતો.શ્રી રામદેવપીર મિત્રમંડળ અને સમસ્ત મહેમદાવાદ ગ્રામજનો દ્વારા આયોજિત આ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે દીપ-પ્રાગટ્ય, યજ્ઞોપવિત ધારણ, ગણપતિ પૂજન,માતૃકા પૂજન, સ્થાપિત દેવોની પૂજા,અગ્નિ સ્થાપન, સ્થાપિત દેવોનો હવન, સાયં આરતી તેમજ પ્રસાદ જેવા ધર્મસભર કાર્યક્રમો યોજાયા હતા.જયારે મંગળવારે બીજા દિવસે કુટિર હોમ, જળયાત્રા,શોભાયાત્રા,જલાધિ વાસ,પુષ્પાધિવાસ,અને રાત્રે સંતવાણી જેવા કાર્યક્રમો યોજાયા હતા.આજે બુધવારે પુર્ણાહુતી પ્રસંગે ૧૨.૩૯ કલાકે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા,કળશ પ્રતિષ્ઠા, ધ્વજા આરોહણ, મૂર્તિપૂજન, મુર્તિન્યાસ, ઉત્તર તંત્ર, શ્રીફળહોમ, મહાઆરતી અને મહાથાળ જેવા કાર્યક્રમો યોજાશે, જેનો લાભ મહેમદાવાદ ગામના લોકો ઉપરાંત આજુ-બાજુના ગામના લોકો પણ લઈ રહ્યા છે.

## પાટણ સિવિલ હોસ્પિટલની છીનવાયેલી સુવિધા પુનઃ ઉપલબ્ધ બને માટે સદબુદ્ધિયજ્ઞ કરવામાં આવ્યો

પાટણ

આ માટે સદબુદ્ધિ પ્રાપ્ત થાય તેવા આશય થી ૧૪૨ મા સોમવારે સિવિલ હોસ્પિટલનાં મુખ્ય ગેટ પાસે સદબુદ્ધિયજ્ઞ કરવામાં આવ્યો હતો. યજ્ઞ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ લાલેશ ઠક્કર, પૂર્વ પાલિકા પ્રમુખ જાગૃતિબેન પટેલ, હુસેનમીયા સૈયદ યાસીન મિંઝા ચેતનાબેન પ્રજાપતિ, અલ્કેશ દેસાઈ, સહિત પાલિકાના

કોર્પોરેટરો, કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો સહીત પ્રબુદ્ધ નગરજનો ઉપસ્થિત રહી આહુતિ અર્પિત કરી ભાજપ સરકારને સદબુદ્ધિ મળે અને સિવિલ હોસ્પિટલમાં સુવિધાઓ પુનઃઉપલબ્ધ બને તેવી પ્રાર્થના કરી હતી. હવનની શાસ્રોકત વિધી જયેશભાઈ પંડ્યાએ કરાવી હતી.

## હારિજ ખાતે એક્યુપ્રેસર સારવાર કેમ્પનું દિવ્ય વાતાવરણમાં થયેલ ઉદ્ઘાટન

હારિજ

હારિજ ખાતે ભારત વિકાસ પરિષદ અને ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫/૪/૨૦૧૮ રવિવારથી તાઃ ૧૯/૪/૨૦૧૮ ગુરુવાર એમ પાંચ દિવસ માટે રાજસ્થાન હનુમાનગઢની ડૉ.રામમનોહર લોહિયા આરોગ્ય જીવન સંસ્થાન દ્વારા એક્યુપ્રેસર, સુજૌક અને મેગ્નેટ પધ્ધતિનો સારવાર કેમ્પ શરૂ થયેલ છે. આ સંસ્થાના ડૉ.કે.એલ.લોહિયા અને ડૉ.ગોવિંદસિંહ સહિતની સમગ્ર ટીમ ખુબ જ સારી રીતે દર્દીઓને તપાસીને યોગ્ય સારવાર આપે છે.

હારિજ ખાતે પ્રથમ દિવસે સારવાર કેમ્પનું દીપપ્રાગટ્ય કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન અવસરે હારિજ શાખાના ભારત વિકાસ પરિષદ અને ગાયત્રી પરિવારના સક્રિય ભાઈઓ-બહેનો અને હોદ્દેદારો ખાસ હાજર રહ્યા હતા. આ પ્રસંગે સતીષભાઈ જીનવાળા, અમૃતભાઈ હાલાણી, ભરતભાઈ સી. ઠક્કર, કિશોરભાઈ, ડૉ.સૂર્યકાંતભાઈ, કનૈયાલાલ ડી.ઠક્કર, રાજેન્દ્રભાઈ અખાણી, ભરતભાઈ વી.ઠક્કર, મંજુલાબેન રાવલ સહિત વિવિધ અગ્રણીઓએ ખાસ હાજર રહી કેમ્પનું ઉદ્ઘાટન કરાવ્યું હતું.

પ્રથમ દિવસે બપોર પહેલાં જ અંદાજે ૬૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લેતાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. આ કેમ્પના પ્રેરક અને માર્ગદર્શક ડીસાના ભગવાનભાઈ બંધુએ હારિજની ભારત વિકાસ પરિષદ તેમજ ગાયત્રી પરિવારની ટીમને ખાસ અભિનંદન આપી સારવાર કેમ્પ માટે શુભકામનાઓ પાઠવી હતી. તા. ૨૧/૪/૨૦૧૮ શનિવારથી તાઃ૨૫/૪/૨૦૧૮ બુધવાર સુધી આ સારવાર કેમ્પનું શિહોરી રઘુવંશી લોહાણા મહાજનવાડી ખાતે પણ આયોજન કરવામાં આવેલ છે. મે તેમજ જુન-૨૦૧૮ ના મહિનામાં આ સારવાર કેમ્પ પાટણ, દિયોદર, ધાનેરા, ખોડા(કાંકરેજ), ખીમાણા, પાંથાવાડા, દાંતીવાડા, પાલનપુર, સિધ્ધપુર, ખેરાલુ, મહેસાણા સહિત વિવિધ સ્થળોએ ગોઠવાય અને દર્દીઓને વધારે ને વધારે રાહત થાય તે માટે જરૂરી ચર્ચા વિચારણા કરી આયોજન કરાનાર છે.

## પાટણ જિલ્લામાં આધાર નોંધણી માટે વધારાની કીટ્સ નક્કી કરાઈ

પાટણ

પાટણ જિલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લામાં આધાર નોંધણી તથા સુધારા-વધારા કરવા માટે કલેકટર કચેરી તથા મામલતદાર કચેરી સિવાય પાટણ જિલ્લામાં ૧૭ પોસ્ટ ઓફિસમાં આધાર નોંધણીની કીટ્સકાર્યરત છે. પાટણ શહેરમાં હેડ પોસ્ટ ઓફિસ, સીટીપોસ્ટ ઓફિસ, રાજકાવાડા પોસ્ટ ઓફિસ,ત્રી ગેટ પોસ્ટ ઓફિસ, સિદ્ધરાજ રોડ પોસ્ટ ઓફિસ, એચ.એન. જી.યુ. પોસ્ટ ઓફિસ, પાટણ તાલુકાના બાલીસણા, મણુંદ અને રણુંજ પોસ્ટ ઓફિસ, ચાણસ્મા તાલુકાના ચાણસ્મા પોસ્ટ ઓફિસ, હારીજ તાલુકાની હારીજ પોસ્ટ ઓફિસ, રાધનપુર તાલુકાની રાધનપુર પોસ્ટ ઓફિસ, સમી તાલુકાની સમી પોસ્ટ ઓફિસ, સાંતલપુર તાલુકાની સાંતલપુર અને વારાહી પોસ્ટ ઓફિસ, સિધ્ધપુર તાલુકાની સિધ્ધપુર પોસ્ટ ઓફિસ ખાતે આધાર નોંધણી માટે કીટ્સ ફાળવવામાં આવેલ છે.

જેઓ દ્વારા તમામને આધાર નોંધણી તથા સુધારા વધારાની કામગીરી કરવામાં આવે છે. કોઈ ફરિયાદ હોય તો એ.એસ.પી., પાટણ હેડ પોસ્ટ ઓફિસના મોબાઈલ નંબર ૯૯૨૪૭ ૮૪૮૪૯ઉપર સંપર્ક કરવો.

બેંકોમાં ૧૪ આધાર નોંધણી માટે કીટ્સો ચાલુ છે. નક્કી કરેલ બેંકોમાં આધાર નોંધણી તથા સુધારા-વધારા કરવામાં આવે છે. કોઈ ફરિયાદ હોય તો લીડ બેંક મેનેજરશ્રીના મોબાઈલ નંબર ૯૪૨૯૧ ૦૨૩૦૧ નોસંપર્ક કરવો.

આંગણવાડીના બાળકો માટે (૦ થી ૫ વર્ષ) સુધીની આધાર નોંધણી માટે પ્રોગ્રામ ઓફિસર, આઈ.સી.ડી.એસ.ને૩૩ટેબલેટ ફાળવવામાં આવેલ છે. જેઓ દ્વારા બાળમંદિરોમાં આધાર નોંધણી તથા સુધારા-વધારા બાયોમેટ્રિકગ્રાફીની કામગીરી કરવામાં આવે છે. કોઈ ફરિયાદ હોય તો પ્રોગ્રામ ઓફિસર, આઈ.સી.ડી.એસ.ના મોબાઈલ નંબર ૯૯૭૯૩ ૩૯૦૯૩ઉપર સંપર્ક કરવો.પ્રાથમિક શિક્ષણ વિભાગના બાળકોની આધાર નોંધણી માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને ૧૨ કીટ્સ ફાળવવામાં આવેલ છે. જેઓ દ્વારા પ્રાથમિક શાળામાં આધાર નોંધણી તથા સુધારા-વધારા બાયોમેટ્રિકગ્રાફીની કામગીરી કરવામાં આવે છે. તેઓ દ્વારા શાળાઓમાં કેમ્પ કરી કામગીરી કરવામાં આવે છે. કોઈ ફરિયાદ હોય તો જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના મોબાઈલ નંબર ૯૯૦૯૯ ૭૧૬૯૨ઉપર સંપર્ક કરવો.

માધ્યમિક શિક્ષણ વિભાગના બાળકોની આધાર નોંધણી માટે જિલ્લા શિક્ષણાધિકારીને ૨ કીટ્સફાળવવામાં આવેલ છે. જેઓ દ્વારા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓની આધાર નોંધણી તથા સુધારા વધારાની કામગીરી કરવામાં આવે છે. તેઓ દ્વારા માધ્યમિક શાળાઓમાં કેમ્પ કરી કામગીરી કરવામાં આવે છે. કોઈ ફરિયાદ હોય તો જિલ્લા શિક્ષણ અધિકારીના મોબાઈલ નંબર ૯૯૦૯૯ ૭૦૨૨૨ ઉપર જાણ કરવી. જો ખાનગી સ્થળોએ આધાર નોંધણી થતી હોય તો જિલ્લા નોડલ અધિકારી (યુ.આઈ.ડી.) અને નિવાસી અધિક કલેક્ટરને જાણ કરવા જણાવાયું છે.

## બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓને લાભ લેવા માંગતા ખેડૂતોએ અરજી કરવી

પાટણ

વર્ષ ૨૦૧૮-૧૯ (ચાલુ વર્ષ) માટે બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓને લાભ લેવા માંગતા સામાન્ય જાતિ, સામાજીક અને શૈક્ષણીક પછાત જાતિ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિના ખેડૂતોએ http://ikhedut.gujarat. gov.in વેબસાઈટ (આઈ ખેડુત પોર્ટલ) પર તમામ યોજનાઓ માટે તા. ૦૬/૦૪/૨૦૧૮ થી ૦૫/૦૫/૨૦૧૮ (દિન -૩૦) સુધી અરજી કરી શકાશે. વધુમાં અરજી સાથે જરૂરી સાધનિક પુરાવાઓ (૭/૧૨, ૮-અ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ) નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ૩૩૩-૩૩૬, તિરુપતિ માર્કેટ, બગવાડા દરવાજા, બસ સ્ટેશન પાછળ, પાટણ (ફો. ૦૨૭૬૬-૨૩૦૨૪૫) ને સમયસર પહોચતી કરવા નાયબ બાગાયત નિયામકશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગૌરીમૈયા દેવસ્થાન ટ્રસ્ટ ઉપક્રમે ચંન્દ્રુમાણા ખાતે સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ યોજાયો



પાટણ

પાટણ તાલુકાના ચંન્દ્રુમાણા ખાતે શ્રી ગૌરી મૈયા દેવસ્થાન ટ્રસ્ટના ઉપક્રમે સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ચંન્દ્રુમાણા સહિત નજીકના ગામોના મળી ૨૫૦ ઉપરાંત દર્દીઓને નિશુલ્ક નિદાન અને સારવાર અપાઈ હતી.

કેમ્પમાં પાટણના ખ્યાતનામ તબીબ સર્વેરી ડૉ.સંદિપ એસ. પટેલ એમ.ડી.-મેડીસીન, ગાયનેક ડૉ.જય જી.પટેલ, ઓર્થોપેડીક ડૉ.હિતેન્દ્ર આર.પટેલ, બાળ રોગ નિષ્ણાંત ડૉ.હિરેન કે.પટેલ, આંખના સર્જન ડૉ.તારક એસ.મહેતા અને ડેન્ટીસ્ટ ડૉ.હર્ષિત બી.પંડ્યાએ સેવા આપી હતી.

દેવસ્થાન ટ્રસ્ટના પ્રમુખ શ્રી લાભશંકર એન.વ્યાસ, લાલજીભાઈ ડી.પટેલ, પ્રમોદભાઈ વ્યાસ, રામજીભાઈ પટેલ, મૂળશંકર વ્યાસ, મૌલિક પટેલ, મનુ પટેલ, અનિલ પટેલ, ધવલ વ્યાસ, વિષ્ણુભાઈ વ્યાસ, હરીભાઈ દવે, હરનારાયણ વ્યાસ, અનિલ વ્યાસ, ભરતભાઈ રાવલ વગેરેએ સહયોગ આપ્યો હતો.

## પાટણ ખાતે ૧૨૭ મી ડૉ.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે ઠંડી છાશ-ઠંડા પાણીનો સેવા કેમ્પ યોજાયો



પાટણ

ધ નોલેજ ઓફ સિમ્બોલ, ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતિ ઉજવણીના ભાગરૂપે દર સાલની જેમ ચાલું સાલે પણ બગવાડા સમાજ કલ્યાણ ટ્રસ્ટ, પાટણ દ્વારા સુભાષ ચોક તેમજ બગવાડા દરવાજા-પાટણ ખાતે રેલી તેમજ રથયાત્રા માટે ઠંડી છાશ-ઠંડા પાણીના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પની મુલાકા લેવા પાટણના ધારાસભ્યશ્રી કિરીટભાઈ પટેલ, લાલેશ ઠક્કર, ગોપાલભાઈ રાજપૂત, ભરતભાઈ ભાટીયા, પ્રકાશભાઈ અમિનતેમજ સમાજના અન્ય આગેવાનો સાથે આવ્યા હતા. અને

આ કેમ્પના માનવ સેવા કરતાં બગવાડા સમાજ કલ્યાણ ટ્રસ્ટના તમામ સભ્યોને જોઈ પ્રભાવિત થયા હતા અને કેમ્પની સેવાનો લાભ લીધો હતો. સાથે સાથે સમાજના દરેક વ્યક્તિઓએ આ કેમ્પમાં ઠંડી છાશ-ઠંડા પાણીની સેવાનો લાભ લીધો હતો.

## ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત સામાજિક ન્યાય દિન પ્રવચનનું જીવંત પ્રસારણ કરી ઉજવણી



પાટણ

ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મજયંતી પ્રસંગે બપોરે ૧૩.૩૦ કલાકે છત્તીસગઢના જબલપુરથી માન.પ્રધાનમંત્રીશ્રીના પ્રવચનનું જીવંત પ્રસારણ કલેકટર કચેરી વિડીયો કોન્ફરન્સ હોલ,પાટણ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂની અધ્યક્ષતામાં નિહાળવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત પાટણ, જિલ્લા સમાજસુરક્ષા અધિકારીશ્રી, નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણના કર્મચારીતેમજ સરકારી કુમાર તથા કન્યા છાત્રાલય અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર જીવંત પ્રસારણ નિહાળ્યો હતો.

## વિવિધ બજાર ભાવ

| થરાદ | | | |
|---|---|---|---|
| | | સુવા | ૭૫૦-૮૧૧ |
| ઈસબગુલ | ૧૨૫૦-૧૫૦૦ | ચિકુડી | ૧૪૩૦-૧૪૮૦ |
| રાયડો | ૬૮૦-૭૧૧ | એરંડા | ૭૫૫-૭૬૦ |
| જીરુ | ૨૫૦૦-૨૯૩૦ | મેથી | ૫૦૦-૧૧૩૧ |
| રજકાબાજરી | ૩૫૦-૩૭૦ | ગવાર | ૭૨૦-૭૩૧ |
| અસેળીયો | ૬૫૦-૭૦૦ | મગ | ૮૫૦-૯૪૦ |
| બાજરી | ૨૬૦-૨૯૨ | મઠ | ૫૧૦-૫૪૦ |
| ઘઉં | ૨૮૦-૩૫૦ | રાજગરો | ૭૫૦-૮૦૦ |